RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 14 Issue : 217 Dt. 29-11-2024 Page : 08 Price : Rs 3




Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

## બાંગ્લાદેશમાં હિન્દુઓ પર વધ્યુ સંકટ

### સંસદમાં વિદેશ મંત્રી આપશે માહિતી : ઢાકા અને ચિત્તાગોંગમાં ફાટી નીકળી હિંસા



નવીદિલ્હી, તા. ૨૮

ગુરુવારે વિદેશપ્રધાન એસ જયશંકરે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને બાંગ્લાદેશમાં હિન્દુઓ વિરુદ્ધ વધી રહેલી હિંસા વિશે માહિતી આપી હતી. સંસદમાં આ માહિતી એવા સમયે આપવામાં આવી જ્યારે બાંગ્લાદેશમાં હિન્દુ લઘુમતીઓ ૫ ઓગસ્ટે શેખ હસીનાની અવામી લીગ સરકારના પતન પછી ૨૦૦ થી વધુ હુમલાઓના નિશાન પર છે. બાંગ્લાદેશની સ્થિતિ ઉપરાંત, જયશંકરે તેમની તાજેતરની ઇટાલી મુલાકાતની વિગતો શેર કરી, જ્યાં તેમણે ૨૪ થી ૨૬ નવેમ્બર દરમિયાન G7 વિદેશ મંત્રીઓની બેઠક આઉટરીચ સત્રમાં ભાગ લીધો હતો. ઇટાલીમાં તેમના રોકાણ દરમિયાન, તેઓ યુએસ સ્ટેટ સેક્રેટરી એન્ટોની બ્લિંકન અને યુકે, ફ્રાન્સ અને યુક્રેન જેવા દેશોના તેમના સમકક્ષો સહિત અનેક અગ્રણી આંતરરાષ્ટ્રીય વ્યક્તિઓને મળ્યા હતા.

બાંગ્લાદેશમાં હિંદુ સમુદાય, જે દેશની ૧૭૦ મિલિયન વસ્તીના લગભગ ૮% હિસ્સો ધરાવે છે, આ હુમલાઓને કારણે પોતાને ગંભીર જોખમમાં મૂકે છે. રાષ્ટ્રધ્વજનું કથિત અપમાન કરવા બદલ ઢાકા એરપોર્ટ પર હિન્દુ સાધુ ચિન્મય કૃષ્ણ દાસ બ્રહ્મચારીની ધરપકડથી તણાવ વધુ વધી ગયો છે. બ્રહ્મચારીની ધરપકડ બાદ તેમના સમર્થકો દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું, જે ઢાકા અને ચિત્તાગોંગમાં હિંસક બન્યું હતું, જેના કારણે સુરક્ષા દળો સાથે અથડામણ થઈ હતી. બ્રહ્મચારીની ધરપકડના વિરોધ દરમિયાન ચિત્તાગોંગની એક કોર્ટની બહાર એક મુસ્લિમ વકીલની દુ:ખદ હત્યા કરવામાં આવી હતી. પોલીસે સીસીટીવી ફૂટેજ દ્વારા હત્યા સાથે સંકળાયેલા છ શકમંદોની ધરપકડ કરી છે. વધુમાં, અવામી લીગના સભ્યો સહિત ઓછામાં ઓછા 30 લોકોની તોડફોડ અને પોલીસ અધિકારીઓ પર હુમલાના આરોપમાં અટકાયત કરવામાં આવી છે.

### યુનુસ સરકાર લઘુમતીઓ પર હુમલા રોકવામાં નિષ્ફળ

આ કિસ્સાઓ ત્યારે પ્રકાશમાં આવ્યા છે જ્યારે ઓગસ્ટમાં વિદ્યાર્થીઓના નેતૃત્વમાં હિંસક આંદોલનને કારણે તત્કાલિન વડાપ્રધાન શેખ હસીનાએ વડાપ્રધાન પદેથી રાજીનામું આપીને ભારત ભાગી જવું પડ્યું હતું. આ પછી, બાંગ્લાદેશની સેનાએ થોડા સમય માટે સરકારની કમાન સંભાળી અને પછી નોબેલ પુરસ્કાર વિજેતા મોહમ્મદ યુનુસના નેતૃત્વમાં વચગાળાની સરકારની રચના કરવામાં આવી. જો કે, યુનુસ સરકાર પર હિંદુઓ અને અન્ય લઘુમતી સમુદાયો પર હુમલા રોકવામાં નિષ્ફળ હોવાનો આરોપ લગાવવામાં આવી રહ્યો છે.

### મમતા બેનર્જીએ મોદી સરકારને સાથ આપવાનો કર્યો હુંકાર



પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ ગુરુવારે પાડોશી દેશ બાંગ્લાદેશની વર્તમાન સ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. જો કે, તેણીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે તે આ બાબતે કોઈ ટિપ્પણી કરવા માંગતી નથી. કારણ કે આ અન્ય દેશ સાથે સંબંધિત મામલો છે. મમતા બેનર્જીએ વિધાનસભામાં સ્પષ્ટ કર્યું કે આ મુદ્દો કેન્દ્ર સરકારે ઉકેલવો પડશે અને રાજ્ય સરકાર કેન્દ્રના નિર્ણયનું પાલન કરશે. ઈસ્કોન (ઈન્ટરનેશનલ સોસાયટી ફોર ક્રિષ્ના કોન્શિયસનેસ)ના સંત ચિન્મય કૃષ્ણ દાસ બ્રહ્મચારીની ધરપકડ પર પ્રતિક્રિયા આપતા મમતા બેનર્જીએ કહ્યું કે તેમણે નરેન્દ્ર મોદી સરકારનો વિરોધ કર્યો છે અને આ મુદ્દે તેઓએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી નો સાથ આપવા માટે પણ આશ્વાસન આપ્યું છે.



## હેમંત સોરેન ચોથી વખત ઝારખંડના મુખ્યમંત્રી પદે

### બિરસા મુંડાની તસવીર સાથે વ્યક્ત કરી લાગણી : ઝારખંડના પૂર્વ સીએમ શિબુ સોરેન, રૂપી સોરેન, પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી, અરવિંદ કેજરીવાલ, ભાગવત માન રહ્યા ઉપસ્થિત

નવીદિલ્હી તા. ૨૮

જેએમએમના કાર્યકારી અધ્યક્ષ હેમંત સોરેને આજે ચોથી વખત ઝારખંડનો હવાલો સંભાળ્યો છે. હેમંત સોરેને ઝારખંડની રાજધાની રાંચીના મોરહાબાદી મેદાન ખાતે આયોજિત ભવ્ય શપથ ગ્રહણ સમારોહમાં ઝારખંડના ૧૪મા મુખ્યમંત્રી તરીકે શપથ લીધા. ઝારખંડના રાજ્યપાલ સંતોષ કુમાર ગંગવારે હેમંત સોરેનને મુખ્યમંત્રી તરીકે પદ અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા.

શપથ લેતા પહેલા હેમંત સોરેને ઝારખંડના લોકોને જોહર કહ્યા અને આજનો દિવસ ઐતિહાસિક દિવસ ગણાવ્યો. તેમણે આ દિવસને રાજકીય રીતે વિશેષ ગણાવ્યો અને કહ્યું કે આપણી એકતા આપણું સૌથી મોટું શસ્ત્ર છે. હેમંત સોરેને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ડ પર ભગવાન બિરસા મુંડાની તસવીર સાથે પોતાની લાગણી વ્યક્ત કરી હતી. આ સાથે સીએમ હેમંત સોરેને રાજ્યની જનતાને એક ખાસ સંદેશ આપ્યો છે.

શપથ ગ્રહણ સમારોહમાં ઈન્ડિયા બ્લોકના ઘણા અગ્રણી ચહેરાઓએ ભાગ લીધો હતો અને હેમંત સોરેનને ચોથી વખત મુખ્યમંત્રી બનવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. હેમંતના શપથ ગ્રહણ સમારોહમાં ઝારખંડના પૂર્વ સીએમ શિબુ સોરેન, રૂપી સોરેન, પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી, અરવિંદ કેજરીવાલ, ભાગવત માન, લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી, યુપીના પૂર્વ સીએમ અખિલેશ યાદવ, કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ હાજરી આપી હતી. સોરેન, બિહારના પૂર્વ ડેપ્યુટી સીએમ તેજસ્વી યાદવ, પૂર્ણિયાના સાંસદ પપ્પુ યાદવ, કર્ણાટકના ડેપ્યુટી સીએમ ડીકે શિવકુમાર, દીપાંકર ભટ્ટાચાર્ય, સુપ્રિયા શ્રીનેત, સીએમ હેમંત સોરેનના શપથ ગ્રહણ સમારોહમાં તારિક અનવર સહિત ઘણા દિગ્ગજોએ ભાગ લીધો હતો.

શપથ ગ્રહણ સમારોહ માટે મોરહાબાડી મેદાનમાં દરેક ખૂણે ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી હતી. ૨૦૨૪ની વિધાનસભા ચૂંટણીમાં ઈન્ડિયા એલાયન્સને બમ્પર જીત મળી છે. જેએમએમ, કોંગ્રેસ, આરજેડી અને સીપીઆઈ-એમએલએ ૮૧માંથી ૫૬ બેઠકો જીતી હતી. જેમાં જેએમએમને ૩૪, કોંગ્રેસને ૧૬, આરજેડીને ૪ અને સીપીઆઈ-એમએલને ૨ બેઠકો મળી છે. હેમંત સોરેનના નેતૃત્વમાં ભારત ગઠબંધન માટે આ એક મોટી જીત છે. જેએમએમનું અત્યાર સુધીનું આ સર્વશ્રેષ્ઠ પ્રદર્શન છે.

### કોણ છે હેમંત સોરેન

ઝારખંડ મુક્તિ મોરચાના નેતા હેમંત સોરેન ચોથી વખત ઝારખંડના મુખ્યમંત્રી બન્યા છે. તેઓ રાજ્યના ત્રણ વખતના સીએમ શિબુ સોરેનના પુત્ર છે. જો આપણે હેમંત સોરેનના પ્રારંભિક જીવન પર નજર કરીએ તો, તેમનો જન્મ ૧૦ ઓગસ્ટ ૧૯૭૫ના રોજ શિબુ સોરેન અને રૂપી સોરેનના ઘરે થયો હતો. હેમંતે ૧૯૯૦માં પટનાની એમજી હાઈસ્કૂલમાંથી મેટ્રિક પૂર્ણ કર્યું. આ પછી તેણે ૧૯૯૪માં પટના હાઈસ્કૂલમાંથી ઈન્ટરમીડિયેટનો અભ્યાસ પૂરો કર્યો. તેણે બીઆઈટી (મેસરા), રાંચીમાં મિકેનિકલ એન્જિનિયરિંગમાં એડમિશન લીધું, પરંતુ કેટલાક કારણોસર તેનો અભ્યાસ પૂરો કરી શક્યો નહીં. અભ્યાસ બાદ હેમંતે એન્જિનિયરિંગ કંપનીઓમાં કામ કર્યું. હેમંતના લગ્ન કલ્પના સોરેન સાથે થયા છે અને તેમને બે પુત્રો છે. આ ચૂંટણીમાં હેમંતની પત્ની કલ્પના પણ ગાંડે વિધાનસભા બેઠક પરથી જીતી હતી.

## ફડણવીસ-શિંદે-પવાર 'શહેનશાહ'ના દરબારમાં

### મહારાષ્ટ્રના મુખ્યમંત્રીને લઈ સસ્પેન્સ યથાવત : નવા-જૂનીના એંધાણ?

નવીદિલ્હી, તા. ૨૮

મહાયુતિ ગઠબંધનના નેતાઓ - શિવસેનાના એકનાથ શિંદે, રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી)ના અજિત પવાર અને ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ના દેવેન્દ્ર ફડણવીસ - આગામી પ્રમુખ અંગે નિર્ણય લેવા ગઈકાલે બેઠક કરી હતી. મહારાષ્ટ્રના મંત્રી અને સરકાર રચના કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહને મળ્યા હતા. આ બેઠકમાં બીજેપી ચીફ જેપી નડ્ડા, કેન્દ્રીય મંત્રી રાજનાથ સિંહ અને નિર્મલા સીતારમણ પણ હાજર રહ્યા હોવાની વાત વહેતી થઈ હતી.

બીજેપી આગામી મુખ્યમંત્રીની જાહેરાત અંગે મૌન છે, પરંતુ પાર્ટી તેના ધારાસભ્યો અને નેતાઓના દબાણ હેઠળ છે કે મુખ્યમંત્રી ભાજપનો હોવો જોઈએ. ઘણા લોકોએ વર્તમાન નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસને ટોચના પદ માટે પ્રસ્તાવિત કર્યા છે.



દરમિયાન, મહારાષ્ટ્રના કાર્યવાહક મુખ્ય પ્રધાન અને શિવસેનાના નેતા એકનાથ શિંદેએ બુધવારે સંકેત આપ્યો કે તેઓ સીએમ પદને લઈને ભાજપના નિર્ણયને સ્વીકારશે.

દેવેન્દ્ર ફડણવીસ એક બ્રાહ્મણ છે અને ૨૦૧૪માં પહેલીવાર અને ૨૦૧૯માં ફરી થોડા સમય માટે મુખ્યમંત્રી બન્યા હતા. ''જો આરએસએસના આદેશનો અમલ કરવામાં આવશે, તો ફડણવીસના મુખ્યમંત્રી બનવાની તકો ઉજળી છે,'' સૂત્રોએ જણાવ્યું હતું. શિંદેને ટોચના હોદ્દા પર વધુ એક કાર્યકાળ મળવો જોઈએ તેવી શિવસેનાના નેતાઓની જોરદાર માંગણી હોવા છતાં, કાર્યકારી મુખ્યમંત્રીએ બુધવારે સ્પષ્ટ કર્યું કે તેમણે પીએમ મોદી અને શાહને કહ્યું છે કે તેઓ આ પદ માટે ભાજપની પસંદગીનું પાલન કરે છે. એકનાથ શિંદેના નજીકના સહયોગીએ ગુરુવારે જણાવ્યું હતું કે કાર્યકારી મુખ્યમંત્રી નવા શાસનમાં નાયબ મુખ્યમંત્રી પદ સ્વીકારે તેવી શક્યતા નથી. જોકે, શિવસેનાના ધારાસભ્ય અને પ્રવક્તા સંજય શિરસાટે કહ્યું કે એકનાથ શિંદે કેબિનેટનો ભાગ હશે.

### જાગતા રહેજો, જાગતા રહેજો, મહેમાન આવે છે મહેમાન આવે છે તેવી શહેરમાં મચી બુમરાણ

# આજે શહેરમાં કે આસપાસ IT ત્રાટકે તેવા વાવડ

### બિલ્ડરો ,જ્વેલર્સ, જમીન મકાન ધંધાર્થીઓમાં ચર્ચાએ જોર પકડ્યું, કે આયકર વિભાગ ખાબકવાનુ છે

રાજકોટ, તા. ૨૮

રાજકોટમાં છેલ્લા બે દિવસમાં જીએસટીની DGGI વિંગ દ્વારા જે કામગીરી હાથ ધરવામાં આવી તેમાં વ્યાપક પ્રમાણમાં કરચોરી પકડાઈ હોવાનું હાલ સૂત્રો જણાવી રહ્યા છે ત્યારે આજે શહેરમાં અથવા તો કહી શકાય કે સૌરાષ્ટ્રમાં આવકવેરા વિભાગ ત્રાટકે તેવા વાવડ સામે આવી રહ્યા છે એટલું જ નહીં શહેરમાં બિલ્ડર લોબી, જ્વેલર્સ, જમીન મકાનના ધંધાર્થીઓ માં એક ચર્ચાએ જોર પકડ્યું છે કે, જાગતા રહેજો જાગતા રહેજો મહેમાન આવે છે મહેમાન આવે છે.

હાલ મહત્વનું એ છે કે જે રીતે જીએસટીની ઈન્ફોર્સમેન્ટ વિંગ દ્વારા જે કામગીરી કરવામાં આવી એવી જ રીતે એ જ ટાંકણે આવકવેરા વિભાગ પણ મેદાનમાં આવે તેવી પ્રબળ સંભાવનાઓ છે એટલું જ નહીં એવું પણ બની શકે કે ચાર તંત્ર એક સાથે સંયુક્ત ઓપરેશન પાર પાડે જેમાં આવકવેરા વિભાગ, જીએસટી ઈન્ટેલિજન્સ, આઈબી અને ઈડી પણ હોય. ત્યારે આગામી દિવસોમાં ખૂબ મોટી એટલે કે જબરી કચોરી પકડી પાડવામાં આવે તેવું મનાઈ રહ્યું છે. છેલ્લા ઘણા દિવસોથી કહી શકાય કે કેન્દ્ર સરકાર દ્વારા તમામ સેન્ટ્રલ એજન્સીઓને તાકીદ કરી દેવામાં આવી છે કે જે પણ કરચોરો હોય તેના પર આકરા પગલા લેવામાં આવે જે માટે હાલ તમામ તૈયારીઓને પણ આખરીઓ આવકવેરા વિભાગ અને જીએસટી દ્વારા કરી આપવામાં આવ્યો છે. આગામી દિવસોમાં મહત્વનું એ છે કે હવે જે પણ કરચોરો હોય કે કોઈએ નાણાકીય છેતરપિંડી કરી હોય તે તમામ પર પગલા લેવામાં આવશે તે માટેનો તખતો તૈયાર કરી લેવામાં આવ્યો છે. જાણકાર વર્તુળોના જણાવ્યા અનુસાર હાલ જે રીતે ઈડી ની કામગીરી થતી હોવાની જે માહિતી વાયુવેગે થઈ છે તેને જોતા એ વાત સ્પષ્ટ છે કે આ કેસમાં ખૂબ મોટા પ્રમાણમાં સેન્ટ્રલ એજન્સીને કરચોરીનો આંકડો મળશે ત્યારે એનફોર્સમેન્ટ ડિરેકટરેટ દ્વારા આવનારા દિવસોમાં પણ તીવ્ર વેગથી તપાસ આગળ વધારવામાં આવે તેવું હાલ સુત્રો જણાવી રહ્યા છે. ગઈકાલે જે વાત સામે આવી કે આવકવેરા વિભાગે પણ હવે તપાસમાં ઝંપ લાવ્યું છે અને તે માટેની તૈયારીઓ શરૂ કરી દીધી છે તેને ધ્યાને લેતા એ વાત સ્પષ્ટ થઈ ચૂકી છે કે હવે કોના પર ટાર્ગેટ કરવામાં આવશે.

બિલ્ડરોમાં ચર્ચાએ પકડ્યું જોર આઈ.ટી.એ ત્રણ દિવસ ચાલે તેવી કરી તૈયારી

મહત્વનું એ છે કે જીએસટી વિભાગ દ્વારા જે કામગીરી કરવામાં આવી તેમાં અન્ય કઈ પેઢીઓની સંડોવણી છે અને કઈ પેઢીઓ સાથે નાણાકીય વ્યવહારો કર્યા છે તેમના ઉપર પણ તપાસ કરવામાં આવે તેવી પ્રબળ સંભાવનાઓ વ્યક્ત થઈ રહી છે અને એ તમામ જગ્યાઓ પર આવકવેરા વિભાગ પણ તપાસ કરે તો નવાઈ નહીં. હાલની સ્થિતિને ધ્યાને લેતા શહેરના ટોચના અગ્રણીઓ ઉદ્યોગકારોમાં એક ફફરાટ મચી ગયો છે કે મહેમાન આવે છે મહેમાન આવે છે ત્યારે હકીકત શું છે તે તો આજે ખ્યાલ આવશે પરંતુ એ વાત સ્પષ્ટ થઈ ચૂકી છે કે હવે સરકાર કોઈપણ કરચોરને બક્ષવા દેવા માંગતી નથી જેના પગલે ચેલા એક સપ્તાહ કે પછી વાત કરવામાં આવે છેલ્લા એક મહિનામાં અનેક મોટા ઓપરેશનો પાર પાડવામાં આવ્યા છે અને ખૂબ મોટા પ્રમાણમાં કરચોરી પણ પકડી પાડી છે.

અજબ ગજબની પ્રેમ કહાનીનો પ્રેમિકાની હત્યા સાથે આવ્યો લોહીયાળ અંત

# કિન્નર પ્રેમિકાને છરીના ઘા ઝીંકી પ્રેમીએ કરી હત્યા

## તેર વર્ષથી ૨૯ વર્ષના કિશનને ૪૦ વર્ષની કિન્નર સંજના કુંવર સાથે પ્રેમ હતોઃ પ્રેમિકા કિશનને રોજના એક હજાર વાપરવા આપતીઃ મૈત્રીકરાર કર્યા હતાંઃ પણ હવે કરાર રદ કરવા ઇચ્છતો કિશન બે માસથી માતા પાસે જતો રહેતાં પ્રેમિકાને ન ગમ્યુંઃ રાત રોકાવા આવી અને ઝઘડો થતાં કિશન તૂટી પડ્યોઃ હત્યારાને પોલીસે દબોચી લીધો

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર તા.૨૮**

અનેક એવી પ્રેમકહાનીઓ હોય છે જેનો અંત અત્યંત કરૂણ આવતો હોય છે. એક અનોખી પ્રેમ કહાનીનો ક્રુર અંત આવ્યો છે. એક યુવાનને એક કિન્નર સાથે તેર વર્ષથી પ્રેમસંબંધ હતો. પરંતુ યુવાન હવે બે મહિનાથી પ્રેમિકા કિન્નરને છોડી પોતાની માતા પાસે જતો રહેતાં કિન્નરને ન ગમતાં તે વારંવાર તેના ઘરે જઇ ધમકી આપતી હતી. આથી પ્રેમી ઉશ્કેરાઇ ગયો હતો અને પોતાની માતાની નજર સામે જ પ્રેમિકા કિન્નરને છરીના આડેધડ ઘા ઝીંકી પતાવી દીધી હતી. આ ઘટનાએ રાજ્યભરમાં ચકચાર જગાવી દીધી છે. રોજબરોજ બની રહેલી આ પ્રકારની હત્યાની ઘટનાઓમાં આ વધુ એક બનાવ ઉમેરાઇ ગયો છે.

ચોંકાવનારી અને ચકચાર જગાવતી ઘટનાની વિગતો પર નજર કરીએ તો આ બનાવ સુરતમાં બન્યો છે. એ સાથે અહિ સતત ચોથા દિવસે હત્યા થઇ છે. ઉમરવાડા ટેનામેન્ટમાં સવારે હત્યા વરીયાવી બજારમાં રહેતી કિન્નર સંજના કુંવરને તેર વર્ષથી કિશન જેઠવા સાથે પ્રેમ હતો અને કિશન તેની સાથે જ રહેતો હતો. પરંતુ હવે કિશન છેલ્લા બે મહિનાથી માતા સાથે રહેવા આવી જતા સંજના કુંવરને ગમ્યું નહોતું તેથી અવારનવાર કિશનના ઘરે આવી ધમકી આપતી હતી સંજના કુંવર બુધવારે મોડીરાત્રે આવી રોકાઈ હતી અને સવારે સાથે લઈ જવા ઝઘડો કરતા કિશને ચપ્પુના ઘા ઝીંકી હત્યા કરી હતી. પોલીસે કિશનની ધરપકડ કરી લીધી હતી. સુરતમાં હત્યાનો સિલસિલો ચોથા દિવસે પણ યથાવત રહ્યો છે. અહિના ઉમરવાડા ટેનામેન્ટમાં ચાલીસ વર્ષિય કિન્નરની તેના ઓગણત્રીસ વર્ષીય પ્રેમીએ પોતાના જ ઘરમાં પોતાની માતાની નજર સામે જ ચપ્પુના અનેક ઘા મારી હત્યા કરી હતી.

ક્રુર હત્યા બાદ પ્રેમી ફરાર થઈ ગયો હતો. જો કે સલાબતપુરા પોલીસે તેને ઝડપી પાડી પુછપરછ કરતા જાણવા મળ્યું હતું કે તેમની વચ્ચે છેલ્લા તેર વર્ષથી પ્રેમ હતો અને તેઓ સાથે જ રહેતા હતા.પણ પ્રેમી યુવાન છેલ્લા બે મહિનાથી માતા સાથે રહેવા આવી જતા કિન્નરને ગમ્યું નહોતું અને તે અવારનવાર યુવાનના ઘરે આવી સાથે આવવા ધમકી આપતી હોય આજે સવારે તે બાબતે થયેલા ઝઘડામાં યુવાને તેની હત્યા કરી હતી.પોલીસે



જાહેર કરેલી વધુ વિગતો મુજબ સુરતના ઉમરપાડા ટેનામેન્ટ બિલ્ડીંગ નં.ડી/૧ રૂમ નં.૮૭માં છેલ્લા બે મહિનાથી માતા મીનાબેન સાથે રહેતા ઓગણત્રીસ વર્ષીય કિશન પ્રવિણચંદ જેઠવાને તેર વર્ષથી ચાલીસ વર્ષિય કિન્નર સંજના કુંવર (મૂળ નામ ભીમરાવ શ્રીપત જુમડે, રહે.હાલ ઘર નં.૭/બી, મુસીબતપુરા ઝુપડપટ્ટી, વરીયાવી બજાર, સુરત) સાથે પ્રેમસંબંધ હોય બંને સાથે જ રહેતા હતા. જો કે હાલમાં કિશન બે મહિના પહેલા માતા પાસે રહેવા આવી જતા સંજના કુંવરને ગમ્યું નહોતું.

આ કારણે કિન્નર સંજના કુંવરને તે અવારનવાર કિશનના ઘરે આવી તેને ધમકી આપતી હતી કે તું અમારી સાથે પાછો ચાલ્યો આવ નહીં તો તને છોડીશું નહીં.વર્ષોથી કિન્નરો સાથે જ રહેતો અને ફરતો કિશન કોઈ કારણસર સંજના કુંવર સાથે જવા માંગતો નહોતો. દરમિયાન રાતે કિશન અને તેની માતા જમી પરવારીને સૂવાની તૈયારી કરતા હતા ત્યારે સંજના કુંવર ઘરે આવતા કિશનની માતા નીચે પથારી કરી સુઈ ગયા હતા.જયારે કિશન અને સંજના કુંવર પલંગ ઉપર સુઈ ગયા હતા. કિશનના માતા મીનાબેનની સવારે સાત વાગ્યે આંખ ખુલી ત્યારે કિશન અને સંજના કુંવર વચ્ચે કિશનને લઈ જવા બાબતે ઝઘડો થતો હતો.આથી મીનાબેન ગભરાઈને રૂમમાં એકબાજુ ઉભા રહી ગયા હતા. તે સમયે અચાનક કિશન ઉશ્કેરાઈ જઈ રસોડામાંથી ચપ્પુ લાવ્યો હતો અને હું તારી સાથે કદી આવવાનો નથી અને તને પણ આજે જીવતી મુકવાનો નથી તેમ કહી સંજના કુંવરને ધક્કો મારી તિજોરી નજીક ખૂણામાં પાડી દઈ ચપ્પુ વડે સંજના કુંવરને ડાબા હાથે કોણીથી કાંડા વચ્ચે, પેટના ભાગે, છાતીના ભાગે, જમણા બાવડાના નીચે, જમણા હાથે, જમણા પગે ઘુંટણના નીચે, ડાબા પગે અને ડાબા પગના થાપાના ભાગે ઉપરાછાપરી ઘા ઝીંકી દીધા હતા.

આ પછી સંજના કુંવર અને મીનાબેને બુમાબુમ કરતા કિશન ત્યાંથી ભાગી ગયો હતો. ગંભીર ઈજાને લીધે સંજના કુંવરનું સ્થળ પર જ મોત નીપજ્યું હતું. આ અંગે જાણ થતા તેના મોટા ભાઈ દાદારામ શ્રીપત જુમડે (રહે.પાદર ફળીયુ, અખાડાની સામે, ઉમરા, સુરત. મૂળ રહે. ડોલારખેડ, તા. શેગાવ, જી.બુલદાણા, મહારાષ્ટ્ર) એ સલાબતપુરા પોલીસ મથકમાં હત્યાની ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગણતરીના કલાકોમાં કિશનની ધરપકડ કરી હતી.વધુ તપાસ ઈન્ચાર્જ પીઆઈ એસ.એન.દેસાઈ કરી રહ્યા છે. વધુ વિગતો અનુસાર જેની હત્યા થઈ તે કિન્નર સંજના કુંવરે એક વર્ષ અગાઉ રૂપિયા દોઢ લાખનો ખર્ચ કરીને મહારાષ્ટ્રમાં સ્ત્રીનું ગુપ્તાંગ ટ્રાન્સપ્લાન્ટ કરાવ્યું હતું. અગાઉ ચ્હાની કીટલી ઉપર કામ કરતા કિશન અને કિન્નર સંજના કુંવર ફેસબુક મારફતે એકબીજાના સંપર્કમાં આવ્યા હતા. ત્યાર બાદ કિશન સંજના કુંવરની સાથે પડછાયાની જેમ રહેવા લાગ્યો હતો. સંજના કુંવરને બોયફ્રેન્ડની જરૂર હતી જયારે કિશનને પૈસાની આથી બંનેને એકબીજા સાથે ફાવતું હતું. સંજના કુંવર કિશનને રોજના રૂ.૧ હજાર વાપરવા આપતી પણ હતી. બાદમાં બંનેએ વકીલ મારફતે લીવ ઈન કરાર પણ કર્યો હતો. જોકે, થોડા સમય અગાઉ કિશનને માતાએ આ સંબંધ શોભતો નથી તેમ કહી તેને તોડવા આગ્રહ કરતા કિશને લીવ ઈન કરાર રદ કરવા સંજના કુંવરને વાત કરી હતી.સંજના કુંવર ફોન ઉપર વકીલને ત્યાં જઈ કરાર રદ કરવાની વાત કરતી હતી. પણ રૂબરૂમાં ઈન્કાર કરતી હોઇ કિશન માતાને ત્યાં રહેવા ચાલ્યો જતા શરૂ થયેલા ઝઘડામાં આખરે કિન્નર સંજના કુંવરની હત્યા થઈ હતી. તે સાથે અજબ ગજબની પ્રેમકહાનીનો લોહીયાળ અંત આવ્યો હતો.

---

કોરોના કાળ વખતે ઓનલાઇન અભ્યાસ વખતે છાત્રોના ગ્રુપમાં વાલીઓને એડ કર્યા તેનો ગેરલાભ ઉઠાવ્યો

# પરણેલા ઢગાએ શિક્ષીકાને ફસાવી દૂષ્કર્મ આચરી લાખો પડાવ્યા

## સંતાનના અભ્યાસની વાતના બહાને પહેલી વખત અશોકે શિક્ષીકાની ઘરે જઇ બળજબરી આચરી ફોટા પાડી લીધાઃ બ્લેકમેઇલ કરી રોકડ, દાગીના મળી ત્રીસેક લાખ ખાઇ ગયો!




**બીજી ઘટનામાં સંબંધો શર્મસાર થયાઃ યુવતિને બ્લેકમેઇલ કરી પિતરાઇ ભાઇનું વારંવાર દૂષ્કર્મ : તેના સાસરિયાવાળાને પણ ફોટા વિડીયો મોકલી દીધા**

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર તા.૨૮**

રાજ્યમાં દરેક પ્રકારની ગુનાખોરીએ આડોઆંક વાળી દીધો છે. રોજબરોજ મારામારી, ચોરી, ચિલઝડપ, હત્યા, હત્યાની કોશિષના ગુનાઓની સાથે સાથે પજવણી, છેડતી, દૂષ્કર્મ, સામુહિક દૂષ્કર્મની ઘટનાઓ પણ રોજીંદી થઇ ગઇ છે. બળાત્કાર બળજબરીના વધુ કિસ્સાઓ સામે આવ્યા છે. એક ઢગાએ કોરોના કાળ દરમિયાન ઓનલાઇન શિક્ષણ કાર્ય ચાલુ હોઇ પોતાના સંતાનની શિક્ષીકાને મોહજાળમાં ફસાવી લઇ દૂષ્કર્મ આચરી લીધુ હતું. એટલુ જ નહિ આ શિક્ષીકાને બ્લેકમેઇલ કરી લાખો રૂપિયા પણ પડાવી લીધા હતાં!

ચોંકાવનારી આ ઘટનાની વિગતો જોઇએ તો અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારમાં રહેતી શિક્ષીકા સાથે એક યુવકે દુષ્કર્મ આચર્યું હતું. યુવકે પરિણીતાના ફોટા વીડિયો લઈ વાઇરલ કરવાની ધમકી આપી અવારનવાર શારીરિક સંબંધ બાંધ્યા હતા. એટલું જ નહીં પરિણીતા પાસેથી ટુકડે ટુકડે પચ્ચીસથી ત્રીસ લાખ રૂપિયા પણ પડાવ્યા હતા. મહિલાએ આ અંગે ખોખરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોધી તપાસ શરૂ કરી છે. વધુ વિગતો જોઇએ તો શહેરના પૂર્વ વિસ્તારમાં રહેતા તેતાલીસ વર્ષીય મહિલા ખાનગી સ્કૂલમાં નોકરી કરતા હતા. કોરોના કાળમાં દરમિયાન સ્કૂલો બંધ થવાથી ઓનલાઈન અભ્યાસ માટે મહિલાએ વોટસએપ ગ્રુપ બનાવ્યું હતું. આ વોટસએપ ગ્રુપમાં બાળકોના વાલીને એડ કરવામાં આવ્યા હતા.

આ દરમિયાન એક બાળકના પિતા અશોક નિસાદ સાથે શિક્ષીકાનો સંપર્ક થયો હતો. બાળકના અભ્યાસના કામથી બંને વચ્ચે અવારનવાર વાતચીત થતી હતી અને અશોક અવારનવાર મહિલાના ઘરે જતો હતો. વર્ષ ૨૦૨૦ના જુલાઈ મહિનામાં અશોકે મહિલા સાથે બળજબરી પૂર્વક શારીરિક સંબંધ બાંધ્યા હતા અને આ અંગે કોઈને જાણ કરે તો બદનામ કરી નાખવાની ધમકી આપી હતી. ત્યાર બાદ અશોક અવારનવાર મહિલાના ઘરે આવતો હતો અને મરજી વગર શારીરિક સંબંધ બાંધતો હતો. અશોકે મહિલાના અશ્લીલ ફોટા અને વીડિયો પણ બનાવી લીધા હતા જેના આધારે મહિલાને બ્લેકમેલ કરતો હતો. અશોકે મહિલા પાસેથી ટુકડે ટુકડે ૨૫થી ત્રીસ લાખ રૂપિયા રોકડા અને બેંક મારફતે લીધા હતા.

આ ઉપરાંત સોના ચાંદીના ત્રીસ તોલાના દાગીના પણ લીધા હતા. મહિલાએ આ અંગે કંટાળીને પોતાના પરિવારના સભ્યોને જાણ કરી હતી. ત્યાર બાદ મહિલા આ મામલે પોલીસ સ્ટેશન પહોંચી હતી. ખોખરા પોલીસે મહિલાની ફરિયાદ નોંધીને તપાસ શરૂ કરી છે.

બીજા એક કિસ્સામાં ભાઇ-બહેનના સંબંધો શર્મસાર થયા હતાં. લિંબાયતમાં રહેતી યુવતી રાજસ્થાનમાં રહેતા તેના પિતરાઈ ભાઈના સંપર્કમાં હતી. આ દરમિયાન પિતરાઈ ભાઈએ તેની સાથે મિત્રતા કરી અવારનવાર તેની સાથે ફોટા પડાવ્યા હતા. આ ફોટાને આધારે પિતરાઈ બહેનને બ્લેકમેલ કર કરી હોટલમાં લઈ ગયા બાદ તેની સાથે બળજબરીથી શારીરિક સંબંધ બાંધી દુષ્કર્મ આચર્યું હતું. એટલુ જ નહીં પરંતુ તે સમયે પણ તેની સાથેના બીભસ્ત ફોટાઓ પાડી અને વીડિયો ઉતારી અવારનવાર પિતરાઈ બહેનને બ્લેકમેલ કરી શારીરિક સંબંધ બાંધતો હતો. આ દરમિયાન યુવતીની સગાઈ અન્ય જગ્યાએ નક્કી થતાં યુવકે તેની પાસે ના ફોટાઓ સોશિયલ મીડિયામાં વાઈરલ કરવાની ધમકી આપી હતી. આ ઉપરાંત જે યુવક સાથે સગાઈ નક્કી થવાની હતી. તેના પરિવારને મોકલી આપી યુવતીને બદનામ કરી હતી. જેથી આખરે યુવતીના પરિવારજનો મામલે રાજસ્થાનમાં પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા રાજસ્થાન પોલીસે ગુનો દાખલ કરી બળાત્કારનો ગુનો દાખલ કરી ઝીરો નંબરથી ફરિયાદ સુરતમાં લિંબાયત પોલીસને મોકલી આપી છે.

વધુ માહિતી અનુસાર લિંબાયત વિસ્તારમાં રહેતી યુવતી તેના પિતરાઈ ભાઈના સંપર્કમાં હતી. અવારનવાર રાજસ્થાન ફતેપુર ખાતે રહેતા પિતરાઈ ભાઈ અને તેની બહેન વચ્ચે વાતચીત થતી હતી. આ દરમિયાન તેના ફોટા પણ પિતરાઈ ભાઈ મંગાવતો હતો. જોકે, ત્યાર બાદ તેના ફોટાના આધારે બ્લેકમેલ કરી સોશિયલ મીડિયામાં ફોટા વાઇરલ કરવાની ધમકી આપી મળવા માટે હોટલમાં બોલાવી હતી. જ્યાં બળજબરીથી બહેન સાથે શારીરિક સંબંધ બાંધી બળાત્કાર ગુજાર્યો હતો અને સોશિયલ મીડિયામાં ફોટા વાઇરલ કરવાની ધમકી આપી હતી. બ્લેકમેલ કરી અવારનવાર તેની સાથે શારીરિક સંબંધ બાંધ્યો હતો અને પૈસાની પણ માંગણી કરી ધમકી આપતો હતો. આ દરમિયાન યુવતીના અન્ય જગ્યાએ લગ્ન નક્કી થઈ ગયા હતા.

જેથી પિતરાઈ ભાઈએ આ લગ્ન નહી કરવા માટે દબાણ કરતો હતો. એટલું જ નહીં પરંતુ પિતરાઈ ભાઈના પિતા તથા તેના પરિવારના સભ્યોએ પણ સાથ આપી યુવતીને ધાક ધમકીઓ આપી હતી. તેમજ તમામે ભેગા મળી યુવતીના ફોટા તેના સાસરિયાવાળાને મોકલી આપી બદનામ કરી હતી. જેથી આખરે ભોગ બનનાર યુવતીના પરિવારે લિંબાયત રાજસ્થાનના ચુરું પોલીસ મથકમાં પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે પિતરાઈ ભાઈ તથા પરિવારના સભ્યો સામે બળાત્કારનો ગુનો દાખલ કરી જીરો નંબરથી ફરિયાદ સુરતના લિંબાયત પોલીસ મથકમાં મોકલી આપી છે. જેથી હાલ તો લિંબાયત પોલીસે આગળની તપાસ હાથ ધરવામાં આવી હતી.

---

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની મુલાકાતે ફિજીના નાયબ વડાપ્રધાન મનોઆ કામિકામિકા

## ડેરી ઉદ્યોગ - સાઇબર સિક્યુરિટી ક્ષેત્રે તજજ્ઞતાનો સહયોગ લેવાની તત્પરતા વ્યક્ત કરી

રાજકોટ, તા. ૨૮

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય મુલાકાત ફિજીના નાયબ વડાપ્રધાન મનોઆ કામિકામિકાએ ગાંધીનગરમાં લીધી હતી. મુખ્યમંત્રી સાથેની આ સૌજન્ય મુલાકાત બેઠકની વાતચીતમાં ફિજીના નાયબ વડાપ્રધાનએ ગુજરાતે ડેરી ઉદ્યોગ સહિત કૃષિ ક્ષેત્રે જે વૈશ્વિક ખ્યાતિ મેળવી છે તેની તજજ્ઞતાનો લાભ ફિજીને પણ મળે તે માટે પરસ્પર સહયોગની તત્પરતા વ્યક્ત કરી હતી.

તેમણે ડેરી ઉદ્યોગ ઉપરાંત અ.ઈ અને ઈ.ઈ.ઝ. તથા સાઈબર સિક્યુરિટી સેક્ટરમાં પણ ગુજરાત ફિજીને સહયોગ કરી શકે તેવી સંભાવનાઓ અંગે પણ ચર્ચા પરામર્શ કર્યા હતા. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે વિકાસના નવા કીર્તિમાન સ્થાપીને ગુજરાતને વિકાસનું રોડ મોડલ અને ગ્રોથ એન્જિન બનાવ્યું છે તે અંગે આ બેઠકમાં વિસ્તૃત ચર્ચાઓ મુખ્યમંત્રી અને ફિજીના નાયબ વડાપ્રધાનએ કરી હતી. વડાપ્રધાન તરીકેનો પદભાર સંભાળ્યા બાદ ૨૦૧૪માં નરેન્દ્રભાઈ મોદીએ સૌ પ્રથમ ફિજીની મુલાકાત લીધી તેનું પણ સ્મરણ તેમણે કર્યું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે



ગુજરાતે રિન્યુએબલ એનર્જી તથા ગ્રીન હાઈડ્રોજન ઉત્પાદનમાં લીડ લીધી છે તેની ભૂમિકા આપતા કહ્યું કે, કચ્છમાં વિશ્વનો સૌથી મોટો હાઇબ્રીડ રીન્યુએબલ એનર્જી પાર્ક નિર્માણાધિન છે. એટલું જ નહીં, એગ્રીકલ્ચર સેક્ટરમાં પણ બાયોમાસ, બાયોગેસ અને બાયો ફ્યૂલ ને પ્રોત્સાહિત કરતી વેસ્ટ ટુ એનર્જી પોલિસી ગુજરાતમાં છે.ફિજીમાં શેરડીનું મોટાપાયે ઉત્પાદન થાય છે તે સંદર્ભમાં ઈથેનોલ પ્રોડક્શનમાં તે ગુજરાતનો સહયોગ કરી શકે તેમ છે તેમ પણ ફિજીના નાયબ વડાપ્રધાનએ કહ્યું હતું.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતે પોલીસી ડ્રીવન સ્ટેટ તરીકે વિવિધ ઉદ્યોગો અને ઉભરતા સેક્ટર માટે જે પોલીસીઝ ઘડી છે તેના તેમજ બહુવિધ સેક્ટર્સમાં ગુજરાતની સિદ્ધિઓના અભ્યાસ-નિરીક્ષણ માટે ફિજીનું ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિ મંડળ ગુજરાત આવે તેવું આમંત્રણ પાઠવ્યું હતું.

આ સંદર્ભમાં મુખ્યમંત્રીએ કહ્યું કે, ફિજીને જે સેક્ટર્સમાં સહભાગીતા તથા માર્ગદર્શનની જરૂર હોય તે સેક્ટરમાં ગુજરાત તેમાં પોતાનો સહયોગ આપશે. ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિ મંડળની આ ગુજરાત મુલાકાતથી ભારત-ગુજરાત ફિજી વચ્ચે અસરકારક અને પરિણામદાયી સહભાગીતાનો સુદ્રઢ સંબંધ પ્રસ્થાપિત થશે તેવી અપેક્ષા મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કરી હતી. તેમણે એમ પણ ઉમેર્યું કે, ગુજરાતે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિઝન 'વિકસિત ભારત ૨૦૪૭'માં વિકસિત ગુજરાત થી અગ્રેસર રહેવાનો નિર્ધાર કર્યો છે. આ હેતુસર વિકસિત ગુજરાત ૨૦૪૭નો રોડ મેપ તૈયાર કરવામાં આવેલો છે અને અર્નિંગ વેલ- લિવીંગ વેલ સાથે ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસને પણ પ્રાયોરિટી આપી છે. તેમણે ગિફ્ટસિટી આંતરરાષ્ટ્રીય ફાઇનાન્સિયલ હબ તરીકે ઊભરી આવ્યું છે તેની પણ જાણકારી ફિજીના નાયબ વડાપ્રધાનશ્રીને આપી હતી.

---

રાજકોટથી સુરત જતી જય ખોડિયાર ટ્રાવેલ્સની બસ ટ્રક સાથે અથડાઇ

# તારાપુર પાસે બસ અકસ્માત : ત્રણ મોત

## વહેલી સવારનો બનાવ : મૃતકોમાં રાજકોટ જિલ્લા પંચાયતના નિવૃત્ત કર્મચારી મનસુખભાઇ કોરાટ અને કોઠારિયા વિસ્તારના કલ્પેશ જીયાણીનો સમાવેશ

રાજકોટ મિરર, તા. ૨૮

રાજકોટથી સુરત જતી ખાનગી બસ આણંદના તારાપુર-ધર્મજ હાઈવે પર વડદલા ગામના પારીયા પાસે એક ટ્રક સાથે અથડાતા સર્જાયેલ અકસ્માતમાં રાજકોટના જિલ્લા પંચાયતના નિવૃત એકાઉન્ટ ઓફિસર મનસુખભાઇ રૂડાભાઈ કોરાટ (ઉ.૬૭) તથા રાજકોટમા કોઠારિયા રોડ પર રહેતા કલ્પેશ જીયાણી (ઉ.૩૯) તેમજ ભરૂચના ધૃવ રૂડાણી (ઉ.વ.૩૨)ના કરૂણ મોત નિપજ્યા હતાં. જ્યારે સાતેક મુસાફરોને ઇજાઓ થતા સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ છે.

મળતી માહિતી મુજબ રાજકોટથી મોડીરાત્રે સુરત જવા નીકળેલી જય ખોડિયાર ટ્રાવેલ્સની બસ વહેલી સવારે ૩:૩૦ વાગ્યા આસપાસ તારાપુર-ધર્મજ હાઇવે ઉપર એક વાહનને ઓવરટેક કરવા જતા સામેથી આવતા ટ્રક સાથે અથડાતા આ ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં બસનો એક ભાગ આખો ચિરાઇ ગયો હતો અને





આગળના સોફામાં સુતેલા રાજકોટના બે સહિત ત્રણ મુસાફરોના નિદ્રાંધિન હાલતમાં જ મૃત્યુ નિપજ્યા હતા. જ્યારે અન્ય સાત જેટલા મુસાફરોને ઇજાઓ થયાનું જાણવા મળે છે. અકસ્માત બાદ હાઇવે ઉપર ટ્રાફિક જામ થઇ ગયો હતો અને ઘવાયેલાઓને ૧૦૮ મારફત હોસ્પિટલે ખસેડાયા હતા. આણંદના તારાપુર ધર્મજ હાઈવે પર રાજકોટથી સુરત જતી ખાનગી બસને અકસ્માત નડતા રાજકોટના ૩ના મોત થયા હોવાની વાત સામે આવી છે જેમાં ટ્રક અને લક્ઝરી વચ્ચે અકસ્માતમાં મોત થયા છે. વડદલા પાટીયા પાસે ગમખ્વાર અકસ્માત સર્જાતા પોલીસ અને હાઈવે સ્ટાફ દોડી આવ્યો હતો,તો બીજી તરફ ઈજાગ્રસ્તોને સારવાર હેઠળ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.ઓવરટેક કરવા જતા અકસ્માત સર્જાયો હોવાની વાત સામે આવી છે.

મળતી વિગતો મુજબ પંચવટી પાર્કમાં પંચવટી મેઈન રોડ ઉપર રહેતા રાજકોટ જિલ્લા પંચાયતના નિવૃત એકાઉન્ટન્ટ મનસુખભાઈ કોરાટ ગત રાત્રે ૯:૩૦ વાગ્યા આસપાસ રાજકોટથી જય ખોડિયાર ટ્રાવેલ્સની બસમાં સુરતમાં તેના સાઢુભાઈને ત્યાં શ્રીમંત પ્રસંગમાં હાજરી આપવા જતાં હતાં ત્યારે આ અકસ્માત સર્જાયો હતો. જ્યારે કોઠારિયા રોડ ઉપર રહેતા કલ્પેશ વેલજીભાઈ જીયાણી પણ કોઈ કામસબબ સુરત જઈ રહ્યા હતાં ત્રીજા મુસાફર ધ્રુવ ભીમજી રૂડાણી રાજકોટ કોઈ કામ સબબ આવ્યા હોય રાત્રે બસમાં પરત પોતાના વતન ભરૂચ જઈ રહ્યા હતાં ત્યારે આ અકસ્માત નડ્યો હતો.

### હવસખોરો અટકતા જ નથીઃ તક મળતાં જ આચરી લે છે ખળભળાટ મચાવતા ગુના

# ચોકલેટની લાલચ દઈ ચાર વર્ષની બાળાને ઢગાએ પીંખી

## રડતી રડતી બાળકી ઘરે પહોંચી અને માતાને વિતક વર્ણવીઃ પોલીસે એકવીસ વર્ષના ઢગાને પકડી શૈતાનીયત ઉતારી નાખી

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૨૮**

વિકૃત હવસખોરો શૈતાનિયત આચરતા હોવાના બનાવો અટકતા જ નથી. આવા કિસ્સામાં કડકમાં કડક સજાની જોગવાઇ છે અને અનેક દૂષ્કર્મીઓ જેલની હવા ખાઇ રહ્યા છે છતાં આવી ઘટનાનો અટકતી નથી. વધુ એક વખત એક ફૂલડાને હવસખોરે પીંખી નાંખ્યું છે. ચાર જ વર્ષની બાળકીને ચોકલેટ ખવડાવવાની લાલચ આપી એકવીસ વર્ષના ઢગાએ તેનો દેહ પીંખી નાખતા ખળભળાટ મચી ગયો હતો. પોલીસે પોક્સો હેઠળ ગુનો દાખલ કરી હવસખોરને દબોચી લેવાની કાર્યવાહી હાથ ધરી હતી. આ પ્રકારની અનેક ઘટનાઓ વચ્ચે આ વધુ એક બનાવ સામે આવ્યો છે. બીજી એક ઘટનામાં બબ્બે સંતાનના માતા-પિતા એવા મહિલા પુરૂષ એકબીજાના પ્રેમમાં પડ્યા હતાં. પછી આ લફલફરૂ ડખ્ખે ચડતાં હવે બળાત્કારની ફરિયાદ નોંધાવાઇ છે.

પ્રથમ ઘટનાની વિગતો પર નજર કરીએ તો માસુમ બાળકી પર બળાત્કાર થયો છે. જેમાં ભાવનગર વરતેજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતા એક પરિવારની સાડા ચાર વર્ષની માસુમ બાળકી સાથે તેના વિસ્તારમાં રહેતા શખ્સે ચોકલેટ આપી ઘરે બોલાવી શખ્સે દુષ્કર્મ આચર્યું હતું. આ અંગે બાળકીની માતા એ વરતેજ પોલીસ મથકમાં પોસકો હેઠળ ફરિયાદ નોંધાવી છે. આ બનાવ અંગે સીટી ડીવાયએસપી આર. આર.સિંઘાલ જણાવ્યું હતું કે વરતેજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં સાડા ચાર વર્ષની બાળપણ દુષ્કર્મની ઘટના સામે આવી છે. આ અંગે તેની માતાએ પોસકો હેઠળ ફરિયાદ નોંધાવી હતી, આરોપી અને ભોગ બનનાર બંને એક જ વિસ્તારમાં રહે છે. બપોરના સુમારે બાળા ઘરે એકલી હતી ત્યારે એકલતાનો લાભ લઈ એકવીસ વર્ષીય નરાધમે ચોકલેટ આપવાના બહાને તેના ઘરે રમવા બોલાવી હતી. એ પછી એકલતાનો લાભ લઈ બાળા સાથે દુષ્કર્મ આચાર્યું હતું.

પોતાની સાથે ન થવાનું થઇ જતાં હેબતાઇ ગયેલી બાળકી રડતા રડતા પોતાના ઘરે પહોંચી હતી. આથી માતાએ રડવાનું કારણ પુછતાં તેણે કાલીઘેલી ભાષામાં રડતાં રડતાં પોતાની સાથે જ થયું તેની વિગત જણાવતાં માતા ચોંકી ગઇ હતી. તેણે પોતાના પતિ સહિતના પરિવારજનોને જાણ કરી હતી અને બધા પોલીસ સ્ટેશને પહોંચ્યા હતાં. માતાના નિવેદન આધારે વરતેજ પોલીસે ફરિયાદ દાખલ કરી હતી તેમજ બાળાનું મેડિકલ તપાસ અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. વિકૃત હવસખોરને પોલીસે ઝડપી લઇ તેની શૈતાનીયત ભુલાવવાની કાર્યવાહી હાથ ધરી હતી.



**ફેસબૂકથી બે સંતાનની માતા અને બે સંતાનના પિતા વચ્ચે લવલફરૂ થયુંઃ પ્રેમીએ લગ્નની લાલચ દઈ વારંવાર દેહ પીંખ્યો, પછી છેલ્લે ફરી ગયોઃ હવે નોંધાઇ દૂષ્કર્મની ફરિયાદ**

બીજી એક ઘટના વડોદરાના ફતેગંજ વિસ્તારમાં સામમે આવી છે જેમાં બે પરિણીત પ્રમીઅ-ોનો કિસ્સો ચર્ચામાં આવ્યો છે. જેમાં બે સંતાનની માતાએ લગ્નનો ઇનકાર કરનારા બે સંતાનના પિતા એવા પ્રેમી સામે બળાત્કારની ફરિયાદ નોંધાવી છે. વિગતો પર નજર કરીએ તો બે સંતાન ધરાવતી વડોદરાની પીડીતાએ પોલીસને કહ્યું છે કે ફેસબુકના માધ્યમથી આનંદના કમલેશ પઢીયાર સાથે ફ્રેન્ડશીપ થયા બાદ ફોન પર વાતચીત અને મળવાનું શરૂ થયું હતું. આ પછી બંને વચ્ચે પ્રેમ થઇ ગયો હતો. બંને પરણેલા હતાં અને બબ્બે સંતાનના માતા-પિતા હતાં છતાં પોતાના પતિ, પત્નિ સાથે બંનેએ બેવફાઇ આચરી લવલફરાને આગળ વધાર્યુ હતું. કમલેશ પઢીયાર પણ બે સંતાન ધરાવતો હતો. તેણે મહિલાને લગ્ન કરવાની લાલચ આપી હતી અને પાવાગઢની તળેટીમાં આવેલી હોટલો તેમજ અન્ય સ્થળોએ લઈ જઈ બળાત્કાર ગુજાર્યો હતો. કમલેશે મહિલાની મરજી વિરૂધ્ધ સૃષ્ટિ વિરૂધ્ધનું કૃત્ય પણ આચર્યુ હતું અને ઘણીવાર મારકુટ પણ કરી લીધી હતી. બીજી તરફ પ્રેમિકા આટલો ત્રાસ હોવા છતાં પોતાના પતિને છોડી પરણેલા પ્રેમી સાથે લગ્ન કરવા તૈયાર હતી. પણ પ્રેમી કમલેશે પોતે લગ્ન કરવાનો જ નથી તેવું કહી દેતાં પોતાની સાથે દગો થયાનું લાગતાં પરિણીતાએ તેના વિરૂધ્ધ બળાત્કારની ફરિયાદ આપતાં પોલીસે તપાસ શરૂ કરી હતી.

ત્રીજી એક ઘટનામાં વડોદરા શહેરના સિટી પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતી એક સગીરાને પ્રેમજાળમાં ફસાવીને બાવીસ વર્ષના યુવકે મળવા માટે બોલાવી હતી. આ સમયે આરોપી અને તેના બે મિત્રો આવ્યા હતા. આ સમયે આરોપીએ સગીરા સાથે શારીરિક અડપલા કર્યા હતા. આ મામલે સીટી પોલીસ સ્ટેશનમાં યુવક સામે છેડતીનો ગુનો નોંધાયો છે. તેના બે મિત્રો સામે પણ મદદગારીનો ગુનો નોંધાયો છે. પોલીસે ત્રણે આરોપીઓને કોર્ટમાં રજૂ કર્યા હતા અને કોર્ટે ત્રણેયને જેલમાં મોકલી આપવાનો આદેશ કર્યો હતો.

### શહેરમાં ચિલઝડપકાર પછી તસ્કરો મેદાનેઃ અવધ રોડ પર અને વાવડીમાં ચોરીના બનાવથી યુનિવર્સિટી અને તાલુકા પોલીસ દોડતી થઇ

# ચોરનો ઉપાડોઃ તબીબના બંગલામાંથી ૬ાા લાખના સાધનો ચોરાયા!

## બીજી ઘટનામાં ઈલેક્ટ્રીક ચીજવસ્તુની દૂકાનના તાળા તોડી ચાલીસ હજાર રોકડની ચોરી : ડોક્ટર અમેરિકા ગયા હોઇ બંગલો બંધ હતોઃ હોસ્પિટલના કર્મચારીએ ફરિયાદ દાખલ કરાવીઃ સાધનો ચોરાયા હોઇ જાણભેદૂની સંડોવણીની શંકા

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૨૮**

શહેરમાં ચોર ગઠીયાઓનો ઉપાડો યથાવત રહ્યો છે. ચિલઝડપ ઉપરાંત ચોરી અને ઠગાઇની ઘટનાઓ સતત નોંધાતી રહે છે. ત્યાં હવે અમેરિકા ગયેલા તબિબના બંધ મકાનમાંથી રૂા. છ લાખ સાંઇઠ હજારની કિમતના સાધનો ચોરાઇ ગયા છે. આ મામલે યુનિવર્સિટી પોલીસે ગુનો નોંધ્યો છે. આ ચોરીમાં કોઇ જાણભેદુનો હાથ હોવાની શક્યતા નકારી શકાતી નથી.

વિગતો પર નજર કરીએ તો અવધ રોડ પર આવેલા ડેકોરા હેબીટેટ એપાર્ટમેન્ટમાં તબીબના ફલેટને નિશાન બનાવી તસ્કરો રૂા. ૬.૬૦ લાખના સાધનો ચોરી જતા ફરીયાદ થઇ છે. વધુ માહિતી અનુસાર આ બારામાં જામનગર રોડ પર નંદનવન સોસાયટી બ્લોક નં. એ-૨૭ માં રહેતા અઠ્ઠાવીસ વર્ષના દિપભારથી ભુપતભારથી ગોસાઇએ યુનિવર્સિટી પોલીસ મથકમાં બે અજાણ્યા શખ્સો સામે ફરીયાદ નોંધાવી છે. દિપભારથીએ ફરીયાદમાં જણાવ્યુ છે કે પોતે સાધુ વાસવાણી રોડ પર આવેલી શાંતિ મલ્ટી સ્પેશીયાલીસ્ટ હોસ્પિટલમાં એડમીનીસ્ટ્રેટીવ તરીકે છેલ્લા પાંચ વર્ષથી નોકરી કરે છે. ગત તા. ૩૧-૧૦-૨૪ ના રોજ રાત્રે પોતે પોતાના ઘરે હતા. ત્યારે પોતાને જાણવા મળેલ કે ડોકટર નિરલભાઇ મહેતાના ફલેટ ડેકોરા હેબીટેટ અવધ રોડ ફલેટ નં. ૨૦૧ ખાતે કોઇ બે વ્યકિત હોસ્પિટલનો સામાન મારા નામથી તા. ૩૧-૧-૨૪ ના બપોરે લઇ ગયેલ છે. તેમ જાણવા મળતા પોતે ફલેટની ચાવી એક પોતાની પાસે તથા હોસ્પિટલમાં કામ કરતા કર્મચારીઓ પાસે રહેતી હોઇ જેથી



પોતાને થયુ કે ડોકટર નિરલભાઇએ કોઇને વસ્તુ લેવા ફલેટે મોકલ્યા હશે.

ત્યારે ડોકટર નિરલભાઇ અમેરિકા ગયા હોઇ તેથી પોતાને કોઇ વાતચીત થઇ ન હતી. બે દિવસ પહેલા ડોકટર નિરલભઇ મહેતા અમેરિકાથી પરત આવ્યા ત્યારે પોતે તેને પુછેલ કે તમે કોઇને હોસ્પિટલનો સામાન લેવા તમારા ફલેટ મોકલ્યા હતા તેમ પુછતા તેણે ના પાડી હતી. જેથી પોતે ફલેટે તપાસ કરવા ગયા ત્યારે ફલેટમાં આઠ ઓટો કોન્સન્ટ્રેટર મશીન તથા એક બાયપંપ મશીન જોવા મળ્યા ન હતા અને તે ફલેટના દરવાજે તાળુ મારેલુ હતું જેથી કોઇ અજાણ્યા શખ્સોએ કોઇ ચાવી વડે તાળુ ખોલી રૂા. ૬.૬૦ લાખના મશીન ચોરી ગયાની ખબર પડી હતી.

ત્યારબાદ આ બનાવની તબીબને જાણ કરી હતી એ પછી તબિબના કહેવા અુનસાર પોતે યુનિવર્સિટી પોલીસમાં જાણ કરતા પોલીસ ઇન્સ્પેક્ટર એમ. જી. વસાવાના માર્ગદર્શનમાં પી.એસ.આઇ. વી.જી. ડોડીયા સહિતે સ્થળપર પહોંચી દિપભારથીની ફરિયાદ દાખલ કરી હતી. કોઇ જાણભેદુ સામેલ હોવા સહિતની શંકા પરથી પોલીસે તપાસ આગળ વધારી છે.

ચોરીના બીજા બનાવમાં સોરઠીયા વાડી સર્કલ પાસે માસ્તર સોસાયટી શેરી નં. ૭માં રહેતા ગૌરાંગભાઇ લલીતભાઇ રંગાણી નામના ઓગણચાલીસ વર્ષના યુવાને તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જેમા પોતે ભાગીદાર રજનીકાંતભાઇ ઉર્ફે વિશાલભાઇ અકબરી બંને વાવડી ગામના ગેઇટ નજીક જી.ઇ.બી ની ઓફીસની બાજુમાં બાલાજી કોમ્પ્લેક્ષ માં દુકાનં.૧ માં નિલકંઠ ઇલેકટ્રીક નમે ઇલેકટ્રીક વસ્તુઓનો વેપાર કરે છે. તા. ૨૭/૧૧/૨૪ ના રોજ સાંજે પોતાના ભાગીદાર રજનીકાંતભાઇ તથા દુકાનમાં કામ કરતા ભાવીનભાઇ રંગાણી, રવીભાઇ કોઠારીયા અને અશ્વીનભાઇ ગાબુ દુકાને તાળા મારી બધા સાથે નીકળ્યા હતા.


બાદમાં સવારે સાડા સાતેક વાગ્યે પોતાના ભાગીદાર રજનીકાંત ભાઇનો ફોન આવતા તેણે કહેલ કે આપણી દુકાને ચોરી થઇ છે તમે અહી આવો તેમ વાત કરતા પોતે તુરતજ દુકાને ગયા ત્યારે દુકાનનું શટર અડધુ ખુલ્લુ જોવા મળ્યું હતું બાદ પોતે તથા ભાગીદારે દુકાનની અંદર જતા સામાન વેરવીખેર અને કઉન્ટર નો સામાન પણ વેરવિખેર હતો. બાદ પોતે કાઉન્ટરમાં જોતા હીસાબના રૂા. ૪૦, ૦૦૦ જોવા ન મળ્યા હતા. તેમજ દુકાનમાં જોતા ચાર પંખા ગાયબ જોતા કોઇ અજાણ્યા શખ્સો રૂા. ૪૮ હજારનો સામાન ચોરી ગયાની ખબર પડતા પોતે તાલુકા પોલીસમાં જાણ કરતા હેડ કોન્સ બી.જે. ખેર સહિતે પોલીસ ઇન્સ્પેક્ટર ડી. એમ. હરિપરાના માર્ગદર્શનમાં ગુનો દાખલ કર્યો હતો.



રાજકોટ મિરર તંત્રીની કલમે

# રોલની લ્હાયમાં 'રોલ'

## અભિનયના અભરખાઃ ખુદની ફિલ્મ ઉતરી




ટીવી ફિલ્મની ચમકતી દુનિયાને પૂરી જાણ્યા વગર અંજાઈ જનારાને સાવધ કરતી એક ઘટના બની છે. મોટેભાગના લોકો ખુદ ટીવીમાં ઝળકવા કે સંતાનોને ઝળકાવવા વલખા મારતા હોય છે. ગીત-સંગીત-અભિનય વગેરે કલાને આત્મસાત કરવા તેની સાધના કરવી પડે.

આવું કઈજ જાણ્યા વગર સીરીયલ - ફિલ્મમાં ઝળકવા ઘણા લોકો પ્રયાસ કરે છે. પોલીસમાં જાહેર થયા પ્રમાણે રાજકોટની એક શિક્ષિકાને ટીવી શો, વેબ શોથી માંડીને મોટા-મોટા ગણાતા હિંરા સાથે કામ આપવાની લાલચ આપીને રૂ.૮ લાખ ખંખેરી લીધા છે.

લગભગ દરેક કલાક્ષેત્ર પર ધંધાદારીઓએ કબજો જમાવી દીધો છે. આ સાથે કલાના નામે છેતરવાથી માંડીને વિવિધ પ્રકારના ગુન્હા આચરનારા પણ મધમાખીની જેમ મંડાય ગયા છે. ટીવી-ફિલ્મમાં કામના નામે તો છેતરપીંડીનું મહાકાય નેટવર્ક ધમધમે છે. આ ક્ષેત્રને પૂરું જાણ્યા-સમજ્યા વગર ચમકવા ઈચ્છનારા લોકો આસાનીથી ટાર્ગેટ બને છે.

ફિલ્મ-ટીવીની દુનિયાનું બ્રાન્ડીંગ જબ્બર થઈ ગયું છે. લોકમાનસમાં આવી છાપ અંકિત થઈ ગઈ છે કે, આ ક્ષેત્ર સમૃધ્ધિ અને પ્રસિધ્ધમાં આળોટે છે. જુજ લોકો સમૃધ્ધ-પ્રસિધ્ધ છે, ટીવી ફિલ્મ દુનિયાનો બાકીનો મહાકાય સમુદાય ઘર ચલાવવા પણ સંઘર્ષ કરે છે. આ બધી બાબતોથી અજાણ લોકો પૈસા- પ્રસિધ્ધિ મેળવવા નાના-મોટા પડદા તરફ આકર્ષાય છે. બ્રાન્ડીંગથી એટલા અંજાય જાય છે કે, ખુલ્લી આંખે પણ વાસ્તવિક સ્થિતિ જોઈ શકતા નથી.

રાજકોટના શિક્ષિકા પણ આ સ્થિતિનો ભોગ બન્યા છે. તેઓએ છેતરપીંડી ગેંગને કટકે કટકે આઠ લાખ રૂપિયા ચૂકવી દીધા. સવાલ એ છે કે, તમારી પાસે અભિનય ક્ષમતા કે અન્ય નુત્ય-સંગીત વગેરે કલા છે તો ચમકવા માટે પૈસા શેના આપવાના ? આવી કલામાં માહેર હોતો ટીવી ચેનલ કે ફિલ્મકાર પાસેથી રકમ વસુલવાની હોય.

મોટાભાગના લોકો પાસે કોઈ કલા હોતી નથી, છતાં ચમકવાના અભરખા હોય છે. આવા લોકો પૈસા આપીને પણ અભરખા પુરા કરવા તૈયાર હોય છે. આવી વૃતિ રાખનારાને કલા સાધક નહિ, લાલચુ - સેટીંગબાજ કહેવાય. લાલચુ લોકો હોય ત્યાં ધુતારા ભૂખે નથી મરતા. ફિલ્મ- ટીવીક્ષેત્ર જેવા ખેલ ક્રિકેટ જગતમાં પણ ચાલે છે.

આઈપીએલમાં ચમકવાથી માંડીને ધોની-સચિન-કોહલી સાથે કામ કરવાના અભરખા રાખનારા લુટાઈ રહ્યા છે. ધુતારાઓ દરેક ક્ષેત્રમાં પૂરી તાકાતથી સક્રિય છે. રાજકોટના શિક્ષિકાને તો સલમાનખાન સાથે અભિનય આપવાના નામે પોણા ૬ લાખ રૂપિયા પડાવ્યા.

મગજ બંધ રાખીને માર્કેટમાં છવાઈ જવાના અભરખા રાખશો તો રોલ મેળવવાની લ્હાયમાં ખુદનો રોલ થઇ જશે. પોલીસ ધંધે લાગી છે. પણ શિક્ષિકાની ફિલ્મ ઉતારી લેવામાં ગઠીયાઓ સફળ થયા એ હકીકત છે.

!! લાખ રૂપિયાની વાત !!

જીવવાની મજા તો ત્યારે આવે
જ્યારે તમને ખબર હોય કે લોકો
તમારો ઉપયોગ કરી રહ્યા છે,.
તેમ છતાં તમે નિસ્વાર્થ
ખર્ચાઈ રહ્યા હોવ,..

અંજામની ખબર તો સાહેબ
કર્ણને પણ હતી પણ વાત
સંબંધ નિભાવવાની હતી,..
શબ્દો ને બે જ જણા ઢંગથી
વાંચે છે એક "જ્ઞાન મેળવનાર" ને
બીજો "ભુલો શોધનાર",..



પૂ ભક્તિ સ્વામીજી
પ્રમુખ શ્રી અખિલ ભારતીય સંત સમિતિ રાજકોટ જિલ્લા

પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા



# બાંગ્લાદેશમાં ઈસ્કોનને મળી મોટી રાહત

### મંદિર પર પ્રતિબંધ મૂકવાનો હાઈકોર્ટે કર્યો ઈનકાર : સરકારે કોર્ટમાં કહ્યું છે કે પોલીસ સક્રિય છે, આરોપીની પૂછપરછ કર્યા બાદ માહિતીના આધારે આગળની કાર્યવાહી કરવામાં આવશે

નવીદિલ્હી, તા. ૨૮

બાંગ્લાદેશમાં ઈસ્કોનને મોટી રાહત મળી છે. હાઈકોર્ટે ઈસ્કોન પર પ્રતિબંધ મૂકવાનો ઈન્કાર કર્યો છે, કોર્ટે કહ્યું છે કે તે વચગાળાની સરકાર દ્વારા કરવામાં આવી રહેલી કાર્યવાહીથી સંતુષ્ટ છે. તેથી, હાલમાં આ બાબતે સુઓ મોટુ સંજ્ઞાન લેવાની જરૂર નથી. સુનાવણીની શરૂઆતમાં એટર્ની જનરલ વતી ડેપ્યુટી એટર્ની જનરલ અસદુદ્દીને સરકાર દ્વારા લેવામાં આવેલા પગલાં વિશે કોર્ટને માહિતી આપી હતી. તેણે કોર્ટને કહ્યું કે આ ઘટના પર સરકારનું વલણ કડક છે. આ અંગે અત્યાર સુધીમાં ત્રણ કેસ સામે આવ્યા છે, જેમાં એક કેસમાં ૧૩ લોકોને, એકમાં ૧૪ લોકોને અને અન્યમાં ૪૯ લોકોને આરોપી બનાવવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં ૩૩ લોકોની ધરપકડ કરવામાં આવી છે. સીસીટીવી દ્વારા વધુ ૬ લોકોની ઓળખ કરવામાં આવી છે. સરકારે કોર્ટમાં કહ્યું છે કે પોલીસ સક્રિય છે, આરોપીની પૂછપરછ કર્યા બાદ માહિતીના આધારે આગળની કાર્યવાહી કરવામાં આવશે.

ઈસ્કોન પર પ્રતિબંધ મૂકવાની માંગ પર ન્યાયાધીશોએ કહ્યું કે સરકાર સર્વોચ્ચ પ્રાથમિકતા સાથે કામ કરી રહી છે અમે સરકારની કાર્યવાહીથી સંતુષ્ટ છીએ અને અમને રાજ્યની જવાબદારીમાં વિશ્વાસ છે. આ દરમિયાન, કોર્ટે ટિપ્પણી કરી હતી કે 'આપણા દેશમાં તમામ ધર્મના લોકો ખૂબ જ સૌહાર્દપૂર્ણ અને મૈત્રીપૂર્ણ છે, પરસ્પર સન્માન અને પ્રેમ ક્યારેય ગુમાવશે નહીં. તેથી અરજદારે ચિંતા કરવાની જરૂર નથી. બાંગ્લાદેશમાં ઈસ્કોનને તાત્કાલિક રાહત મળી હોવા છતાં સંકટ હજુ પણ યથાવત છે. હકીકતમાં, કટ્ટરપંથી જમાત-એ-ઈસ્લામી બાંગ્લાદેશના કાર્યકર્તાઓ સતત યુનુસ સરકાર પર ઈસ્કોન વિરુદ્ધ કાર્યવાહી કરવા દબાણ કરી રહ્યા છે. બુધવારે કોર્ટમાં સુનાવણી દરમિયાન એટર્ની જનરલે ઈસ્કોનને કટ્ટરવાદી સંગઠન ગણાવ્યું હતું. આવી સ્થિતિમાં હાઈકોર્ટે ઈસ્કોન પર પ્રતિબંધ મુકવાનો ઈન્કાર કરી દીધો હોવા છતાં યુનુસ સરકાર દ્વારા ઈસ્કોન સામે કાર્યવાહીનો ખતરો તોળાઈ રહ્યો છે. તેથી, ઈસ્કોન બાંગ્લાદેશમાં તેની વિરુદ્ધ ચાલી રહેલા પ્રચારને નિષ્ફળ બનાવવા માટે યુદ્ધ લડવા માટે આ ૩ ઉપાયોનો ઉપયોગ કરી શકે છે.

બાંગ્લાદેશ સુપ્રીમ કોર્ટના વકીલ મોહમ્મદ મોનીર ઉદ્દીને બુધવારે હાઈકોર્ટની બેંચ સમક્ષ ઈન્ટરનેશનલ સોસાયટી ફોર કૃષ્ણા ચેતના (ઈસ્કોન) વિશેના કેટલાક અખબારના અહેવાલો રજૂ કર્યા. તેમજ કોર્ટને વિનંતી કરી હતી કે તે આ અંગે સ્વ-મોટો સંજ્ઞાન લે અને સરકારને સંસ્થા પર પ્રતિબંધ લગાવે અને ચિત્તાગોંગ, રંગપુર અને દિનાજપુરમાં કલમ ૧૪૪ લાગુ કરે.

### ઘર હોય ત્યાં વાસણ ખખડે...પણ વાત વણસે તો આવે અકલ્પનીય પરિણામ

# કલેશનો કરૂણ અંજામઃ માતાએ બે દિકરીને સળગાવી, પોતેય સળગી

### ત્રણેયની હાલત ગંભીરઃ નવ-પાંચ વર્ષની દિકરી અને તેને સળગાવનાર જનેતા સારવાર હેઠળ

**દર્શનસિંહ જાડેજા દ્વારા
રાજકોટ મિરર તા.૨૮**

અમુક પરિવારોમાં પતિ-પત્નિ કે પછી સાસુ-વહૂ કે દેરાણી જેઠાણી અથવા તો નણંદ ભાભી વચ્ચે ચડભડ થતી રહેતી હોય છે. જીણામોટા કારણોસર થતી બોલાચાલી બાદ બધા ટાઢા પડી જતાં હોય છે અને જે તે માથાકુટનો અંત આવી જતો હોય છે. ઘર હોય ત્યાં વાસણ ખખડે એ કહેવત છે, પરંતુ જો આમાં વાત વણસે તો તેનું અકલ્પનીય પરિણામ આવતું હોય છે. ઘણેવાર કલેશની આગમાં હર્યાભર્યા પરિવારના માળાઓ પીંખાઇ જતાં હોય છે. આવી અનેક ઘટનાઓ અગાઉ પણ રાજકોટ સહિત સૌરાષ્ટ્ર, ગુજરાતમાં બની ચુકી છે. દરમિયાન વધુ એક આવો બનાવ સામે આવ્યો છે જેમાં કલેશની આગનો કરૂણ અંજામ આવ્યો છે. એક પરિણીતાએ ગૃહકલેશને કારણે ક્રોધીત થઇ પોતાની પાંચ અને નવ વર્ષની દિકરીઓને જીવતી સળગાવી દઇ પોતે પણ સળગી જતાં ત્રણેય મા-દિકરીઓ જીવનમરણ વચ્ચે ઝોલા ખાઇ રહી છે.

અરેરાટી ઉપજાવતી અને કલેશને કારણે તપી જતાં લોકો માટે લાલબત્તી સમાન એવી આ ઘટના ભાવનગર જિલ્લાના ઘોઘા તાલુકાના હાથબ ગામે બની છે. અહિ મહિલાએ ઘરકંકાસથી કંટાળીને પોતાની બે પુત્રી સાથે હાથબ બંગલા પાસે દરિયા કિનારા નજીકના જંગલ જેવા નિર્જન વિસ્તારમાં જઇ જ્વલંતશિલ પ્રવાહી છાંટી સામુહિક આપઘાતનો પ્રયાસ કરતાં ચકચાર મચી છે. ગંભીર હાલતે દાઝી ગયેલાં માતા અને તેની બન્ને પુત્રીને સારવાર અર્થે પ્રથમ કોળિયાક બાદ ભાવનગર સર ટી.હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ત્રણેયની સ્થિતિ ગંભીર હોવાનું જણાવાયુ.હતું. બનાવની જાણ થતાં પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.

વધુ માહિતી પર નજર કરીએ તો આ



ઘટનાથી સમગ્ર ભાવનગર જિલ્લામાં અરેરાટી પ્રસરી ગઇ છે. ઘોઘા તાલુકાના હાથબ ગામે રહેતાં એકત્રીસ વર્ષના નયનાબેન ઉર્ફે નીતાબેન ભાવેશભાઈ ગોહેલે તેમની નવ વર્ષિય પુત્રી પ્રતિક્ષા તથા અન્ય એક પાંચ વર્ષિય પુત્રી ઉર્વશી સાથે હાથબ બંગલા પાસે દરિયા કિનારા નજીક આવેલા જંગલ જેવા વિસ્તારમાં જઇ ત્રણેયના શરીરે જ્વલંતશીલ પ્રવાહી છાંટી સામુહિક આપઘાતનો પ્રયાસ કર્યો હતો. આતરફ માતાએ પોતાની બન્ને પુત્રીઓ સાથે અગ્નિસ્નાન કર્યાની જાણ થતાં જ મહિલાના કુટુંબીઓ અને સ્થાનિક લોકો સ્થળ પર દોડી ગયા હતા. એને રેતી વડે શરીર પર લાગેલી આગ બૂઝાવી ત્રણેયને સારવાર માટે પ્રથમ કોળિયાક પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડયા હતા. જયાંથી વધુ સારવાર માટે ભાવનગરની સર ટી. હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા જ્યાં ત્રણેયની સ્થિતિ ગંભીર હોવાનું તબીબી સૂત્રો જાણવા મળ્યું છે.

ચોંકાવનારી આ ઘટનાની જાણ થતાં ઘોઘા પોલીસનો કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો. અને મહિલા અને તેના પરિવારજનોના નિવેદન નોંધવાની કાર્યવાહી હાથ ધરી હતી. ગંભીર રીતે દાઝી ગયેલાં નયનાબેને ઘર કંકાસથી કંટાળીને પોતાની બન્ને માસુમ પુત્રીઓ સાથે મોતને વ્હાલું કરવાનો પ્રયાસ કર્યો હોવાનું પોલીસ સૂત્રોએ પ્રાથમિક તપાસના અંતે વિગતો આપતાં આપતાં જણાવ્યું હતું. પોલીસે આ મામલે મહિલાનું નિવેદન નોધી અન્ય મુદ્દાઓ પર પણ ઝીટવટભરી તપાસ શરૂ કરી હોવાનું જાણવા મળેલ છે. ઉલેલેખનીય છે કે, હાથબ ગામે રહેતાં મહિલાના પતિ ભાવેશભાઈ ગોહેલ મંડપ સર્વિસમાં મજૂરી કરતાં હોવાનું જયારે, મોટી પુત્રી ધોરણ ચારમાં જયારે નાની પુત્રી બાલમંદિરમાં અભ્યાસ કરતી હોવાનું જાણવા મળેલ છે. માતાએ પુત્રીઓને સળગાવી પોતે પણ સળગી જતાં ત્રણેય ગંભીર હાલતમાં સારવારમાં છે.

## શબ્દ બ્રહ્મ

### સદગુરૂ કૃપા હી કેવલમ્...

# ચિંતનની ક્ષણે

### જીવન જ્યારે બોજરૂપ લાગે! ત્યારે યે દોલત ભી લે લો.. યે શોહરત ભી લે લો..જેવો ભાવ થાય



હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. હમણાં ૧૯/ ૧૧ નવેમ્બરના દિવસે ઈન્ટરનેશનલ મેન ડે તરીકે ઉજવાતો દિવસ ગયો, સ્ત્રી અને પુરુષ યુગોયુગોથી એકબીજાના પૂરક છે, અને બંને ઈશ્વરની શ્રેષ્ઠ કૃતિ છે. સમાજમાં બંને મા સારા-ખરાબ અપવાદો જોવા મળે છે, પરંતુ એક સ્ત્રી, મહિલા, કે નારી એને સતત એ યાદ રહે છે કે, પોતે પુત્રી છે, બહેન છે, પત્ની છે, પુત્રવધુ છે, અને માતા છે. જ્યારે પુરુષને પ્રમાણમાં આ સત્ય ઓછું યાદ રહે છે, અને તે હું એક પુરુષ છું એ સત્યને તે વધારે વળગી રહે છે, બસ તત્વતઃ આટલો તફાવત છે. નાગર જ્ઞાતિમાં તો સ્ત્રી દાક્ષિણ્ય ખૂબ જ જોવા મળે છે, અને પુરુષો સ્ત્રીને ખૂબ જ માન સન્માન આપતા હોય છે. એટલે જીવની આસપાસના પુરૂષ વર્ગમાં ઘણા શ્રેષ્ઠ અને આદર્શ પણ છે, એમાં પણ ખાસ કરીને પિતા, શ્રેષ્ઠ પુરુષ સાબિત થાય એ કક્ષાની તેમની વિચારધારા હતી, કારણ કે એ તો સાધુ ચરિત ધરાવતા હતા. પરંતુ સમાજમાં બધાં સ્ત્રી પુરુષ શ્રેષ્ઠ નથી હોતાં, એ સત્ય સ્વીકારવું જ પડે. સ્ત્રી હોય કે પુરુષ જ્યારે તે પોતાના અહમના અસ્તિત્વ ને પુરવાર કરવા માટે સાચા ખોટા આગ્રહોને જીવનમાં મહત્વ આપે, ત્યારે બહુ સ્વાભાવિક રીતે જ જાણે અજાણે નીતિ પ્રમાણિકતા અને ઈમાનદારી જીવનમાંથી ધીરે ધીરે લુપ્ત થતાં જાય છે, અને જીવન એવા મોડ પર આવીને ઊભું રહે છે કે જ્યાં તેને એકલતાનો અનુભવ થાય છે, બહુ જ થાક લાગે છે,જીવન બોજારૂપ લાગે, અને જીવ ફરી પાછો નિખાલસ બનવા માટે, નાનપણમાં એટલે કે બાળપણની એ મસ્તીમાં જવા માગે છે. તો આજે આપણે પણ તરાને કી તર્જ જીવન કા અર્ક માં, એવા એક ગીતનો સંદર્ભ લઈને ચિંતન કરીશું.

યે દૌલત ભી લે લો,
શોહરત ભી લે લો,
ભલે છીન લો મુઝસે મેરી જવાની,
મગર મુઝકો લૌટા દે,
બચપન કા સાવન,
વો કાગજ કી કશ્તી,
વો બારિશ કા પાની,
વો કાગજ કી કશ્તી,
વો બારિશ કા પાની.

૧૯૯૦ની સાલમાં બનેલી ''આજ'' ફિલ્મનાં ગીતમાં ચિત્રા સિંઘ અને જગજીતસિંઘ નો અવાજ છે, ફિલ્મમાં મુખ્ય કિરદાર કુમાર ગૌરવ અને અનામિકા પાલ રાજ બબ્બર માર્ક જુબેર અને રાજ કિરણ છે. શબ્દો છે સુદર્શન ફકીર ના અને મ્યુઝિક સારેગામા નું.


ફિલ્મની સ્ટોરીથી હું પરિચિત નથી, પરંતુ આપણે ગીતના શબ્દો પકડી એ તો જીવનના કોઈ એવા મુકામે દરેકે દરેકને આ શું થઈ ગયું? એવો ભાવ થતો હોય, એટલે કે એને પોતાની જિંદગી બોજારૂપ લાગતી હોય છે, અને ક્યાંક ક્યાંક તો આપણા રચેલા સંસાર નામના જાળામાં, આપણે જ ફસાઈ ગયા હોઈએ, અને અત્યંત ઉલ્ઝન ભર્યા જીવનનું કારણ આપણે જ હોઈએ, તેવું લાગે છે. દરેકના જીવન જુદીજુદી ગતિવિધિઓ માંથી પસાર થતા હોય છે, પરંતુ એકંદરે સૌનું બાળપણ કંઈ અંશે યાદ કરવા જેવું હોય છે, અને જ્યારે પણ યાદ કરીએ ત્યારે થોડો આનંદ આપનારું હોય છે, અને એનું કારણ માત્ર એ જ છે કે, બાળપણમાં નિખાલસતા અને નિર્દોષતા હોય છે. કારણકે જવાબદારીનો બોજો હોતો નથી, એટલે બહુ સાચું ખોટું કરવું પડતું નથી. આજકાલ તો હવે બાળપણ પણ એટલું નિર્દોષ રહ્યું નથી, કારણકે શિક્ષણને નામે સ્પર્ધા માં જોતર્યા હોય એવું લાગે! અને સ્પર્ધા માં હાર જીત હોય એટલે જીતવા ના ખેલ પણ થાય. પરંતુ એકંદરે જીવનના એક મુકામ પર સૌનાં જીવનનું આ સત્ય અકાટ્ય છે. એટલે કે સ્ત્રી હોય કે પુરુષ હોય, તેને પોતાના બાળપણમાં આજના પ્રમાણમાં થોડોક વધુ આનંદ મળ્યો હોય, અને એનું કારણ માત્ર ને માત્ર નિખાલસતા અને નિર્દોષતા છે, જે સાધુ હોવાનું બહુ જરૂરી લક્ષણ છે, અને એ વિશે આપણે કેટલીય વખત વાત કરી છે.


કવિએ તો આ ગીતમાં બાળપણના પ્રસંગોને ટાંકીને એને શબ્દ ચિત્ર આપ્ય છે. એટલે કે એને એ સમયનું બધું એકાએક સ્મૃતિમાં આવે છે. બાળપણમાં કહેવાતી વાર્તા પણ જીવન ઘડતરમાં બહુ મહત્વનો ભાગ ભજવતી હોય છે, અને એટલે જ આપણે ત્યાં નાના બાળકોને વાર્તા દ્વારા સંસ્કાર શીખ આપવાની એક પ્રથા હતી. આજકાલ તો નાના નાના એટલે કે ચારથી પાંચ વર્ષના બાળકોને પણ મોબાઇલના વ્યસન થઈ ગયા છે, અને માતા-પિતા પોતાનું બાળક સ્માર્ટ છે, એવો ગર્વ પણ લેતાં હોય છે, જે ખરેખર ખોટું છે. વેદ ઉપનિષદ રામાયણ-મહાભારતના કિસ્સાઓ વાર્તા સ્વરૂપે નાના બાળકોને સંભળાવવાથી એ આદર્શ ચરિત્રોના પાત્રો તેના માનસમાં અંકિત થાય છે, અને આ વાતનો સંદર્ભ લઈને ઘણી બધી એ પ્રકારની સિરિયલો તેમજ કાર્ટુન સીરીયલ પણ બાળકો માટે બનાવવામાં આવી, કે જેથી કરીને એ લોકો મનોરંજનની સાથે સાથે શીખ અને સંસ્કાર પણ મેળવે. આપણે ત્યાં અકબર બીરબલ, પંચતંત્ર, અને વિક્રમ વેતાળની,તેમજ સદગુરુ ભગવાનની પણ બાળવાર્તા માટે ખૂબ જ પ્રચલિત છે. જેનું બાળપણ આ રીતનું ખૂબ જ સમૃદ્ધ ગયું હોય, એટલે કે માતા-પિતાએ નાનપણથી જ આ રીતે સંસ્કાર ઘડતર કર્યું હોય, એના જીવન પ્રમાણમાં ઓછા દૂષિત હોય છે. પરંતુ આજકાલની આ સ્પર્ધાની દુનિયામાં લોકો ઘણું બધું છોડતા ગયાં, તેમાં સૌથી મોટી ભૂલ સંસ્કાર છોડવાની થઈ ગઈ. ઉંમરના અમુક મુકામે એ વાત સમજાય છે, અને ત્યારે આપણે કોઈપણ કાળે બચપણના એ દિવસોમાં પાછા જઈ શકીએ તેમ ન્હોય, એ નિખાલસતા મેળવી શકીએ તેમ ન્હોય, ત્યારે પછી ઈશ્વરને આ રીતે પ્રાર્થના કરવી પડે કે, તું મારી બધી જ દૌલત લઈ લે,શોહરત લઈ લે, પણ મને મારું બાળપણ પાછું આપી દે. તો આપણા સંસ્કારો છૂટી જવાથી કે આપણા અહમને પ્રબળ બનાવવાથી જીવનમાં ઘણી બધી સમસ્યાઓ વગર કારણે ઉદભવતી હોય છે, અને એનો જ થાક જો આપણને લાગતો હોય, તો સમય રહેતા આપણે આ ભૂલને સુધારી લઈએ, અને આપણાં સ્વભાવની મૂળ નિખાલસતા અને નિર્દોષતા ફરી પાછી જીવનમાં સ્થાન મેળવે એ રીતનું ચરિત્ર નિર્માણ કરીએ, કે જેનાથી જીવન અને જીવન આસપાસ રહેલા વ્યવહારો તેમજ સંબંધોમાં મધુરતા, અને સરળતા સ્થાપી શકાય.આપણા સૌનું જીવન બાળપણમાં હતી, એવી જ નિખાલસતા અને નિર્દોષતાથી હર્યુંભર્યું રહે, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

**લી. ફાલ્ગુની વસાવડા. (ભાવનગર)**


# પાંડુરંગજીએ ગામડે ગામડે વનના કર્યા નિર્માણ : મોરારિબાપુ

## જે પહેલું વૃક્ષ વાવો તેને ગણેશ વૃક્ષ ગણજોઃ ૨૯ નવેમ્બર, શુક્રવારે સંતોનો મિનિકુંભ : સાંદીપની ગુરૂકુળ તરફથી પાંચ લાખ રૂપિયા અર્પણ








### સદભાવના વૃદ્ધાશ્રમની વૃક્ષારોપણની પ્રવૃતિ એ ધરતીમાતાનો ચૂંદડી મનોરથ છે

માનસ સદભાવના રામકથાના છઠા દિવસે સાંદીપની વિધ્યાપીઠના પ્રખર ભાગવત આચાર્ય પૂ. ભાઈશ્રી રમેશભાઈ ઓઝાએ આશીર્વચન પાઠવતા એવું જણાવ્યું હતું કે સદભાવના એ વૃદ્ધાશ્રમ અને વૃક્ષારોપણ જેવા યજ્ઞનો આરંભ કરી ધરતીમાતાનો ચૂંદડી ઓઢાડવાનો મનોરથ કર્યો છે. વૃક્ષો કાપવા એ પાપ છે અને વૃક્ષો કાપવા એટલે પૃથ્વીના ફેફસાં કાપવા બરાબરનું કૃત્ય છે. આપણાં વૈદ્યો પણ જડીબુટી લેવી હોય ત્યારે તેને નોતરે છે, અગાઉથી જાણ કરે છે. ઔષધિઓના સ્વામી ચંદ્રમાં ને પણ પ્રાર્થના કરે છે. તેમજ જડીબુટી કાપતા પહેલા તેનું પૂજન કરી પગે લાગી પછી જ જડીબુટી મેળવે છે. આપણી સનાતન ધર્મની આ સંવેદનશીલ પરાકાષ્ઠા છે. પૂ. ભાઈશ્રીએ ચાર આશ્રમનું વર્ણન કરતાં એવું જણાવ્યું હતું કે બ્રહ્મચર્ય આશ્રમમાં ભિક્ષાટન થઈ શકે છે, સન્યાસ આશ્રમમાં પણ આ પરંપરા છે. ગૃહસ્થ આશ્રમમાં પોતાની આવકના દસ ટકા પરમાર્થ માટે વાપરવામાં આવે છે પરંતુ વાનપ્રસ્થ આશ્રમમાં ભિક્ષાટન કરવાની કોઈ પરંપરા કે વ્યવસ્થા નથી માટે વૃદ્ધો હાથ લંબાવી શકે નહીં એવા સમયે સદભાવના વૃદ્ધાશ્રમે વૃદ્ધો સન્માનપૂર્વક નિવૃત્તિ ગાળો શાંતિથી પસાર કરી શકે તેવો યજ્ઞ શરૂ કર્યો છે. જેમાં સદભાવના વૃદ્ધાશ્રમના માર્ગદર્શક અને સંરક્ષક પ. પૂ (ડો.) પરમાત્માનંદ સરસ્વતીજીના આશીર્વાદ અને પૂ. મોરારિ બાપુના માર્ગદર્શન સાથે રાજકોટ રામમય બની આ યજ્ઞમાં આહુતિ આપી રહ્યું છે.

પૂ. ભાઈશ્રીએ સનાતની ધર્મ શૈલીનો ઉલ્લેખ કરી સદભાવના વૃદ્ધાશ્રમની આ સેવાને કર્મયજ્ઞ હોવાનું જણાવ્યું હતું. જેમ ખાદી માત્ર વસ્ત્ર નથી એક વિચાર છે તેમ સનાતન ધર્મ પણ માત્ર વસ્ત્ર નથી એક વિચાર છે. પૂ. ભાઈશ્રીએ સદભાવનાના આ સેવા કર્મ યજ્ઞમાં આહુતિ અર્પણ કરવાની જાહેરાત સાથે સાંદીપની ગુરુકુળ તરફથી ૫ લાખ રૂપિયા અર્પણ કર્યા હતા. માનસ સદભાવના કથામાં સભા સંચાલન કરતાં મિત્તલ ખેતાણીએ પૂ. ભાઈશ્રીનો પરિચય આપતા એવું પણ જણાવ્યું હતું કે પૂ. ભાઈશ્રીએ સદભાવનના સેવા કાર્યોને બિરદાવી ગુજરાત સરકાર અને ભારત સરકારને પણ સેવા કાર્ય કરવા હોય તો સદભાવનાને સાથે રાખી કરો તો વધુ સારા પરિણામ મળી શકે છે તેવો આશાવેદ વ્યક્ત કર્યો હતો. પ. પૂ (ડો.) પરમાત્માનંદ સરસ્વતીજી એ સમગ્ર રાજકોટ વતી પૂ. ભાઈશ્રીનો આભાર વ્યક્ત કરતાં એવું જણાવ્યું હતું કે માનસ સદભાવના કથાના આજે છઠ્ઠા દિવસે પૂ. ભાઈશ્રીએ પોતાનું મૌન વ્રત હોવા છતાં આશીર્વાદના શબ્દો વ્યક્ત કરી નૈમિતિક ધર્મનું પાલન કર્યું છે.

### આચાર્ય મહામંડલેશ્વર જૂના પીઠાધિશ્વર , સ્વામી શ્રી અવધેશાનંદ ગિરિજી સહિતના સંતો મહંતો રહેશે ઉપસ્થિત

માનસ સદભાવના કથામાં આવતી કાલે સંતોનો મિનિ મહાકુંભ યોજાશે. આ અંગે પ. પૂ (ડો.) પરમાત્માનંદ સરસ્વતીજીએ એવું જાહેર કર્યું છે કે આજે પ. પૂ. આચાર્ય મહામંડલેશ્વર જૂના પીઠાધિશ્વર સ્વામી શ્રી અવધેશાનંદ ગિરિજી જેમણે ચૌદ લાખ લોકોને દીક્ષા આપી જે જૂના અખાડાના વડા છે તે ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત કર્ણાટકમાં જે ૧.૭૫ લાખ વિધાર્થીઓને ભણાવે છે એવા પ. પૂ. શ્રી શ્રી શ્રી જગદગુરુ સ્વામી શ્રી ડો. નિર્મલાનંદ નાથજી મહારાજ, હરિયાણામાં ખુદ રાજ્ય સરકાર ગીતા જયંતી ઉજવે છે અને મહાભારતને કેન્દ્રમાં રાખી ટુરીઝમ ઊભું કરવામાં આવ્યું છે અને ગીતા જયંતી એક્સપ્રેસ ટ્રેન પણ શરૂ કરવામાં આવી છે આ તમામ કાર્ય જેના નેતૃત્વમાં થઈ રહ્યું છે તેવા પ. પૂ. શ્રી ગીતામનીષી મહામંડલેશ્વર જ્ઞાનાનંદજી મહારાજ, ગોવાથી પ. પૂ પદ્મશ્રી પદ્મનાભ પીઠાધીશ્વર ધર્મ ભૂષણ સ્વામી બ્રહ્મેશાનંદજી મહારાજ, વૈષ્ણવોની કુલ આઠ પીઠ પૈકીનાં બીજી પીઠના વૈષણાવાચાર્ય બંને પ. પૂ દ્વિતીય ચંપારણીય પીઠાધીશ્વર વલ્લભકુળ તિલક શ્રી દ્વારકેશ બાવાશ્રી તથા પ. પૂ ષષ્ઠ પીઠાધીશ્વર શાસ્તા પીઠના વલ્લભકુળ તિલક દ્વારકેશ બાવાશ્રી, એસ.જી.વી.પી ગુરુકુળના અધ્યક્ષ શાસ્ત્રી પ. પૂ શ્રી માધવ પ્રિયદાસજી, કૃષ્ણ પ્રણામી સંપ્રદાય આચાર્ય પ. પૂ શ્રી કૃષમણીજી મહારાજ ઉપસ્થિત રહેશે.

રાજકોટ, તા. ૨૮

માનસ સદભાવના રામકથાના છઠ્ઠા દિવસે પૂ. મોરારિબાપુએ વૃક્ષોનું મહિમા ગાન કરતાં જણાવ્યું કે બુદ્ધત્વ હંમેશા વૃક્ષ નીચે પ્રગટે છે. તેમણે ઉમેર્યું કે પૂ. પાંડુરંગ શાસ્ત્રીજીએ ગામડે ગામડે અલગ અલગ વન તૈયાર કરાવ્યા અને પહેલી વખત વૃક્ષ મંદિર જેવો શબ્દ આપણને આપ્યો. પૂ. મોરારિબાપુએ કહ્યું કે પ્રત્યેક વૃક્ષ બોધિ વૃક્ષ છે માટે વૃક્ષો વાવો અને તેને ક્યારેય કાપો નહીં.

પૂ. મોરારિબાપુએ જણાવ્યું કે શંકરાચાર્યની પરંપરામાં પણ વટ વૃક્ષનો મહિમા છે ત્યાં વટ વૃક્ષ નીચે વૃદ્ધો ગુરુજીના શબ્દોનું શ્રવણ કરી રહ્યા છે. તેમણે વધુમાં કહ્યું કે વન અને જંગલમાં ફેર છે. વનમાં શરણાગતિ અને સાધના થાય કે જ્યારે જંગલમાં શિકાર થાય છે. સીતાજીએ ભગવાન રામ સાથે વનમાં જવા વિનંતી કરી ત્યારે તેમણે કહ્યું હતું કે વનના દેવી અને દેવતાઓ પોતાનું સાસુ અને સસરાની જેમ ધ્યાન રાખશે માટે જ્યારે વૃક્ષ વાવો ત્યારે તેને નાડાછડી બાંધીને સીતા રક્ષાબંધન કરી રહ્યા હોય તેવો ભાવ રાખજો. પૂ. મોરારિબાપુએ ગઈ કાલે જે પાંચ પ્રકારના વૃક્ષોની વાત કરી હતી તેમાં ચંદનનું વૃક્ષ ચોરીના હેતુથી કપાઈ જવાની શક્યતા હોવાનું ધ્યાન દોરવામાં આવતા પૂ. મોરારિબાપુએ કહ્યું કે આપણે પ્રેક્ટિકલ થઈએ અને ચંદનને બદલે કોઈ પણ વૃક્ષ પહેલા વાવો તેને ગણેશનું વૃક્ષ ગણજો.

પૂ. મોરારિબાપુએ કહ્યું કે ૨૯ નવેમ્બર, શુક્રવારે પ. પૂ (ડો.) પરમાત્માનંદ સરસ્વતીજીનો જન્મ દિવસ હોય સાધુ સંતોનો મિનિ કુંભ થવાનો છે ત્યારે કથા સમય સવારે ૯:૩૦ નો રહેશે. આજની કથામાં પૂ. ભાઈશ્રી રમેશભાઈ ઓઝા, પ. પૂ (ડો.) પરમાત્માનંદ સરસ્વતીજી સહિતના સંતો અને વિવિધ ક્ષેત્રના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આજે પૂ. મોરારિબાપુની રામકથાના છઠ્ઠા દિવસે પ્રારંભે વિવિધ ક્ષેત્રના ભાવિકોએ પોથી પ્રદક્ષિણા કરી પોતાની શ્રદ્ધા વ્યક્ત કરી હતી. પૂ. મોરારિબાપુએ રામાયણની ચોપાઈઓ ગાઈને કથાનો શુભારંભ કરાવ્યો હતો. આજે પણ વૃદ્ધ અને વૃક્ષના વિવિધ ગુણો અંગે વિગતે વાત કરી હતી. સમાજમાં પર્યાવરણની શુદ્ધિ અને પ્રદૂષણના નાશ માટે વૃક્ષોની કેવી જરૂરિયાત છે તેના વિષે રસપૂર્વક વાતો કરી હતી. દાતાઓએ ગઈકાલે પણ વડીલો અને વૃક્ષો માટે દાનની સરવાણી વહાવી હતી.

## આવ તારુ કરી નાંખુ...ગઠીયાગીરીની નવતર ઘટનાઃ ટીવી સિરીયલમાં કામ કરવાની તક, રૂબરૂ મળો...જાહેરાત વાંચી શિક્ષીકા ચૌધરી હાઇસ્કૂલ પાસેની હોટેલમાં ઓડિશન આપવા ગયા અને જાળમાં લપેટાયા

# અભિનેત્રી બનવાના સપનામાં શિક્ષીકાએ ૮ લાખ ગુમાવ્યા

## પંચનાથ પ્લોટમાં રહેતાં શિક્ષીકા-ડાન્સ કોરીયોગ્રાફર લીનાબેન શાહ સાથે મુંબઈની બે યુવતિ, બે યુવાનોએ ટીવી સિરીયલ, મ્યુઝીક આલ્બમ, વેબ સિરીઝમાં કામ અપાવવાના નામે કરી ઠગાઇઃ એ-ડિવીઝન પોલીસે શરૂ કરી તપાસ

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર તા.૨૯**

અનેક લોકો ઉગતા કલાકારો એવા હોય છે જે પોતાની અંદરની પ્રતિભાને ટીવી કે ફિલ્મી પરદા સુધી પહોંચાડવા માટે થનગનતા હોય છે અને તે માટે અનહદ પ્રયાસો કરતાં હોય છે. જો કે ઘણીવાર આવા ઉગતા કલાકારોની આ ફિલ્ડમાં પહોંચવાની અનહદ ચાહનો લેભાગુઓ ગેરફાયદો ઉઠાવી તેમની સાથે ઠગાઇ કરી લેતાં હોય છે. આવા અનેક કિસ્સા અગાઉ પણ બની ચુક્યા છે. દરમિયાન રાજકોટ શહેરના એક શિક્ષીકા કે ડાન્સ કોરીયોગ્રાફર પણ છે તેણીને મુંબઇની બે યુવતિ, બે યુવાનની ટોળકીએ ટીવી સિરીયલ, ફિલ્મ, સોંગ આલ્બમમાં કામ અપાવવાની લાલચ દઇ અલગ અલગ બહાના ધરી રૂપિયા આઠ લાખ પડાવી લઇ છેલ્લે પોતાના ફોન બંધ કરી દઇ છેતરપીંડી આચરી છે. આ મામલે એ-ડિવીઝન પોલીસે એફઆઇઆર દાખલ કરી તપાસ શરૂ કરી છે. શિક્ષીકાને સલમાન ખાનની ફિલ્મમાં કામ કરવાની લાલચ પણ અપાઇ હતી, તેમજ દેખાવ માટે તેણીને મુંબઇ બોલાવી થોડુ ઘણુ શુટીંગ પણ કરાયું હતું. ચોંકાવનારી વાત એ છે કે એક ગઠીયાએ તો કલર્સ ચેનલના નામનો પણ ઉપયોગ કરી લીધો હતો.

આ ઘટનાની વિગતો પર નજર કરીએ તો ઠગાઇના આ કિસ્સામાં એ-ડિવીઝન પોલીસે પોલીસે પંચનાથ પ્લોટ શેરી નં. ૧૫/૧૬ના ખુણે રાજલક્ષ્મી એપાર્ટમેન્ટ બ્લોક નં. ૨૦૧ બીજા માળે રહેતાં અને તપસ્વી સ્કૂલમાં શિક્ષીકા તરીકે નોકરી કરતાં સાડત્રીસ વર્ષના લીનાબેન અભયભાઇ શાહની ફરિયાદ પરથી મુંબઇની માહી ઉર્ફ શાહીન અફસર અલી, સોનમ ઉર્ફ શગુફતાબાનુ અફસર અલી, અરમાન અફસર અલી અને ભુષણ વિરૂધ્ધ એફઆઇઆર દાખલ કરી તપાસ શરૂ કરી છે. છેતરાયેલા શિક્ષીકા લીનાબેન શાહે જણાવ્યું છે કે હું સાસુ સસરા સાથે રહુ છું, મારા પતિનું વર્ષ ૨૦૧૯માં અવસાન થયું છે. હું ચારેક વર્ષથી શિક્ષીકા તરીકે નોકરી કરુ છું અને ડાન્સ કોરીયોગ્રાફર પણ છું, હું અલગ અલગ પ્રોગ્રામમાં ડાન્સ પણ કરુ છું. વર્ષ ૨૦૨૨માં મારા મોબાઇલમાં વ્હોટ્સએપ ગ્રુપ એક ન્યુઝ પેપરની જાહેરખબર આવી હતી. જેમાં ટીવી સિરીયલમાં કામ કરવા માટે અમારે સારા કલાકારોની જરૂર છે, રસ ધરાવનારા હોય તેણે ચૌધરી હાઇસ્કૂલ પાસે નોવા હોટેલ ખાતે રૂબરૂ હાજર રહેવુ એવુ લખાાણ હોઇ હું તથા હિતેષભાઇ પંડ્યા બંને જુન-૨૦૨૨માં નોવા હોટેલ ખાતે ગયા હતાં. જ્યાં સોનમ ઉર્ફ શગુફતાબાનુ અને માહી ઉર્ફ શાહીન (રહે. મુંબઇ)એ અમારુ ઓડીશન લીધુ હતું. એ પછી બંને મહિલાએ મારી પાસે એક ફોર્મ ભરાવી રૂા. ૨૦ હજાર માંગતા મેં તેને રોકડા આપી દીધા હતાં. જેની કોઇપણ જાતની પહોંચ મને આપી નહોતી.




મુંબઇની માહી ઉર્ફ શાહીન અફસર અલી, સોનમ ઉર્ફ શગુફતાબાનુ અફસર અલી, અરમાન અફસર અલી અને પોતાને કલર્સ ચેનલનો અધિકારી ઓળખાવનાર ભુષણ વિરૂધ્ધ ગુનો દાખલ

જે તે વખતે આ બંનેએ કહેલુ કે-તમારુ કામ સારુ છે, અમે ફરી થોડા દિવસમાં રાજકોટ આવી તમારો સંપર્ક કરીશું. આ પછી સોનમ અફસર અલી અને તેની સાથેની માહી અફસર અલી ફરી રાજકોટ આવ્યા હતાં અને મને ફોન કરી તમે યુરોપીયન હોટેલ ખાતે રાજેશ્રી સિનેમા પાસે આવો. આથી હું ત્યાં જતાં સોનમ ઉર્ફ શગુફતાબાનુ તથા માહી ઉર્ફ શાહીન હાજર હતી. બંનેએ કહેલુ કે અમે અહિ શુટીંગ માટે આવ્યા છીએ, અહિ મુંબઇનો અરમાન અશરફ અલી પણ હોઇ તેની સાથે પણ અમારી મુલાકાત થઇ હતી. તેણે પણ કહેલુ કે અહિ શુટીંગ માટે આવ્યા છીએ અને ટીવી સિરીયલમાં નવુ કામ આપવાનું છે, અમે નવો પ્રોજેક્ટ ચાલુ કરીએ છીએ જેમાં તમને પણ કામ અપાવશું. તેમ અરમાને કહ્યું હતું.

આ પછી સોનમ અને માહીએ વેબ સિરીઝના પ્રોજેક્ટ માટે મારી પાસે બીજા ૧૮ હજાર માંગતા મેં બંનેને આ રકમ પણ રોકડેથી આપી હતી.

ત્યારબાદ મને સોનમ અને માહીએ મુંબઇ શુટીંગ માટે બોલાવી હતી. જયાં 'કેમ્પસ કી દુનિયા' નામની વેબસિરીઝનું વજેશ્વરી મુકામે શુટીંગ કર્યુ હતું. જેમાં મેં મારા શિક્ષક તરીકેના અડધા રોલનું શુટીંગ કર્યુ હતું. એ પછી અરમાને મને કહેલુ કે કલર્સ ચેનલમાં ભુષણસર છે તેની સાથે હું તમારો સંપર્ક કરાવી આપીશ. તમને ટીવી સિરીયલ 'કયામત સે કયામત તક' નામની સિરીયલ અપાવીશ તેવી વાત કરી હતી. ત્યારબાદ હું ઘરે આવી ગઇ હતી. તેના બે દિવસ પછી મને એક ફોન આવ્યો હતો. જેમાં સામે છેડેથી ફોન કરનારે હું ભુષણસર બોલુ છું, મને અશરફ અલીએ તમારા નંબર આપ્યા છે, અમે કલર્સ ચેનલમાં નવી સિરીયલ બનાવી રહ્યા છીએ તેમાં તમારું સિલેક્શન થયું છે. તમને તેમાં કામ અપાવીશું, જેના માટે તમારે ૭૦ હજાર રૂપિયા ભરવા પડશે.

જેથી મેં હા પાડતાં ભુષણસરે મને પ્રેમ તાવડેના એકાઉન્ટ નંબર આપતાં મેં તેમાં રૂા. ૭૦ હજાર ટ્રાન્સફર કર્યા હતાં. એ પછી ભુષણસર અને અરમાને મને કહેલુ કે ૭૦ હજારમાં કામ નહિ થાય, હજુ બીજા ૫૦ હજાર ભરવા પડશે. મેં આ રકમ ભરવાની પણ હા પાડી હતી અને પ્રેમ તાવડેને ગૂગલ પેથી રકમ મોકલી હતી. એ પછી ફરીથી ૩૦ હજાર મોકલવાનું કહેતાં મેં ફરી પ્રેમને ૩૦ હજાર મોકલેલા. એ પછી ફરી અરમાને ફોન કરી ફોટોશુટ માટે ૫૦ હજાર માંગતા મેં આ રકમ ભરવાની ના પાડતાં તેણે કેહલું કે તમારા પોસ્ટર લાગશે, તમે ફેમસ થઇ જશો. આવી લાલચ આપતાં મેં હા પાડી ફરીથી પ્રેમ તાવડેને રૂા. ૫૦ હજાર મોકલી દીધા હતાં. ત્યારપછી માહી અને સોનમે મને બીજી એક વેબ સિરીઝ તેમજ ફોટો શુટ અને આલ્બમ સોંગ તથા સલમાન ખાનની ફિલ્મમાં મને રોલ અપાવશે તેવી લાલચ આપી મારી પાસેથી રૂપિયા માંગતા મેં તેને રૂા. ૫,૬૨,૦૦૦ આપી દીધા હતાં.

આ રકમ પણ તેને ગૂગલ પેથી આપી હતી. પરંતુ એક વર્ષ થઇ જવા છતાં માહી, સોનમ, અરમાન કે ભુષણે મને ટીવી સિરીયલમાં કામ માટે ન બોલાવતાં અને હું ફોન કરુ તો અવાર-વનાર શુટીંગની તારીખ આવશે એટલે તમને બોલાવી લઇશું તેવો જવાબ આપી દેતાં હતાં. હવે જુન-૨૦૨૪થી આ બધાના ફોન બંધ થઇ ગયા છે. જેથી મારી સાથે ઠગાઇ થયાની મને ખબર પડી હતી. ટીવી સિરીયલ, વેબ સિરીઝ, સલમાન ખાનની ફિલ્મ, આલ્બમમાં કામ અપાવવાની લાલચ દઇ આ ચારેયએ મારી પાસેથી કુલ ૮ લાખ પડાવી લીધા હોઇ અંતે મેં પોલીસને જાણ કરી હતી. આ ઘટનામાં એ-ડિવીઝન પોલીસ સ્ટેશનના ઇન્સ્પેકટર આર. જી. બારોટ અને પીએસઆઇ એમ. ડી. ડાંગીએ ગુનો દાખલ કરી મુંબઇની ઠગ ટોળકીને દબોચી લેવા તપાસ આરંભી છે. ટોળકી ઝડપાયા બાદ તેણે અન્યોને પણ છેતર્યાની વિગતો ખુલવાની શક્યતા છે.

રંગીલા રાજકોટમાં વધુ એક વખત ચોંકાવનારી બળજબરીની ઘટના પોલીસ ચોપડે ચડી

# શિક્ષકાનું જેઠે સતત શોષણ કર્યું: અવાર-નવાર દૂષ્કર્મ

**લગ્નના થોડા જ દિવસ બાદ જેઠે આવી અડપલા કરી બળજબરીનો પ્રયાસ કર્યો: પરિણીતાએ સાસુને કહેતાં તેણે-તારો જ વાંક છે એવું કહી દીધું!: પરિણીતાએ ઘર બદલ્યું, ગામ બદલ્યું તો'ય જેઠે પીછો ન મુક્યો: દિવાળી ટાણે ફરી જેઠે લખણ ઝળકાવતાં અંતે પોલીસને જાણ કરી: પતિને પણ હકિકત જણાવી છેલ્લે તાલુકા પોલીસમાં એફઆઈઆર દાખલ કરાવી**

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર તા.૨૯**

બળજબરી, દૂષ્કર્મ, બળાત્કારની અનેક એવી ઘટનાઓ બનતી રહે છે જેમાં ભોગ બનનારનું તેના નજીકના જ કે પછી કુટુંબ પરિવારના જ કોઈએ શોષણ કર્યુ હોય છે. આવો જ એક ચોંકાવનારો બનાવ પોલીસ ચોપડે ચડ્યો છે. રાજકોટ શહેરમાં એક શિક્ષીકા સાથે તેના સગા જેઠે વારંવાર દૂષ્કર્મ આચરી તેણીને તેના પતિ અને બાળકને ક્યાંયના રહેવા નહિ દઉ તેવી ધમકી આપી સતત શોષણ કરતાં અને પરિણીતાને ઘર બદલી બીજે રહેવાનું ચાલુ કરતાં ત્યાં જઈને પણ અને શહેર બદલી નાખતા ત્યાં જઈને પણ તેણીને હેરાન પરેશાન કરતાં અંતે તેણીએ હિમ્મત કરી પોલીસને ફોન કરી ઘટનાની જાણ કરતાં પોલીસે ગુનો દાખલ કર્યો છે.

પોતાના જ જેઠ દ્વારા સતત શારીરિક શોષણનો ભોગ બનેલી શિક્ષીકાએ આ મામલે તાલુકા પોલીસ સ્ટેશનમાં જેઠ વિરુધ્ધ ફરિયાદ દાખલ કરાવી છે. પાંત્રીસ વર્ષની આ મહિલાએ જણાવ્યું છે કે મારા લગ્ન જ્ઞાતિના રિવાજ મુજબ થયા છે. જે તે વખતે અમે બીજા રાજ્યમાં રહેતાં હતાં. લગ્ન પછી હું રાજકોટ પતિ, સાસુ, સસરા, જેઠ, જેઠાણી અને બાળકો સાથે સંયુક્ત કુટુંબમાં રહુ છું. મારા લનના થોડા દિવસો પછી મારા ઘરે કોઈ હાજર નહોતુ ત્યારે મારા જેઠે રસોડામાં આવી મારી છાતી પર સ્પર્શ કરી બળજબરી કરવાની કોશિષ કરતાં મેં મારા સાસુને આ વાત કરી હતી. પરંતુ સાસઅુ કહેલુ કે તમારો જ વાંક છે. આમ કહેતાં મારા નવા નવા લગ્ન થયા હોઈ હું ડરી ગઈ હતી. જેથી મેં મારા પતિને વાત કરી નહોતી. વળી મારા પતિની ખરાબ આદતોને કારણે પણ મારા સાસરિયા મને અવાર-નવાર બોલ્યા રાખતા હતાં. લગ્નના પાંચ મહિના બાદ હું પ્રેગનન્ટ થઈ હતી અને એ પછી મેં પુત્રને જન્મ આપ્યો હતો.



અમે સંયુક્ત કુટુંબમાં રહેતાં હોઈ દિકરાના જન્મ બાદ પણ મારા જેઠ મારી સામે ખરાબ નજરથી જોતા હતાં. હું કંઈ કામ કરતી હોઉ ત્યારે મારી પાસે આવી અડપલા કરી લેતાં હતાં. દિકરો નવ મહિનાનો થતાં અમે અલગ રહેવા જતાં રહ્યા હતાં. આ મકાન મારા જેઠાણીના નામનું હોઈ હું અને મારા પતિ ત્યાં રહેતાં હતાં. અહિ પણ જેઠ કોઈને કોઈ બહાને આવતાં હતાં. હું એકલી હોઉ ત્યારે બળજબરી કરી શરીર સંબંધ બાંધી લેતા હતાં. તેમજ આની જાણ જો તું કોઈને કરીશ તો તમને ત્રણેયને ક્યાંયના રહેવા નહિ દઉ એવી ધમકી આપતાં હતાં. મારા પતિ ખાસ કામધંધો કરતા ન હોઈ અને દિકરો પણ નાનો હોઈ અમને કોઈ નુકસાન ન પહોંચાડે તેમ વિચારી હું જેઠની તમામ માંગણીઓ મુંગા મોઢે સહન કરતી હતી. મારા પતિ અને બાળક ઘરે ન હોય ત્યારે જેઠ આવી જતાં અને બળજબરીથી શરીર સંબંધ બાંધી લેતાં હતાં. આ બધુ મારાથી સહન થતું ન હોઈ મેં અનેકવાર વિરોધ કર્યો હતો.

આમ છતાં જેઠ કંઈ માનતા નહોતાં. આ કારણે કંટાળીને આજથી ચારેક વર્ષ પહેલા અમે પતિ-પત્નિ બાળકને લઈ બીજા શહેરમાં રહેવા જતાં રહ્યા હતાં. ત્યાં પણ મારા જેઠ કોઈને કોઈ બહાને આવી જતાં હતાં અને મારી સાથે અડપલા કરતા હતાં. જો કે અહિ ક્યારેય શરીર સંબંધ બાંધ્યો નહોતો. એ પછી હાલમાં જ હું દિવાળી કરવા રાજકોટ આવી ત્યારે પણ મારા જેઠે મારી છેડતી કરી હતી. જેથી મેં હિમ્મત કરી વિરોધ કર્યો હતો અને સો નંબરમાં ફોન કરી પોલીસ બોલાવી હતી. એ પછી જેઠે અમે પૈસાની ખોટી માંગણી કરીએ છીએ તેમ કહી ઝઘડો કર્યો હતો. પછી મેં હિમ્મત કરી પતિને બધી સાચી વાત કરી હતી. ત્યારબાદ ફરિયાદ નોંધાવવાનું નક્કી કરી મારા જેઠ વિરૂધ્ધ ફરિયાદ કરી છે. તેમ વધુમાં મહિલાએ જણાવતાં તાલુકા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર ડી. એમ. હરિપરા, પીએસઆઈ કે. એચ. કારેણાએ એફઆઈઆર દાખલ કરી આરોપીની અટકાયત કરવા તપાસ આગળ ધપાવી છે. વધુ આ એક એવો કિસ્સો સામે આવ્યો છે જેમાં પોતાનાએ જ પારકા બની સર્વસ્વ લૂંટી લીધુ હતું.

## મોરારીબાપુનાં હસ્તે પત્રકાર કૌશિક મહેતાના ત્રણ પુસ્તકોનું વિમોચન

### શનિવારે સૌરાષ્ટ્ર હાઈસ્કૂલ ઓડીટોરીયમ ખાતે આયોજન




રાજકોટ મિરર, તા.૨૮

વરિષ્ઠ પત્રકાર કૌશિક મહેતાના ત્રણ પુસ્તકોનું વિમોચન શ્રી મોરારીબાપુનાં હસ્તે તા. ૩૦ નવેમ્બર , શનિવાર સાંજે સાડાપાંચ વાગ્યે સૌરાષ્ટ્ર હાઈસ્કૂલ ઓડીટોરીયમ , રાજકોટ ખાતે થશે. આ પ્રસંગે પુસ્તકો વિષે વાત કરશે સંદેશની સુરત આવૃત્તિનાં તંત્રી અને જાણીતા લેખક કૃષ્ણકાંત ઉનડકટ અને જુનાગઢના કવિ અને લેખક ઉર્વીશ વસાવડા. સંચાલન યોગેશ ચોલેરા કરશે.

કૌશિક મહેતાના ત્રણ પુસ્તકોનું વિમોચન થશે એમાં વહાલી દીકરીને, પર્યાવરણ પોડકાસ્ટ અને પીંછું થઈ ખરી જવું છેનો સમાવેશ થાય છે. વહાલી દીકરીને પુસ્તકમાં દીકરીને લખાયેલા પત્રોનું સંકલન છે. લેટર ડોટર નામે અગાઉ આ પત્રોનું એક પુસ્તક પ્રકાશિત થઈ ચુક્યું છે જે બેસ્ટ સેલર બન્યું. આ પત્રોની કટાર ફૂલછાબમાં લાંબા સમય સુધી પ્રગટ થઈ હતી.

પર્યાવરણના પોડકાસ્ટમાં પર્યાવરણ સંબંધિત લેખોનો સમાવેશ કરાયો છે. ગ્રામ સેતુમાં પ્રકૃતિને પત્ર અને ચિત્રલેખામાં પૃકૃતિને પોસ્ટકાર્ડ નામે લેખો છપાયા છે એને સારી ચાહના મળી એનો અહી સમાવેશ કરાયો છે. પીંછું થઈ ખરી જવું છે એ કાવ્ય રચનાઓનો સંગ્રહ છે.

આ કાર્યક્રમમાં જાહેર જનતાને આવવા નિમંત્રણ છે.

## મેટોડાની શ્રીનાથજી સોસાયટીમાં જુગાર દરોડો : ૬ ઝડપાયા

રાજકોટ મિરર, તા.૨૮

મેટોડા જીઆઈડીસી પોલીસે બાતમીના આધારે જીઆઈડીસી ગેટ નંબર ૨ ની સામે આવેલી શ્રીનાથજી સોસાયટીમાં, હનુમાનજીના મંદિર પાસે જાહેરમાં સ્ટ્રીટ લાઈટના અંજવાળે જુગાર રમતા છ શખ્સોને રૂપિયા ૧૩,૯૦૦ ના મુદ્દામાલ સાથે પકડી પાડીને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.


**રૂપિયા ૧૩,૯૦૦ નો મુદ્દામાલ કબજે કરતી મેટોડા GIDC પોલીસ**

મેટોડા જીઆઈડીસી પોલીસનો કાફલો પેટ્રોલિંગમાં હતો. ત્યારે પોલીસ કોન્સ્ટેબલ જસમતભાઈ તેમજ હરેશભાઈ સોરાણી સહિતના સ્ટાફને બાતમી મળી હતી કે શ્રીનાથજી સોસાયટીમાં સ્ટ્રીટ લાઈટના અંજવાળે જુગાર રમાઈ રહ્યો છે. બાતમીના આધારે પોલીસે દરોડો પાડતા ત્યાંથી છ શખશો હારજીતનો તીનપતી જુગાર રમતા પકડાઈ ગયા હતા. પોલીસના જણાવ્યા પ્રમાણે પકડાયેલા શકશોમાં બુદ્ધિમાન રાજભોરન સિંઘ, વિપુલ રમેશ મેણીયા, વિજય પખુ કટેરીયા, રવિ સેસ રાવુજી કાલે, મુકેશ કિશોર કશ્યબ તેમજ રાજા જોગેન્દ્ર ઠાકોરનો સમાવેશ થાય છે.

પોલીસે દરોડા દરમિયાન રૂપિયા ૧૩૯૦૦ નો મુદ્દા માલ કબજે કરી તમામ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## કાગદડીમાં કોરડીયા પરિવારના મઢે મોમાઈ માતાજીનો નવરંગ માંડવો

### ૮મી ડિસેમ્બરે ધર્મપ્રેમી જનતાએ ૨૪ કલાકના માંડવાનો લાભ લેવા અનુરોધ



રાજકોટ મિરર, તા.૨૮

મોરબી હાઈવે પર આવેલા કાગદડી ગામ સ્થિત કોરડીયા પરિવારના મઢ ખાતે તા. ૮.૧૨.૨૦૨૪ના રોજ શ્રી મોમાઈ માતાજીના ૨૪ કલાક નવરંગ માંડવાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ દિવસે યોજેલા ધાર્મિક કાર્યક્રમોમાં સવારે થાંભલી રોપણ, માતાજીના સામૈયા, સાંજે ૬ વાગ્યે, નાગેશ્વર મહાદેવ મંદિરે મહાપ્રસાદ તેમજ તા. ૯મીએ સવારે થાંભલી વધાવવાનું મુહુર્ત છે.

આ પ્રસંગે મોમાઈ માતાજીના કરના ભુવા તરીકે કરણભાઈ વિનોદભાઈ કોરડીયા તેમજ પઢીયાર ભુવા તરીકે કમલેશભાઈ મનસુખભાઈ કોરડીયા ખાસ હાજર રહેશે. જ્યારે રાવળદેવ તરીકે લાલાભાઈ કેરાલાવાલા તેમજ ધર્મેશભાઈ રાવલ ડાક-ડમરુંની રમઝટ બોલાવશે. માતાજીના માંડવામાં રાજકોટ, જામનગર, માધાપર, ધમલપર, કાગદડી સહિતના વિસ્તારોના જુદા જુદા માતાજીના ભુવાશ્રીઓ હાજર રહેશે. આજુબાજુના ગામો તેમજ રાજકોટ જીલ્લાભરના ધર્મપ્રેમી પ્રજાજનોએ નવરંગ માંડવાનો લાભ લેવા મોહનભાઈ કોરડીયા, વિપુલભાઈ કોરડીયા, મુકેશભાઈ કોરડીયા, રજનીભાઈ કોરડીયા અને રોહિતભાઈ કોરડીયા દ્વારા અનુરોધ કરાયો છે.

અલગ અલગ મંડળીઓ, બચત સ્કીમોની જાળમાં અગાઉ પણ અનેક લોકો કરોડો ગુમાવી ચુક્યા છે: વધુ એક કારસ્તાન

# બાપ-બેટા સહિત ૪ જણા ૧૨ રોકાણકારોના કરોડો ખાઈ ગયા

**યુનિવર્સિટી પોલીસે છેતરાયેલા પૈકીના કુવાડવા રોડના ગુણવંતભાઈ લુણાગરીયાની ફરિયાદ પરથી વકિલ પ્રવિણભાઈ મગદાણી, દર્શિત મગદાણી, ભાવીન મગદાણી અને રાકેશ વાયા વિરૂધ્ધ ગુન્હો નોંધ્યો : બાર વર્ષ પહેલા થયેલી ઠગાઈમાં હવે આવી પ્રકાશમાં**

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૨૯**

રંગીલા રાજકોટ શહેરમાં ગામના રૂપિયે તાગડધીન્ના કરવા ઈચ્છનારાઓ અલગ અલગ પ્રકારના કૌભાંડો આચરીને ગામનો ગરીયો ફેરવી લાખો કરોડો ઉસેડી છુમંતર થઈ જતાં હોય છે. અલગ અલગ મંડળીઓ, સ્કીમોમાં અગાઉ પણ શહેરીજનો લાલચમાં આવી કરોડો ગુમાવી ચુક્યા છે. આવુ વધુ એક કારસ્તાન પોલીસ સુધી પહોંચ્યું છે જેમાં એક એડવોકેટ, તેના બે પુત્રો સહિત ચાર જણાએ મળી મંડળી, ગોલ્ડ સ્કીમ, ફાયનાન્સ સ્કીમના નામે જુદા જુદા ૧૨ રોકાણકારો પાસેથી ત્રણ કરોડ જેવી રકમ ઉસેડી લઈ બાદમાં ઓફિસોને તાળા મારી દઈ છુમંતર થઈ જતાં છેતરાયેલા લોકોએ યુનિવર્સિટી પોલીસમાં એફઆઈઆર દાખલ કરાવી છે. જો કે ઠગાઈની આ ઘટના બાર વર્ષ પહેલાની છે. જેમાં હવે છેક ફરિયાદ દાખલ કરવામાં આવી હોઈ તરેહ તરેહની ચર્ચા જાગી છે.

આ ઘટનાની વિગતો પર નજર કરીએ તો યુનિવર્સિટી પોલીસે કુવાડવા રોડ વૃંદાવન સોસાયટી શેરી નં. ૩માં રહેતાં અને નોકરી કરતાં પિસ્તાલીસ વર્ષિય ગુણવંતભાઈ મોહનભાઈ લુણાગરીયાની ફરિયાદ પરથી મોદી સ્કૂલ સામે અમી પાર્ક એ-૫, લક્ષ્મીનયના ખાતે રહેતાં પ્રવિણ મગનલાલ મગદાણી, દર્શિત પ્રવિણભાઈ મગદાણી, ભાવીન પ્રવિણભાઈ મગદાણી અને રાકેશ કાંતિલાલ વાયા તથા તપાસમાં ખુલે તેની સામે આઈપીસી ૪૦૬, ૪૨૦, ગુજરાત પ્રોટેકશન ઓફ ઈન્સ્ટ્રેટ ઓફ ડીપોઝીટ એક્ટની કલમ ૩ મુજબ શ્રી લક્ષ્મીનયના ક્રેડીટ કો ઓપરેટીવ ક્રેડીટ સોસાયટીમાં રોકાણ કરાવી સારા રિટર્નની લાચલ આપી નાણા ન ચુકવી ખોટા વાયદા, બહાના કરી ફરિયાદી ગુણવંતભાઈના રૂા. ૩૨,૯૯,૦૦૦ તથા બીજા રોકાણકારોના ૨,૫૭,૪૦૦૦૦ મળી કુલ રૂા. ૨ કરોડ ૯૦ લાખ ૩૯ હજાર કાવત્રુ ઘડી ઠગાઈ કરી ઓળવી જવાનો ગુનો દાખલ કર્યો છે. ગુણવંતભાઈ લુણાગરીયાએ જણાવ્યું છે કે હું પરિવાર સાથે રહુ છું અને રાજકોટ કોર્પોરેશનમાં નોકરી કરુ છું. વર્ષ ૨૦૧૨માં હું અમિત જેસડીયા કે જે કોમ્પ્યુટર જોબ વર્ક કરતાં હોઈ તેની ઓફ્ફિસે બેસવા જતો હતો.

અમિતભાઈની ઓફિસે એડવોકેટ પ્રવિણભાઈ મગનલાલ મદલાણી કોમ્પ્યુટરને લગતા કામ માટે આવતા હતાં. આથી મારો પરિચય પ્રવિણ મદલાણી સાથે થયો હતો. તે વખતે તેણે કહેલું કે હું શ્રીલક્ષ્મીનયના કો. ઓપરેટિવ ક્રેડીટ સોસીયટી લી. નામની મંડળી ચલાવુ છું, જેમાં તમે ડેઈલી બચત કરો તો સારુ રોકાણ થશે અને વળતર પણ મળશે. વળી તમારે જોઈએ ત્યારે લોન પણ મળી જશે. આ પછી હું રૈયા રોડ સોજીત્રાનગર રોડ પર ન્યુ એરા સ્કૂલ પાસે આવેલી શ્રી લક્ષ્મીનયના મંડળીની ઓફિસે ગયો હતો. ત્યાં મને આ મંડળીના ચેરમેન-ડિરેક્ટર પ્રવિણભાઈ મગદાણી તથા ભાવીન મગદાણીએ મંડળીની તમામ સ્કીમો વિશે સમજ આપી હતી. આ પછી મેં બચત ખાતુ ખોલાવ્યું હતું અને રોજના રૂા. ૫૦૦ની બચની શરૂઆત કરી હતી. એ રીતે મેં કુલ ૯૯ હજારનું રોકાણ કર્યુ હતું.




**શ્રીલક્ષ્મીનયના મંડળી, રામા ગોલ્ડ સ્કીમ, આશુતોષ ફાયનાન્સમાં રોકાણ કરવાથી ફાયદો થશે એવા આંબા આંબલી બતાવી છેતર્યા: રોકડા ભેગા કરી ઓફિસો અને મોબાઈલ ફોન બંધ કરી દીધા**

ત્યારબાદ ચેરમેન પ્રવિણભાઈ મગદાણીના પુત્ર ભાવીનભાઈ મગદાણીએ રામા જ્વેલર્સ નામે ગોલ્ડની સ્કીમ ચાલુ કરી હતી.

જેમાં રામા જ્વેલર્સ (સિલ્વર સ્ટોન જેમ્સ એન્ડ જ્વેલર્સ પ્રા. લિ.)ના ડિરેકટર ભાવીન મગદાણી અને દર્શિત મગદાણી તથા રાકેશ કાંતિલાલ વાયા હતાં. જેમાં સ્કીમ પ્રમાણે સોનુ ખરીદવાનું હતું, ડ્રો ક્રમ નંબર લાગે એટલા હપ્તા ભરવાના અને ૪૦ મહિના બાદ ડબલ સોનુ મળશે તેવી સ્કીમ હતી. જેમાં મેં ૨ ગ્રામ સોનુ ૨૪ કેરેટનું લઈ બચત ચાલુ કરી હતી. પરંતુ હપ્તા ભરવા છતાં રોકાણકારોને કોઈપણ પ્રકારનું સોનુ પાછુ મળ્યુ નહોતું. એ પછી મંડળીની ઓફિસ બદલાવી શિવાલીક-૮, ઓફિસ નં. ૨૦૮, ચંદનપાર્ક મેઈન રોડ ગોપાલ ચોક રૈયા રોડ ખાતે ચાલુ કરી હતી. અમે દૈનિક બચત યોજનામાં તા. ૧/૧૦/૧૬થી ખાતુ ખોલાવ્યું હતું. જેની બૂક મને પ્રવિણભાઈએ આપી હતી. એ પછી તેણે કહેલુ કે મારા દિકરા દર્શિત મગદાણીએ આશુતોષ ફાયનાન્સ નામે પેઢી સાધુવાસવાણી રોડ પર નક્ષત્ર-૮માં ચાલુ કરી છે, તેમાં પૈસાનું રોકાણ કરો તો એક વર્ષ પછી વ્યાજ સાથે મુળ રકમ પાછી મળશે.

જેથી મેં આ પેઢીમાં પ્રવિણભાઈના કહેવાથી રૂા. ૩૨ લાખનું રોકાણ કર્યુ હતું. તે રોકાણ કર્યાની પહોંચ-રસીદ માંગતા પ્રવિણભાઈએ કહેલુ કે ફાયનાન્સની રસીદ ૧૦-૧૫ દિવસમાં આવશે, જો કે હજુ સુધી રસીદ આપી નથી. ભોગ બનનારે આગળ જણાવ્યું છે કે ૨૦૧૭માં શ્રી લક્ષ્મીનયના કો.ઓપ. ક્રેડીટ સોસાયટી લી.ની ઓફિસ તથા આશુતોષ ફાયનાનસ અને રામા જ્વેલર્સની ઓફિસ ખાતે તપાસ કરતાં આ ત્રણેય ઓફિસો બંધ હતી. પછી જાણવા મળેલુ કે પ્રવિણભાઈ તથા ભાવીન, દર્શિત અને રાકેશ ચારેય લોકો ઓફિસો બંધ કરી ક્યાંક જતા રહ્યા છે.

ત્યારપછી વધુ તપાસ કરતાં ખબર પડી હતી કે શ્રી લક્ષ્મીનયના મંડળી, આશુતોષ ફાયનાન્સ અને રામા જ્વેલર્સમાં બીજા ૧૧ લોકોએ પણ રોકાણ કર્યુ હતું. જેમાં મારા પોતાના ૩૨,૯૯,૦૦૦ તથા અન્ય રોકાણકારોમાં (૧) દિનેશભાઈ ભાવના લોખીલે આશુતોષમાં રૂા. ૧૦ લાખ, (૨) સ્વાતિબેન દિનેશભાઈ લોખીલે રૂા. ૪ લાખ (૩), મિતુલભાઈ ધીરજલાલ સામાણીએ રૂા. ૧૨ લાખ, (૪) ધિરજલાલ મોહનભાઈ સામાણીએ રૂા. ૨૩ લાખ, (૫) સંજયભાઈ દેવરાજભાઈ શીશાંગીયાએ રૂા. ૪ લાખ, (૬) પ્રતિકભાઈ સુરેશભાઈ રાંકજાએ શ્રી લક્ષ્મીનયના મંડળીમાં રૂા. ૩ લાખ (૭) સુરેશભાઈ રામજીભાઈ રાંકજાએ આશુતોષમાં રૂા. ૫૨ લાખ (૮) સીમાબેન અલ્કેશભાઈ મહેતા શ્રી લક્ષ્મીનયાનામાં રૂા. ૬ લાખ, (૯) ધવલભાઈ વિનોદરાય વૈષ્ણવે આશુતોષમાં રૂા. ૬ લાખ, (૧૦) રોહિત હેમંતભાઈ ચંદ્રાલાએ લક્ષ્મીનયનામાં ૬,૪૦,૦૦૦ (૧૧) પિયુષભાઈ ઘનશ્યામભાઈ રાજ્યગુરૂએ આશુતોષ ફાયનાન્સ તથા રામા જ્વેલર્સમાં રૂા. ૧,૩૧,૦૦,૦૦૦ એમ કુલ રૂા. ૨,૯૦,૩૯,૦૦૦ નું રોકાણ કર્યુ હતું. આ બધાએ શ્રી લક્ષ્મીનયના મંડળી, આશુતોષ ફાયનાન્સ, રામા જ્વેલર્સમાં પ્રવિણભાઈ ભગદાણી, ભાવીન મગદાણી અને દર્શિત મગદાણી તથા રાકેશ વાયા મારફતે અલગ અલગ રકમનું રોકાણ કરાવ્યું હતું.

મારા સહિત બારેય રોકાણકારોને આ રકમ ચારેય જણાએ વાયદાઓ કર્યે રાખી પાછી ન આપતાં અને ઓફિસો બંધ કરી દઈ તેમજ હવે ફોન ઉપાડવાનું પણ બંધ કરી દીધુ હોઈ આજ સુધી તેમનો પત્તો મળતો ન હોઈ ચારેયએ પુર્વયોજીત કાવત્રુ રચી અમારા તમામ રોકાણકારોની રકમ ઓળવી ગયા હોઈ ફરિયાદ નોંધાવી હતી. તેમ વધુમાં ગુણવંતભાઈ લુણાગરીયાએ જણાવતાં યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના ઈન્સ્પેકટર એમ. જી. વસાવા, પીએસઆઈ ડી. બી. કારેથાએ એફઆઈઆર દાખલ કરી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

સાયબર ગઠીયાઓ રોજેરોજ ગામને છેતરીને કરે છે મોજેમોજઃ ચેતતા રહો, બચતા રહો

# એકાઉન્ટન્ટ યુવતિને ટાસ્કની જાળમાં ફસાવી ૮.૮૦ લાખ ઉસેડ્યા

## નાના મવા રોડ અજમેરા શાસ્ત્રીનગરની ઓફિસમાં નોકરી કરતી યુવતિને પહેલા કંપનીની મેનેજરના નામે ફોન કરી ૩૦૦ રૂપિયાની કમાણી કરાવાઇઃ પછી ૨૦૦૦ સામે ૨૮૦૦ અપાયાઃ છેલ્લે લાખોમાં છેતરી લેવાઇઃ યુવતિએ સાથે નોકરી કરતાં બે કર્મચારીઓ પાસેથી નાણા લઇને મોકલ્યાઃ સાયબર ક્રાઇમ પોલીસે શરૂ કરી તપાસ

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર તા.૨૯**

સાયબર ગઠીયાઓ નીતનવા ગતકડાઓનો ઉપયોગ કરી લોકોને છેતરતા હોવાના બનાવો રોજબરોજ બનતા રહે છે અને ગઠીયાઓ લોકોને ખંખેરતા રહે છે. રાજકોટમાં વધુ એક સાયબર ફ્રોડનો ભોગ ટોળકીએ એક યુવતિને બનાવી છે. સાયબર ગઠીયાઓએ આ વખતે પણ જુના અને જાણીતા નુસ્ખાનો ઉપયોગ કર્યો છે. ટાસ્કના નામે કમાણી કરાવવાના નામે યુવતિને પ્રથમ બે ટાસ્ક આપી તેની સામે કોઇપણ જાતના રોકાણ વગર જ તેના ખાતામાં રૂા. ૩૦૦ મોકલી તેણીને લલચાવી હતી. પછી બીજા ટાસ્કના ૨૦૦૦ ભરવાનું કહી તેની સામે તેણીને ૨૮૦૦ પાછા આપી પછી જાળમાં ફસાવી અલગ અલગ કારણો આપી કુલ ૮,૮૮,૦૦૦ તેની પાસેથી પડાવી લીધા હતાં. એકાઉન્ટન્ટ તરીકે નોકરી કરતી આ યુવતિએ પોતાની પાસે નાણા ન હોઇ સાથે કામ કરતાં બે અન્ય લોકો પાસેથી રકમ ટ્રાન્સફર કરાવડાવી હતી.

ચોંકાવનારી આ ઘટનામાં સાયબર ક્રાઇમ પોલીસે મુળ જામકંડોરણાના મેઘાવડ ગામના વતની અને હાલ રાજકોટમાં ગોંડલ ચોકડીએ જુના જકાતનાકા પાસે લેઉવા પટેલ કન્યા છાત્રાલય ખાતે રહી નાના મવા સર્કલ શાસ્ત્રીનગર અજમેરા સોસાયટીમાં બીજા સર્કલ પાસે માર્ક એન્ડ એકાઉન્ટન્ટ ઓફિસમાં એકાઉન્ટન્ટ તરીકે નોકરી કરતાં છવ્વીસ વર્ષના કૃપાલીબેન ભગવાનજીભાઇ ભાલારાની ફરિયાદ પરથી એક મોબાઇલ નંબરના ધારક, આઇસીઆઇસીઆઇ બેંક તથા ફેડરલ બેંકના એકાઉન્ટ ધારક તેમજ અલગ અલગ આઇડીના ધારકો ઉપયોગ કરનારાઓ સામે રૂા. ૮,૮૧,૦૦૦ની ઠગાઇનો ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે. કૃપાલીબેને જણાવ્યું છે કે હું ઇન્સ્ટાગ્રામ અને વ્હોટ્સએપનો ઉપયોગ કરુ છું. તા. ૩/૪/૨૪ના રોજ મારા વ્હોટ્સએપમાં મેસેજ આવ્યો હતો હતો અને જણાવેલુ કે હું રોશની કિનેશો ઇન્ડિયા પ્રા.લિ. કંપનીમાં પ્રોજેક્ટ મેનેજર છું અને તમારી ફ્રીલાન્સીમાં તમારું સિલેક્શન થયું છે, તમારે કોઇપણ પ્રકારનું ઇન્વેસ્ટમેન્ટ કરવાનું નથી, તમારે હું કહું એમ કરવાનું છે.

આમ કહી મને ગૂગલ રીવ્યુના બે ટાસ્ક આપ્યા હતાં. જે મેં પુરા કરતાં આ બંને ટાસ્કના બદલામાં મને રૂા. ૩૦૦ ગૂગલપેથી મોકલાયા હતાં. ત્યારબાદ મને વ્હોટ્સએપની એક લિંક




મોકલાઇ હતી. જે ટેલિગ્રામની હતી જેથી હું ઓપન કરી ટેલિગ્રામમાં એડ થઇ જતાં નિયા ગુપ્તા નામનું એક ગ્રુપ જોવા મળ્યું હતું. જેમાં મને બીજો ટાસ્ક આપેલો અને તેમાં રૂા. ૨૦૦૦ ભરવા પડશે તેમ કહેવાતા મેં આ રકમ ભરી હતી. એ પછી મને રૂા. ૨૮૦૦ પાછા આપ્યા હતાં.

ત્યારબાદ ફરી ટાસ્ક આપી ૯૦૦૦ ભરવાનું કહેલ, મેં ગૂગલ પેથી ટ્રાન્સફર કરતાં આ રકમ પરત લેવી હોય તો બીજા ૩૨ હજાર ટ્રાન્સફર કરવા પડશે તેમ કહેવાયુ હતું. એ પછી ટેલીગ્રામવાળાએ મને આ બધી રકમ પરત લેવી હોય તો ૫૦ હજાર આપવા પડશે તેમ કહેતાં મેં અમારી ઓફિસમાં કામ કરતાં કમલેશભાઇ પટેલના ગૂગલ પેથી ૫૦,૦૦૦ ભરી દીધા હતાં. ત્યારબાદ તા. ૬/૪/૨૪ના રોજ મને ફરી ટેલીગ્રામથી મેસેજ આવેલો કે રૂપિયા પરત લેવા માટે તમારે ૨,૩૦,૦૦૦ ભરવા પડશે. તેની સાથે આઇસીઆઇસીઆઇ બેંકનો એકાઉન્ટ નંબર આવ્યો હતો. મેં મારા બીજા કર્મચારી વિકાસભાઇ લાડાણીના એકા.ન્ટમાંથી ૨,૩૦,૦૦૦ ભરી દીધા હતાં. એ પછી તેણે કહેલુ કે હવે તમે બધા રૂપિયા ઉપાડી શકશો.

બાદમાં મને ટેલિગ્રામની લિંક મોકલી હતી, જે બાદમાં ડિલીટ થઇ ગઇ હતી. જેમાં કહ્યા મુજબ મેં ૫૦૦૦ ઉપાડવા રિક્વેસ્ટ નાખી હતી. બાદ મને સામેથી મેસેજ આવેલો કે તમને બે વખત ૫૦૦૦ ઉપાડવા રિક્વેસ્ટ નાખવાનું જણાવાયુ હતું. પરંતુ તમે એક જ વખત રિક્વેસ્ટ નાખી છે. જેથી તમારુ એકાઉન્ટ ફ્રીઝ થઇ ગયેલ. જે અનફ્રીઝ કરવું હોય તો રૂા. ૨,૮૦,૦૦૦નું વધુ પેમેન્ટ કરવું પડશે. આ પેમેન્ટ કરવા માટે મેં તૈયારી બતાવતાં મને ફેડરલ બેંકના એકાઉન્ટ નંબર અપાયા હતાં. તેમાં મેં રૂા. ૨,૮૦,૦૦૦નું પેમેન્ટ કર્યુ હતું. આ રકમ મેં સાથી કર્મચારી વિકાસભાઇ લાડાણીના એકાઉન્ટમાંથી આઇએમપીએસથી ૬/૪/૨૪ના રોજ મોકલી હતી. એ પછી મને ટેલિગ્રામથી મેસેજ આવેલો કે તમારુ પેમેન્ટ થઇ ગયું છે પણ તમારી લિંક એક્સપાયર થઇ ગઇ છે, તમારે ફરી ૨,૮૦,૦૦૦ ભરવા પડશે.

આથી મેં ફરીથી વિકાસભાઇના એકાઉન્ટમાંથી આઇએમપીએસથી ૨,૮૦,૦૦૦ ભર્યા હતાં. તેમ છતાં વધુ રૂપિયાની માંગણી ચાલુ રહેતાં મને ફ્રોડ થયાનું જણાતાં મેં સાયબર ક્રાઇમ હેલ્પલાઇન ૧૯૩૦માં ફરિયાદ કરી હતી. જેના આધારે હવે રાજકોટ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં એફઆઇઆર દાખલ કરાવી છે. આ રીતે ગઠીયાઓએ મારી પાસે અલગ અલગ ટ્રાન્જેકશન કરાવી કુલ રૂા. ૮,૮૮,૦૦૦ મેળવી છેતરપીંડી કરી હતી. પોલીસ ઇન્સ્પેક્ટર એમ. એમ. ઝણકાતે એફઆઇઆર દાખલ કરી તપાસ શરૂ કરી છે. આ પ્રકારે ટાસ્કના નામે કોઇએ પણ લલચાવુ નહિ અને સતર્ક રહેવું તેવો વધુ એક વખત સાયબર ક્રાઇમ પોલીસે લોકો જોગ અનુરોધ કર્યો છે.

# GST કરચોરી કૌભાડમાં વધુ ૭ ઝડપાયા

## ધરપકડનો આંક ૧૨એ પહોચ્યો : પહેલા પકડાયેલા પાંચેય આરોપી પાંચ દિવસના રિમાન્ડ પર : એક જેલમાં ને બીજો ફરાર હોવાનું જણાવતી પોલીસ



રાજકોટ મિરર, તા.૨૮

રાજકોટ સહીત સૌરાષ્ટ્ર-ગુજરાતમાં જીએસટી ઈનપુટ ક્રેડીટ મેળવી લાખો રૂપિયાનાં આચરાયેલા કૌભાંડમાં પોલીસે ધરપકડનો દૌર શરુ કર્યો છે. ગઈકાલે પાંચ પેઢીના પાંચ મુખ્ય સુત્રદ્ધારોને ઝડપી લીધા બાદ આજે સઘન તપાસ દરમિયાન પોલીસે વધુ સાત આરોપીઓને દબોચી તપાસનો શરુ કર્યો છે. દરમિયાન ગઈકાલે પકડાયેલા પાંચેય આરોપીના પાંચ દિવસના રિમાન્ડ કોર્ટે મંજુર કર્યા હોવાનું પોલીસે જણાવ્યું હતું.

જીએસટી ઈનપુટ ક્રેડીટ મેળવી લાખો રૂપિયાનાં ચોરીના રાજકોટ સહિતના શહેરોમાંથી ઝડપાયેલા કૌભાંડમાં પોલીસે ઠેર ઠેર દરોડા યથાવત રાખતા આજે વધુ સાત પેઢીના માલિકોને ઝડપી લેવાયા છે. બોગસ પેઢી ઉભી કરી, ઈ-વે અને જીએસટી બીલોમાં ઈનપુટ ટેક્સ ક્રેડીટ મેળવવાના ચાલતા કૌભાંડનો પર્દાફાશ કરવા એકી સાથે જુદાજુદા જીલ્લાઓમાં દરોડા પાડી, ખોટા ભાડા કરારો, આધારકાર્ડ સહિતના આધાર-પુરાવાઓ કબજે કરી પરમાર એન્ટરપ્રાઈઝ સહીત ૧૪ પેઢી પર દરોડા પડાયા બાદ બે દિવસમાં ૧૨ પેઢીના માલિકોને ઝડપી લેવાયાનું પોલીસે જણાવ્યું હતું.

દરમિયાન આજે વધુ સાત પકડાયેલા આરોપીઓમાં લખુભા નાનભા જાડેજા, મોટી ખાવડી, જામનગર પેઢીના લખુભાઈ નાનભા જાડેજા(રહે.મોટી ખાવડી), રિદ્ધિ ઈન્ફ્રાસ્ટ્રકચર ગાંધીનગરના શૈલેશ ઘનશ્યામ પટેલ (રહે.પ્લોટ ૧૯૬/૨, સૂર્યનારાયણ સોસાયટી, સેક્ટર ૨૫, ગાંધીનગર, ગ્લોબેટ્રા/ શિવમિલન પ્લાસ્ટિક, રતનપર, રાજકોટના પાર્થ મનોજ રોજીવાડીયા(રહે. સાધુ વાસવાની રોડ, સનસીટી, પર્લ-૮૦૨, રાજપેલેસ ચોક રાજકોટ, માં આશાપુરા ટ્રેડીંગ, કોઠારિયા રાજકોટના ભેરુસિંહ શંકરસિંહ રાજપુત(રહે. કોઠારિયા ગામ પાસે, ગણેશ પાર્ક, શેરી - ૧, બાલાજી ઈન્ડ. વિસ્તાર, મૂળ રાજસ્થાન), સિવિલ પ્લસ એન્જીનીયર મનિષ બળવંત જોબનપુત્રા(રહે. શક્તિ પાર્ક, સિદ્ધનાથ મંદિર પાછળ, ઝાંઝરડા રોડ, જુનાગઢ), જ્યોતિ ઈન્ફ્રાસ્ટ્રકચર, જુનાગઢના અલ્પેશ ગોબર હીરપરા(અમૃત પેલેસ એપાર્ટમેન્ટ, બી-૫૧૦, ગીરીરાજ મેઈન રોડ, બસસ્ટેન્ડ પાછળ, જુનાગઢ તેમજ ઈકરા એન્ટરપ્રાઈઝ, કોટડા સાંગાણીના ફિરોઝ અબ્દુલ જુણેજા(રહે. ગોકુલ ચોક, કોટડા સાંગાણી)નો સમાવેશ થાય છે. પોલીસના જણાવ્યા અનુસાર એક પેઢીનો માલિક જેલમાં છે. જ્યારે એક પેઢીના ફરાર માલિકની શોધખોળ આદરાઈ છે.

### ક્યા પાંચ આરોપીઓ રિમાન્ડ પર ?

ગઈકાલે ઝડપાયેલા પાંચેય આરોપીઓના રીમાન્ડની માંગ માટે આજે કોર્ટમાં રજુ કરવામાં આવતા કોર્ટે પાંચેયના પાંચ દિવસના રિમાન્ડ મંજુર કર્યા હોવાનું પોલીસે જણાવ્યું હતું. રિમાન્ડ પર લેવાયેલા આરોપીઓમાં કારાણી અમન નાસીર(ઉ.૨૪, રહે. લીમડી), અમન રફીક બિનહરીશ (રહે. ભગવતી પરા, રાજકોટ), સૈયદ ઉર્ફે કાળું મજીદ સારી (ઉ.૨૪, રહે. રાજકોટ), વિશાલ પ્રવીણ પરમાર(ઉ.૨૮, રહે. લીંબડી)પાર્થ સતીશ પરમાર (ઉ.૨૨, અમદાવાદ)નો સમાવેશ થાય છે.

# PI સંજય પાદરીયા સામેની ૩૦૭ની કલમ દૂર કરવા બુલંદ માંગ

## સમાધાનના તનતોડ પ્રયાસો, ઘીના ઠામમાં ઘી પડી જવાના વર્તાતા એંધાણ



રાજકોટ મિરર, તા.૨૮

લગ્નના ભોજન સમારંભમાં શાબ્દિક ટપાટપી બાદ સરદારધામના જયંતી સરધારાએ પીઆઈ સંજય પાદરીયા સાથે બેહુદુ વર્તન કર્યાના સીસી કેમેરાના ફૂટેજ પ્રજા વચ્ચે આવી જતા ઘટનાની વાસ્તાવીસ્તા જગજાહેર થઇ ગઈ છે. કહેવાય છે કે પોલીસે ઉતાવળ કરી પીઆઈ સામે કલમ ૩૦૭ મુજબનો ગુન્હો નોંધ્યા બાદ પીઆઈના સમર્થકોમાં રોષ ફેલાયો છે અને આ કલમ તાકીદે દૂર કરવા ઠેરઠેર બુલંદ માંગ થઇ રહી છે.

બીજીબાજુ લોકોમાં થતી ચર્ચાઓમાં એવું પણ સાંભળવા મળ્યું છે કે, જયંતી સરધારાએ તો મીડિયા સમક્ષ સમાધાનનો રાગ આલાપી દીધો છે. તે મુજબ સરધારા-પાદરીયા વચ્ચે સમાધાનના તનતોડ પ્રયાસો થઇ રહ્યા છે.

જાગૃત લોકોએ એવો પણ આક્ષેપ કર્યો છે કે, સરધારા જે સમાજની સંસ્થામાં છે તે અને જે સંસ્થા પર આક્ષેપો થયા છે તે બંને સંસ્થાના મુખ્ય સંચાલકો અને આગેવાનોએ ઘટનાએ બહુ સમર્થન આપ્યું નથી અને સરધારા-પાદરીયાનો વ્યક્તિગત પ્રશ્ન જાહેર કરી દેતા હવે સરધારા માટે ''નાં રહેવાય, નાં સહેવાય'' તેવી સ્થિતિ ઉભી થઇ હોવાનું કહેવાય છે. આ બાબતે જે હોય તે પણ આ મામલે ઘીના ઠામમાં ઘી પડી જવાની સંભાવના મજબુત હોવાનું મનાઈ રહ્યું છે.

### શુભ લગ્ન

#### રાજકોટ : મિલનસિંહ ભાવસિંહ તલાટીયાના સુપુત્રી ચિ. કુંજલબેનના ૩જી ડિસેમ્બરે શુભ લગ્ન

**રાજકોટ મિરર, તા.૨૮ :** રાજકોટ નિવાસી મિલનસિંહ ભાવસિંગ તલાટીયાની સુપુત્રી ચિ. કુંજલના શુભ લગ્ન તા.૩ ને મંગળવારના રોજ રાજકોટ નિવાસી ચેતનભાઇ શિવશંકરભાઇ મહેતાના સુપુત્ર ચિ. કિશન સાથે નિર્ધાર્યા છે.

૧૫૦ ફૂટ રીંગ રોડ, ડીલાઇટ પાર્ટી પ્લોટ સામેના પાનેતર પાર્ટી પ્લોટમાં યોજાનારા શુભ લગ્ન પ્રસંગે આયોજિત કાર્યક્રમમાં તા. ૩ ના રોજ મંગળવારે સવારે ૬:૦૦ કલાકે મંડપ મુહૂર્ત, સવારે ૯:૦૦ કલાકે મામેરા, સાંજે ૬:૦૦ કલાકે જાન આગમન, સાંજે ૭:૩૦ કલાકે સત્કાર સમારંભ છે તેમજ ૮.૧૫ કલાકે હસ્તમેળાપ છે. આ શુભલગ્ન પ્રસંગે આમંત્રિત મહેમાનોએ ઉપસ્થિત રહી નવદંપતિને આશીર્વાદ આપવા તલાટીયા પરિવારનો અનુરોધ છે.

રાજકોટ સહિત સૌરાષ્ટ્રનાં યુવાધન-ટીનેજર્સને નશાના રવાડે ચડતાં અટકાવવાના પ્રયાસમાં શહેર પોલીસની વધુ એક સફળતા

# SOGએ MD ડ્રગ્સ સાથે અંકુર બાડાને પકડ્યોઃ પગેરૂ રાજસ્થાન તરફ

## પી.આઈ. સંજયસિંહ જાડેજાની ટીમનો વધુ એક શિકાર : ૧.૨૪ લાખનું ૧૨.૪૧ ગ્રામ ડ્રગ કબ્જેઃ આરોપીને રિમાન્ડ પર મેળવી વધુ વિગતો ઓકાવાશે

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર તા.૨૯**

શહેરમાં માદક પદાર્થનું વેંચાણ હેરાફેરી ન થાય અને યુવાધન નશાના રવાડે ન ચડે તે માટે શહેર પોલીસ સતત સતર્ક રહી દરોડા પાડતી રહે છે. વધુ એક વખતે આ પ્રકારનો માદક પદાર્થ ઝડપી લેવામાં શહેર એસઓજીને સફળતા મળી છે. વધુ એક વખત માદક પદાર્થ ઝડપી લેવામાં સફળતા મેળવી છે. ઝડપાયેલો શખ્સ આ પદાર્થ રાજસ્થાન તરફથી લાવ્યાનું રટણ કરતો હોઇ ખરેખર સાચી હકિકત શું છે? તે જાણવા વિશેષ તપાસ યથાવત રાખવામાં આવી છે.

મળતી માહિતી અનુસાર દોઢસો ફુટ રીંગ રોડ બાલાજી હોલ નજીક ન્યુ રાજદિપ સોસાયટી મેઇન રોડ પર પી. પટેલ પ્રોવીઝન સ્ટોર પાસે રોડ પરથી અંકુર ઉર્ફ બાડો કિરીટભાઇ સંચાણીયાને પકડી લીધો હતો. આ શખ્સની પુછતાછ કરતાં પોતાની ઉંમર સત્યાવીસ વર્ષ હોવાનું અને પોતે પ્રજાપતિ સોસાયટી-૩/૬, કુળદેવી મકાન, ઓમનગર પાસે ૪૦ ફુટ રોડ પાસે રહેતો હોવાનું જણાવ્યું હતું. આ શખ્સ પાસે માદક પદાર્થ હોવાની પાક્કી બાતમી હોઇ તેની તલાસી લેતાં શંકાસ્પદ પદાર્થ મળી આવ્યો હતો. તેનું પંચોની હાજરીમાં પંચનામુ કરી પદાર્થ ખરેખર શું છે તે જાણવા એફએસએલ અધિકારી કે. એમ. તાવીયાને પ્રાથમિક અભિપ્રાય આપવા બોલાવાતાં તેમણે આ પદાર્થ એમડી ડ્રગ્સ-મેફેડ્રોન ડ્રગ હોવાનું કહ્યું હતું.

શહેર એસઓજીની ટીમે આ મામલે ગુનો દાખલ કરાવવાની કાર્યવાહી હાથ ધરી તેની પાસેથી ૧૨.૪૧ ગ્રામ એમડી કબ્જે કર્યુ હતું. જેની કિમત રૂા. ૧,૨૪,૧૦૦ થાય છે. તેમજ રોકડા રૂા. ૫૦૦, ૧૦ હજારનો મોબાઇલ પણ કબ્જે લીધો હતો. આ શખ્સની વિશેષ તપાસ



કરવામાં આવતાં તેણે પોતે છુટક મજૂરી કરતો હોવાનું રટણ કર્યુ હતું અને રાજસ્થાન તરફથી લાવ્યાનું કે ત્યાંથી કોઇ આપી ગયાનું રટણ ચાલુ રાખ્યું હતું. આ દરોડાની કામગીરી બપોરે સાડા ત્રણ પછી પણ યથાવત હતી. શહેરનું યુવાધન નશાના રવાડે ન ચડે તે માટે માદક પદાર્થનું દૂષણ અટકાવવાની કામગીરી માટે શહેર એસઓજીની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે હેડકોન્સ. ઇન્દ્રસિંહ જાડેજા અને દિગ્વીજયસિંહ ગોહિલને બાતમી મળતાં અંકુર ઉર્ફ બાડાને એમડી ડ્રગ્સ સાથે પકડી લેવાયો હતો. આ શખ્સ અગાઉ પણ એકાદ બે ગુનામાં પોલીસ ચોપડે ચડેલો છે. રાજસ્થાન તરફથી લાવ્યાનું રટણ કરે છે. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી ડો. પાર્થરાજસિંહ ગોહિલ, એસીપી બી. બી. બસીયાની સુચના અંતર્ગત શહેર એસઓજીના પોલીસ ઇન્સ્પેક્ટર સંજયસિંહ એમ. જાડેજા, પીએસઆઇ એમ. બી. માજીરાણા, એએસઆઇ ધર્મેશભાઇ બી. ખેર, હેડકોન્સ. ઇન્દ્રસિંહ જાડેજા, દિગ્વીજયસિંહ ગોહિલ, ફિરોઝભાઇ રાઠોડ, અરૂણભાઇ બાંભણીયા, કોન્સ. હાર્દિકસિંહ પરમાર, લોકરક્ષક દિવ્યરાજસિંહ રહેવરે આ કામગીરી કરી હતી.

એમડી ડ્રગ્સ સાથે ઝડપાયેલો શખ્સ અગાઉ પણ કોઇ ગુનાઓમાં સંડોવાયો હોવાની શક્યતા છે. તેનો ગુનાહિત ઇતિહાસ કઢાવવા તજવીજ થઇ રહી છે. અગાઉ પણ આ પ્રકારના માદક દ્રવ્યો ઝડપાયા ત્યારે રાજસ્થાન, મહારાષ્ટ્ર તરફના પગેરા નીકળ્યા હતાં. ઘણા કિસ્સામાં સુરત સાથે પણ કનેકશન નીકળ્યું હતું. આ વખતે પણ રાજસ્થાન તરફથી આ પદાર્થ આવ્યાનું રટણ કરવામાં આવી રહ્યું હોઇ વધુ તપાસ માટે રિમાન્ડની તજવીજ કરવામાં આવી છે.

# ગેરકાયદેસર ભાડે અપાતા આવાસ પર લાગી 'બ્રેક'

## રૂડા દ્વારા બનાવવામાં આવેલ પરિશ્રમ સોસાયટીમાં અનેકવિધ ફ્લેટો ભાડે આપ્યાનું આવ્યુ બહાર : અધિકારીઓએ તાકીદે ખાલી કરવા પાઠવી નોટિસ

રાજકોટ, તા. ૨૮

રાજ્ય સરકારે અને કેન્દ્ર સરકાર દ્વારા જરૂરિયાતમંદ લોકો ને ઘરના ઘરનું સ્વપન પૂર્ણ થાય તે માટેની વ્યવસ્થા ઉભી કરવામાં આવી અને આવાસ યોજના બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છેલ્લા ઘણા સમયથી સરકાર આવાસ યોજના બનાવવા પાછળ મહત્તમ ખર્ચ કરી રહ્યું છે. ત્યારે સરકારનો લક્ષ્ય છે કે દરેક લોકોને ઘરનું ઘર હોય તે સારું જે માટે હાલ મહાનગરપાલિકા વિસ્તારમાં આવાસ યોજનાઓ બની રહી છે. શહેરી વિકાસ સત્તા મંડળ પણ આવાસ યોજના અંતર્ગત અનેકવિધ આવાસ યોજનાઓ બનાવવા માટે કમર કસી છે. રાજકોટની જો વાત કરવામાં આવે તો કાલાવડ રોડ ઈસ્કોન મંદિર પાછળ આવેલી પરિશ્રમ સોસાયટી કે જે રૂડા દ્વારા ઉભી કરવામાં આવી છે તેમાં ૭૦૦થી વધુ આવાસો છે જે પૈકી ૩૫ જેટલા આવાશો બારોબાર લાભાર્થીએ ભાડે આપી દીધા હોવાની ચોક આવનારી વિગતો બહાર આવી જે અંગેનો લેખ રાજકોટ મિરર દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો. આ અહેવાલના પગલે ગઈકાલે રૂડાના સીઈઓ મિયાણી તથા એસ્ટેટ વિભાગના અધિકારી દ્વારા ફિલ્ડ ટીમને તાકિદે તપાસ કરવા માટે બોલાવ્યા હતા જ્યાં જે અહેવાલમાં પ્રસિદ્ધ થયું તે વાત પુરવાર થઈ હતી જેને ધ્યાને લઈને જ રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા એ તમામ ફ્લેટ ને ખાલી કરવા માટેની નોટિસો પાઠવી દેવામાં આવી છે.

આ વાતની જાણ થતા જ જે પરિવાર ભાડે રહેતા તેમનામાં ફફડાટ મચી ગયો છે એટલું જ નહીં રાજકોટ શહેર વિકાસ સત્તા મંડળ ના અધિકારીઓએ પણ માહિતી આપતા જણાવ્યું હતું કે હાલ તેઓને સાત દિવસનો સમય આપવામાં આવ્યો છે અને આ સમયગાળા દરમિયાન જો તેમના દ્વારા કોઈ નક્કર રજૂઆત અથવા તો મુદ્દે જવાબ આપવામાં નહીં આવે તો તેમના આવાસને પણ રદ કરી દેવાશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી. રાજકોટ શેરી વિકાસ સત્તા મંડળના અધિકારીઓએ પણ સ્વીકાર્યું હતું કે જે લાભાર્થીઓને ખરા અર્થમાં લાભ મળવો જોઈએ તે મળતો નથી અને જે વ્યક્તિ પાસે શહેરમાં મિલકત હોય તેવો આ પ્રકારના આવાસો મેળવી રહ્યા છે જે ખરા અર્થમાં અયોગ્ય છે. એટલે કહી શકાય કે રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ ની બહેરાશ હવે દૂર થાય છે અને જે રીતે નોટિસોની બજવણી કરી છે તેવી જ રીતે આવનારા દિવસોમાં રૂડાના અન્ય આવાસોમાં પણ જ્યાં કોઈ ભાડે મકાન લઈને રહેતું હોય તો તેમના ઉપર પણ તવાઈ બોલાવવામાં આવશે. રૂડાના સત્તાધીશોએ માહિતી આપતા જણાવ્યું હતું કે તેમના દ્વારા કોઈ પણ પ્રકાર નીતિઓ જે ચાલતી હોય તે ચલાવવામાં નહીં આવે અને હવે તાકીદે તમામ જરૂરી પગલાંઓ લેવામાં આવશે અને ખાસ ઝુંબેશ પણ હાથ ધરાશે જેથી જે ખરો લાભાર્થી છે તેને કોઈપણ પ્રકારની હેરાનગતિનો સામનો ન કરવો પડે અને તે આ વાસમાં પોતાનું જીવન ગુજરાત ચલાવી શકે.






પરિશ્રમ સોસાયટી જેવા અનેક આવાસોમાં રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળની છતી થઈ પોલ

રૂડા આવાસ ઢીલીનીતિ+ગેરરીતિ=પ્રજા દુઃખી

રદ થયેલ આવાસો માટે છે અરજીઓ આવી એનો પણ નિકાલ થયો નથી, એક વર્ષ જેટલો સમય વીતી ગયો છતાં તારીખ પે તારીખ

### ૧લી એપ્રિલથી ગઈકાલ સુધી કુલ ૪૮ ભાડે આપવામાં આવેલ ફ્લેટોને પાઠવવામાં આવી છે નોટિસ

રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળના ટોચના અધિકારીએ માહિતી આપતા જણાવ્યું હતું કે પહેલી એપ્રિલ ૨૦૨૪ થી ગઈકાલ સુધી કુલ ૪૮ ભાડે આપવામાં આવેલા ફલેટોને નોટિસ પાઠવી દેવામાં આવી છે. ત્યારે હવે જરૂરી એ છે કે જે ફ્લેટને સીલ કરવા માટેની નોટિસો આપી છે તેવી જ રીતે અનેકવિધ પ્લેટો રાજકોટમાં પડેલા છે કે જે રૂડા દ્વારા બનાવવામાં આવેલી આવાસ યોજનાના ફ્લેટ એનકેન પ્રકારે લાભાર્થીઓ દ્વારા તેનો દસ્તાવેજ કરવામાં આવ્યો ન હોય તે તમામને દૂર કરવામાં આવશે અને ત્યારબાદ જ જે અરજદારો દ્વારા ફ્લેટ માટે અરજી કરવામાં આવી છે તેને ધ્યાને લઈ ફ્લેટનું નિરાકરણ કરવામાં આવશે. આ કરવામાં ખાસો એવો સમય પણ વીતી શકે તેમ છે પરંતુ હવે જે રીતે લોકોનો ભરોસો વધ્યો છે તેને ધ્યાને લઈ આ મુદ્દો હાલ ચર્ચા નો વિષય બન્યો છે.

### યોગ્ય જવાબ નહીં મળે તો આવાસ થશે રદ

પરિશ્રમ સોસાયટીમાં અનેકવિધ ફ્લેટ ભાડે આપવામાં આવ્યા હોવાનું સત્ય બહાર આવ્યું છે જેને ધ્યાને લઈ રૂડાએ જે મહેનત કરી છે અને જે પગલાં ભર્યા છે તેને ધ્યાને લઈ સીઈઓ મિયાણીએ જણાવ્યું હતું કે હાર જે નોટિસની બજવણી લાભાર્થીઓને કરવામાં આવી છે તેને તેમાં પણ જે લાભાર્થીઓએ પોતાનો ફ્લેટ ભાડે આપી દીધેલો હોય તો તેઓને સાત દિવસમાં ખુલાસો કરવો પડશે અને યોગ્ય જવાબ આપવો પડશે જો જવાબ માં સહેજ પણ તથ્ય નહીં લાગે તો તેમના આવાસ ને રદ પણ કરી દેવામાં આવશે તેમાં કોઈ શંકાને સ્થાન જ નથી. હાલ આ વાતની ગંભીરતાને ધ્યાને લઈ અન્ય આવાસો માટેની યાદી પ્રસિદ્ધ કરી દેવામાં આવી છે અને આંતરિક વિભાગમાં તેને સોંપી ઝડપવેર મિલકતો શોધી કાઢવા માટેનું ફરમાન પણ કરવામાં આવ્યું છે.

### આવાસમાં ચાલતી કોમર્શિયલ પ્રવૃત્તિઓ પર મૂકવામાં આવશે લગામ

પરિશ્રમ સોસાયટી માં અનેકવિધ ફ્લેટમાં કોમર્શિયલ પ્રવૃત્તિઓ ચાલતી હોવાનું બહાર આવ્યું છે આ વાતની ગંભીરતાને ધ્યાને લેતા રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા એ વાતની સ્પષ્ટતા કરવામાં આવી છે કે જે પણ ફ્લેટમાં કોમર્શિયલ પ્રવૃત્તિઓ ચાલતી હશે તેના પર લગામ મૂકવામાં આવશે એટલું જ નહીં મળતી માહિતી મુજબ આ પ્રકારની જે કોઈ પ્રવૃત્તિઓ લાભાર્થીઓ દ્વારા કરવામાં આવતી હોય તો તેમના ઉપર પણ લગામ મૂકવામાં આવશે જે માટેની હાલ તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે આ વાતની જાણ પણ રાજકોટ મિરર દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલા અહેવાલ બાદ જ મળી છે.

### યોગ્ય લાભાર્થીને આવાસ મળે એ જ રૂડાનો હેતુ

છેલ્લા ઘણા સમયથી અનેકવિધ જે સાચા લાભાર્થીઓ છે તેમને હજુ સુધી આવાસ મળ્યા નથી ત્યારે રૂડા એ જ ઈચ્છે છે કે લાભાર્થીઓને આવાસ મળે અને લોકોને પણ અપીલ કરવામાં આવી છે કે જેમની પાસે મિલકત હોય તો તેઓ આ વાતમાં અપ્લાય ન કરે જેથી જે સાચા ને જરૂરી અરજદારો છે તેમને આવાસ નો લાભ મળી શકે અત્યારે 3000 આવાસો માટેની અરજીઓ પેન્ડિંગ પડેલી છે અને તે માટે ₹૫,000 ડિપોઝિટ પણ ભરવામાં આવી છે પરંતુ હજુ સુધી તેઓને આવાસ લાગ્યા ન હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. જરૂરી એ છે કે રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળ આવનારા દિવસોમાં હાલ જે હયાત આવાસ ઊભા કરવામાં આવ્યા છે અને જેમાં લોકો વસવાટ કરે છે તે જગ્યાને અત્યારથી જ ચોખ્ખી કરવામાં આવે એટલે કે જે દવાઓ કરવામાં આવ્યા હોય અથવા તો મિલકત ધારકે તેનો ફ્લેટ અન્યને ભાડે આપી દીધો હોય તે તમામ પ્રવૃત્તિઓ જો દૂર થશે તો જ રાજકોટ નો સાચો વિકાસ શક્ય બનશે.

---

## સરદારધામ સૌરાષ્ટ્રના ઉપપ્રમુખ જે. કે. સરધારાની હત્યાના પ્રયાસનો ગુનો નોંધાયા બાદ જેને સસ્પેન્ડ કરાયા છે તેણે પોતાની વ્યથા ઠાલવી

# PI પાદરીયાની વળતી લેખિત ફરિયાદ: મને ખોટો ફસાવાયો

### જયંતિ સરધારાએ ખોડલધામ મંદિર અને પોલીસ વિશે જેમ તેમ બોલતા ઝપાઝપી થઇ હતીઃ મેં તેને સમજાવવા પાર્કિંગમાં ઉભા રાખતાં ફરી માથાકુટ કરી હતીઃ મારી પાસે પિસ્તોલ હતી જ નહિ, તેને રૂદ્રાક્ષની માળા નાક પર લાગતાં લોહી નીકળ્યા હતાંઃ સીસીટીવી ફૂટેજમાં બધુ સ્પષ્ટ છેઃ ૧૪ વર્ષની કારકિર્દીમાં મારા વિરૂધ્ધ કદી કોઇ ફરિયાદ થઇ નથી

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૨૮**

શહેરના હરિ ધવા માર્ગ પર શ્રીરામ પાર્ક-૧ નવનીત હોલ સામે રહેતાં સરદારધામ સૌરાષ્ટ્રના ઉપપ્રમુખ જયંતિ કરસનભાઇ સરધારાએ જુનાગઢ એસઆરપીના રિજીયન પીઆઇ સંજય પાદરીયા વિરૂધ્ધ નોંધાવેલી હત્યાની કોશિષની ફરિયાદ સાથે તુરત જ ધડાધડ પગલા લેવાયા હોય તેમ તપાસ પુરી થયા પહેલા જ પીઆઇ સંજય પાદરીયાને સસ્પેન્ડ કરી દેવાયા છે. બીજી તરફ હવે પીઆઇ સંજય પાદરીયા તરફથી પણ તાલુકા પોલીસ સ્ટેશનમાં પોતાનો પક્ષ રજુ કરતી વળતી ફરિયાદ લેખિતમાં આપવામાં આવી છે અને પોતાને ખોટી રીતે ફસાવી દેવાયાનો તેમાં ઉલ્લેખ કર્યો છે. તેમજ જયંતિભાઇને થયેલી ઇજા પિસ્તોલની નહિ પણ તેણે જ પહેરેલી રૂદ્રાક્ષની માળા નાક પર લાગી જતાં લોહી નીકળવાથી થયેલી હોવાનું કહ્યું છે અને પોતાને પણ મારકુટ થઇ હોઇ પોતાની ફરિયાદ નોંધવા તેણે આ લેખિત ફરિયાદમાં અનુરોધ કર્યો છે.

સસ્પેન્ડ કરી દેવામાં આવેલા પીઆઇ સંજય વશરામભાઇ પાદરીયા દ્વારા પણ જયંતિભાઇ સરધારા વિરૂધ્ધ તાલુકા પોલીસને લેખિત ફરિયાદ આપવામાં આવી છે. આ લેખિત ફરિયાદમાં પીઆઇએ જયંતિભાઇ સરધારા સામે ભારતીય ન્યાયસંહિતાની કલમ - ૧૧૫ (૧), ૩૫૨, ૩૫૧(૧) વિગેરે હેઠળની ફરીયાદ દાખલ કરવા માંગણી કરી છે. તેણે જણાવ્યું છે કે અમો ફરીયાદી પોલીસ ખાતામાં સને ૨૦૧૦થી ફરજ બજાવીએ છીએ. હાલમાં અમો પોલીસ ઈન્સપેકટર તરીકે જુનાગઢ જીલ્લાના ચોકી/ સોરઠ ગામના પોલીસ ટ્રેનીંગ સેન્ટરમા ફરજ બજાવીએ છીએ. ચૌદ વર્ષના નોકરીના સમયગાળા દરમ્યાન મારી ફરજ કે વ્યવહાર બાબતે કોઇ ફરીયાદ ક્યારેય થયેલ નથી.

પીઆઇ પાદરીયાએ જણાવ્યું છે કે અમારા વિરૂધ્ધ તાલુકા પોલીસમાં હત્યાની કોશિષ સહિતની કલમો હેઠળ ગુનો દાખલ થયો છે તે તદ્દન ખોટી રીતે કરવામાં આવ્યો છે. તા. ૨૬.૧૧.૨૦૨૪ના રાજકોટ શહેરમા મારા પડોશમા રહેતા સ્વ. શ્રી રમેશભાઇ ખુટના પુત્ર શુભમના લગ્ન/માંડવાનું જમણવાર શ્યામ પાર્ટી પ્લોટ, કણકોટ રોડ ઉપર રાખવામા આવેલ હતું. પડોશી તરીકે અમોને આ પ્રસંગમા આમંત્રીત કરવામા આવેલ. જેથી તા. ૨૬.૧૧.૨૦૨૪એ નોકરીમાંથી રજા મુકી આ પ્રસંગમા હાજરી આપવા રાજકોટ આવેલ. ત્યાં શ્યામ પાર્ટી પ્લોટમાં અમો ગયા ત્યારે લગભગ રાત્રીના ૮:૧૫ના અરસામાં અમો જમણવારમાં હતા ત્યારે સામેથી જયંતીભાઇ સરધારા મળવા આવેલા. જયંતીભાઇ એક વખતે ખોડલધામમાં સામાજીક કાર્યમાં સક્રીય હતા. અમો પણ ખોડલધામમાં સામાજીક કાર્યમાં સક્રીય હતા અને છીએ. જેથી અમે બન્ને એક બીજાને ઓળખીએ છીએ.પાર્ટી પ્લોટમાં રાત્રીના ૮:૧૫ના અરસામાં જ્યારે જયંતીભાઇ સરધારા અમોને સામેથી મળવા આવેલા ત્યારે સારી ભાવનાથી અમો મળેલ. પરંતુ જયંતીભાઇ સરધારાનું વર્તન તદ્દન ગુસ્સાથી ભરેલું અને ઉશ્કેરણીજનક હતુ.

તેઓ ઉચ્ચા અવાજે મારી સામે ખોડલધામ મંદીર વીશે જેમ ફાવે તેમજ ખરાબ બોલવા લાગેલા. આ મંદિર અને સંસ્થા અમારા સમાજનું પવીત્ર સ્થળ છે જેથી અમોએ જયંતીભાઇ સરધારાને આ સંસ્થા વિશે ખરાબ ન બોલવા સમજાવવા પ્રયત્ન કરેલ. જયંતીભાઇ સરધારા ઉચા અવાજે વાત કરતા હતા એટલે પાર્ટીમાં હાજર લોકો પૈકી ચાર વ્યક્તિઓ અમે ઉભા હતા



ત્યાં આવેલા. આ ચાર વ્યક્તીઓની સામે પણ પોલીસ ખાતાને ભ્રષ્ટ છે અને પૈસા આપો તો બધુ થાય તેવુ કહેતા હતા. આમ, જયંતીભાઇ ઉશ્કેરણી કરતા હતા. આ જયંતીભાઇ સરધારા હાલ સરદારધામ સાથે પણ સંકળાયેલ છે અને સક્રીય છે અને પૂર્વ કોર્પોરેટર હોય, રાજકીય છાપ પણ છે. જયંતિભાઇ સરધારા જ્યારથી સરદારધામમાં સક્રીય થયેલ છે ત્યારથી ખોડલધામ વીશે જાહેરમાં ખરાબ બોલે છે. જેથી આવુ ન કરવા એમને સમજાવટ ઉપરોક્ત વિગતે કરેલ ત્યારબાદ ઉપરોક્ત ચાર વ્યક્તિઓની હાજરીમાં પોલીસખાતા વિશે ઉપર જણાવ્યુ તેમ જેમ તેમ બોલેલ અને આક્ષેપો કરેલ અને મારો કાઠલો પકડેલ અને પાટુ મારેલ, પછી ધક્કો મારેલ. કોઇનો પ્રસંગ ન બગડે તે હેતુથી તેમજ આ બાબતમાં વધુ કોઇ ઉશકેરાટ ન થાય તે માટે અમો છુટા પડી ગયેલ અને ત્યાથી જતા રહેલ.

આ તમામ બાબત પોલીસ તા. ૨૬/૧૧/૨૦૨૪ના સીસીટીવી ફુટેજમાંથી જોઇ શકે છે અને ઉપરોક્ત ચાર વ્યક્તિઓની તપાસ

**જયંતિ સરધારાએ મને પણ મારકુટ કરી હોઇ સોજો ચડી ગયો હતો, તેની સામે ગુનો નોંધવા લેખિતમાં અરજ કરી**

પણ કરી શકે છે. આ તા. ૨૬/૧૧/૨૦૨૪ના ઉપરોક્ત બનાવની સીસીટીવી ફુટેજની સીડી આ અરજી સાથે બિડેલ છે. જેથી આ સીડીનો પુરાવો તેમજ ઉપરોક્ત ચાર વ્યક્તિઓના નીવેદનો તપાસના કામમાં આવશ્યક છે. જેથી સત્ય બહાર આવી શકે અને અમો ખોટી ફરીયાદનો ભોગ ન બનીએ. સસ્પેન્ડેડ પોલીસ ઈન્સ્પેક્ટર સંજય પાદરીયાએ લેખિત ફરિયાદ રજૂઆતમાં આગળ જણાવ્યું છે કે પાર્ટી પ્લોટમાંથી પ્રસંગ પુરો કરીને અમો રાત્રે ૮:૩૦ ના અરસામાં પાર્ટી પ્લોટના પાર્કીંગની ખુલ્લી જગ્યામા આવેલ. અમો પાર્કીંગમાં જતા હતા ત્યારે આ જયંતીભાઇ સરધારા તેની કારમાં ત્યાથી પસાર થતા અમોએ સમજાવટ માટે ઉભા રહેવા વિનંતી કરેલ. જયંતીભાઇ સરધારા ઉભા રહેલ અને કારમાથી બહાર આવી ફરીથી ઉશ્કેરાટથી ખોડલધામ સામે ગાળાગાળી કરવા લાગેલ અને અમોએ કહેલ કે આ બધુ રહેવા દ્યો. પરંતુ માનેલ નહી અને અમોને ઉશકેરવા માટે પોલીસ ખાતુ ભ્રષ્ટ છે અને પૈસા આપી બધુ થઇ જાય તેવા ખાતા વિરૂધ્ધ આક્ષેપ ફરીથી કરેલ.

આ રીતે જયંતીભાઇ સરધારા ખુબ ઉશકેરાટમાં હતા અને મારી સાથે ઝપાઝપી કરેલ અને મારૂ શર્ટ ખેચતા શર્ટના બટન તુટી ગયેલ. મારી સાથે ઝપાઝપી કરતા હતાં ત્યારે જયંતીભાઇ સરધારાને તેના હાથમાં પહેરેલ રૂદ્રાક્ષ માળા નાકમાં લાગેલ અને નશકોરી ફુટેલ. જયંતીભાઇને કપાળમાં કોઇ ઇજા થયેલ હોય તેવુ બનેલ જ નથી. આવી ઇજા ઉભી કરેલ છે. મારી પાસે કોઇ હથીયાર ન હતુ. મારી સર્વીસ રીવોલ્વર હું રજા ઉપર હોઉ જેથી સબંધીત પોલીસ સ્ટેશનમાં જમા હતુ અને લાયસન્સ વાળું મારા ઘરે જુનાગઢ મુકામે હતુ. જેની ખરાઇ પણ તપાસમાં આપ કરી શકશો. અમોએ કાંડા ઘડીયાળ કે રૂદ્રાક્ષની માળા કે કાંઇપણ હાથનાં કાંડા પર પહેરેલ ન હતુ કે હથિયાર ન હતુ. જયંતીભાઇને ઉપરોક્ત વીગતે નાકની નશકોરી ફુટતા થોડૂક લોહી નિકળતુ હતુ. જેથી મે દવાખાને સારવાર માટે પણ સાથે આવવા કહેલ. ઉલટાનુ જયંતીભાઇએ અમોને જમણા હાથીની આગળીમા અને કોણીની નિચે મુંઢમાર મારેલ છે અને સોજી ગયેલ છે. જયંતીભાઇ સમ્પુર્ણ સ્વસ્થ હતા તેઓએ દવાખાને સાથે આવવા ના પાડેલ અને જાતે કાર ચલાવી ગયેલ. જયંતીભાઇને કોઇ ગંભીર ઇજા થયેલ નથી તે આ સીસીટીવી ફુટેજ પરથી જણાવી શકાય છે. કેમકે ત્યાથી મોટર સાઇકલ પર પસાર થતા વ્યક્તીઓ સાથે સ્વસ્થ ચીતે વાત કરતા હતા.

આ સામાન્ય બાબતને મોટુ સ્વરૂપ આપી મારી સામે ખૂનની કોશીશ કરવા તેમજ સ્વેચ્છા પૂર્વક વ્યથા કરવા તેમજ ગુનાહીત ધમકી તથા સુલેહશાંતી ભંગ કરવા બદલ ખોટી ફરીયાદ નોંધાયેલ છે. પાર્ટી પ્લોટનાં બહાર -પાર્કીંગમાં સીસીટીવી ફુટેજની સીડી અમે રજુ રાખીએ છીએ. તેમાથી સ્પષ્ટ જોઇ શકાય છે કે અમોના હાથમાં કોઇ હથીયાર નથી કે જેનાથી કોઇ વ્યથા કે ઇજા પહોચાડી શકાય કે અમોએ તેવું કોઇ કૃત્ય કરેલ નથી કે અમોએ કોઇ ઇજા પહોંચાડેલ નથી. લેખિત ફરિયાદમાં સંજય પાદરીયાએ આગળ જણાવ્યું છે કે આરોપીએ ઉપરોકત ફરીયાદ અમો સામે અમો પોલીસ ખાતામા હોવાથી અમોને દબાવવા અને અમારી છાપ ખરાબ કરવાના ઈરાદાથી/બદહેતુથી કરવામા આવેલ છે. અમો ફરીયાદી જણાવીએ છીએ કે આરોપી ઝનુની સ્વભાવવાળા માણસ છે અને તોફાની પ્રવૃત્તિ વાળા છે અને દાદાગીરીનો સ્વભાવ ધરાવે છે. આરોપીએ ઉપર જણાવેલ વિગતે અમોની તથા અમોના પોલીસ ખાતાની તથા અમોની સામાજીક સંસ્થાની આબરૂને હાની પહોંચાડવાના ઈરાદાથી અને ભયભીત કરવાના ઈરાદાથી અમોને ઈજાઓ પહોંચાડેલ છે અને મૂંઢ મારેલ છે. આરોપી સુલે શાંતીનો ભંગ કરેલ છે. આરોપીએ અમોને મૂંઢ માર વ્યથા કરવાના ઈરાદાથી અને માર મારવાથી વ્યથા થશે તેવું જાણકારી સાથે અમોને વ્યથા પહોંચાડતુ કૃત્ય કરેલ છે. અમો ફરીયાદી જણાવીએ છીએ કે અમોને જમણા હાથની આંગળી અને કોણી નીચે આરોપીએ મૂંઢ મારેલ છે અને અમોની જમણા હાથની આંગણી તથા કોણી સોજી ગયેલ છે તેમજ આરોપીએ અમોને ધમકીઓ અને અમો સાથે ઝઘડો કરવાના ઈરાદાથી અમોના પવિત્ર મંદિર ખોડલધામ વિશે તેમજ અમોના પોલીસ ખાતા વિશે ઉશ્કેરણી જનક ખોટી વાતો કરી ધમકીઓ ઉચારેલ છે અને આમ કરી આરોપીએ ભારતીય ન્યાયસંહિતાની કલમ ૧૧૫ (૧), ૩૫૨, ૩૫૧ (૧) વિગેરે હેઠળ ગુનો કરેલ છે. જેથી આરોપી સામે ગુનો નોંધવા અને યોગ્ય તપાસ કરવા વિનંતી છે. તેમ અંતમાં સંજય વશરામભાઇ પાદરીયાએ જણાવી ન્યાયી કાર્યવાહી કરવા વિનંતી કરી છે.

### હોમગાર્ડસ-નાગરિક સંરક્ષણ દળ રમોત્સવનું શુભારંભ

# હોમગાર્ડઝ જનતા સાથે કામ કરતી મહત્વની ફોર્સ : ગૃહમંત્રી




## શાંત અને સુરક્ષિત સમાજના નિર્માણ માટે હોમગાર્ડઝ 'હ્યુમન ઇન્ટેલિજન્સ' તરીકે સરકારને વિશેષ સહાય કરી શકે છે

## જિલ્લા અને ઝોન કક્ષાએ શ્રેષ્ઠ પ્રદર્શન કરીને પસંદગી પામેલા ૨૬૦ ખેલાડીઓ રાજ્ય કક્ષાના રમતોત્સવમાં ભાગ લેશે

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગરના સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ઈન્ડીયા સંકુલ ખાતે આયોજિત હોમગાર્ડઝ અને નાગરિક સંરક્ષણ દળ રાજ્ય કક્ષાના રમતોત્સવ-૨૦૨૪ને ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ આજે ખુલ્લો મૂક્યો હતો. આ ઉપરાંત ગૃહ રાજ્ય મંત્રીએ હોમગાર્ડઝ જવાનોની બાઈક રેલીને પણ ફ્લેગ ઓફ આપી પ્રસ્થાન કરાવ્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રીના તેમજ ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ એમ. કે. દાસ ઉપસ્થિત રહ્યા હતા.

ખેલાડીઓનું ઉત્સાહવર્ધન કરતા ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર માટે ગુજરાત હોમગાર્ડઝ એ વધારાની ફોર્સ નહિ, પરંતુ જનતા સાથે નજીકથી કામ કરતી સૌથી મહત્વપૂર્ણ ફોર્સ છે. હોમગાર્ડઝ અને નાગરિક સંરક્ષણ દળના સુપર ફીટ જવાનોને જોઇને ચોક્કસપણે કહી શકાય કે, તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ ગુજરાત હોમગાર્ડઝનું ચિત્ર બદલાયું છે.

રાજ્યના નાગરીકો વતી હોમગાર્ડઝ અને નાગરિક સંરક્ષણ દળના જવાનોનો આભાર વ્યક્ત કરતા ગૃહ રાજ્ય મંત્રીએ કહ્યું કે, નાગરિકોની સુરક્ષા માટે જવાનો સ્વસ્થ રહેવા ખૂબ જ જરૂરી છે. જવાનોની શારીરિક સ્ફૂર્તિ, ચપળતા તેમજ મજબૂત જીવનશૈલી માટે રમત-ગમત મહત્વનો ભાગ ભજવતી હોવાથી, આ જાંબાઝ અને કર્તવ્યનિષ્ઠ જવાનો માટે રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. હવે તો કેટલાક પ્રતિભાવાન જવાનો રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય કક્ષાએ વિજેતા બનીને ગુજરાતનું નામ રોશન કરી રહ્યા છે.

આગામી સમયમાં ગુજરાત હોમગાર્ડઝ અને નાગરિક સંરક્ષણ દળના જવાનો વિવિધ રમતોમાં રાષ્ટ્રીય કક્ષાએ ગુજરાતનું અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ દેશનું પ્રતિનિધિત્વ કરી શકે તે માટે રાજ્ય સરકાર આયોજન કરશે. રમત-ગમતમાં રસ ધરાવતા પ્રતિભાવાન જવાનોને વિવિધ રમતોની જિલ્લા કક્ષાએ અને રાજ્ય કક્ષાએ પ્રોફેશનલ અને કાયમી તાલીમ આપવા માટે આગામી સમયમાં સ્પોર્ટ્સ સુવિધાઓ વિકસાવવામાં આવશે.

જિલ્લા અને ઝોન કક્ષાએ આયોજિત સ્પર્ધામાં શ્રેષ્ઠ પ્રદર્શન બાદ પસંદગી પામેલા આશરે ૨૬૦ ખેલાડીઓ રાજ્ય કક્ષાના રમતોત્સવમાં ભાગ લઈ રહ્યા છે. જેમાં ખેલાડીઓ ઉત્તર ઝોન, મધ્ય ઝોન, દક્ષિણ ઝોન, સૌરાષ્ટ્ર ઝોન, મહિલા અને નાગરિક સંરક્ષણ ઝોન એમ કુલ ૬ ટીમોનું પ્રતિનિધિત્વ કરશે. રમતોત્સવમાં પુરુષ તથા મહિલા કેટેગરીમાં ૧૦૦, ૨૦૦ અને ૪૦૦ મીટર દોડ, લાંબી કૂદ, ગોળા ફેંક, રસ્સા ખેંચ, કબ્બડી, વોલીબોલ અને ખો-ખો રમતોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

રમતોત્સવના ઉદઘાટન સમારોહ દરમિયાન આંતરરાષ્ટ્રીય કક્ષાએ વિજેતા બનેલા ગુજરાત હોમગાર્ડઝ અને નાગરિક સંરક્ષણ દળના પ્રતિભાવાન જવાનોને ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીના હસ્તે પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. જ્યારે, નાના ભૂલકાઓ દ્વારા યોગ કલાનું પ્રદર્શન પણ કરવામાં આવ્યું હતું.આ સમારોહના પ્રારંભે ગુજરાત હોમગાર્ડઝના કમાન્ડન્ટ જનરલ મનોજ અગ્રવાલે સૌનું શાબ્દિક સ્વાગત કરીને ખેલાડીઓને ખેલદિલીથી સ્પર્ધામાં ભાગ લેવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.હોમગાર્ડઝ કમાન્ડન્ટ, જિલ્લા કમાન્ડન્ટઓ, ટ્રેઈનીંગ ઈન્સ્ટ્રક્ટરઓ, ખેલાડીઓ તેમજ મોટી સંખ્યામાં હોમગાર્ડઝ અને નાગરિક સંરક્ષણ દળના જવાનો આ સમારોહમાં ઉપસ્થિત રહ્યા હતા.



### બીમારીનું બહાનું કરી દુબઈ જતા હોવાની આવી ચોકાવનારી વિગત, રાજ્ય સરકારે લીધા તાકીદે પગલા

# સુરત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના આચાર્ય સંજય પટેલ સસ્પેન્ડ

## આ વર્ષે બિનઅધિકૃત રીતે વિદેશ ગયા હોય એવા ૬૦ શિક્ષકોને બરતરફ કરવામાં આવ્યા છેઃ શિક્ષણ રાજ્ય મંત્રી

સુરત, તા. ૨૮

સુરત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત અમરોલીની સ્નેહરશ્મિ શાળા ક્રમાંકઃ ૨૮૫ ના આચાર્ય સંજય પટેલને રાજ્ય સરકારે તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. આચાર્ય સંજય પટેલ શિક્ષક તરીકેની ફરજ દરમિયાન શિક્ષણ વિભાગને જાણ કર્યા વગર બિનઅધિકૃત રીતે વેપાર અર્થે ૩૩ વખત દુબઈ પ્રવાસે ગયા હતા.

રાજ્ય સરકારે આચાર્ય સંજય પટેલ વિરુદ્ધ લીધેલા ત્વરિત પગલા સંદર્ભે શિક્ષણ રાજ્ય મંત્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, સુરત તેમજ અન્ય જિલ્લાના શિક્ષકો ૩ મહિના કે ૬ મહિનાથી વધુમાં વધુ રજા પર રહી વિદેશમાં કે અન્ય જગ્યાએ બિઝનેસ અથવા નોકરી કરી રહ્યા હોય એવા બે શિક્ષકો છે. અમરોલીની શાળાના આચાર્ય સંજય પટેલ પોતાની ફરજની સાથે દુબઈમાં વ્યાપાર કરતા હોઈ, આ શિક્ષકને તાત્કાલિક સસ્પેન્ડ કરવાની સૂચના આપી છે. આચાર્ય સંજય પટેલ UAEના રેસિડન્સ વિઝા ધરાવે છે અને દુબઈમાં બિઝનેસ કરતો હોવાથી અવારનવાર માંદગીના બહાને કે અન્ય સત્તાનો દુરુપયોગ કરી દુબઈ પ્રવાસ કરે છે.

રાજ્ય શિક્ષણ મંત્રી પ્રફુલભાઈ પાનશેરીયએ કહ્યું કે, રાજ્યના લાખો શિક્ષકો કર્તવ્યનિષ્ઠાથી પોતાની ફરજ નિભાવી રહ્યા છે, ત્યારે આખા સુરતમાં બિનઅધિકૃત રજા પર હોય એવા માત્ર ૨ શિક્ષકોની વિગતો મળી છે.પોતાને મળેલ છૂટનો દુરુપયોગ કરી કાયદાની છટકબારી કરનાર આ શિક્ષકો સામે કડક કાર્યવાહી કરવા શિક્ષણ વિભાગ પ્રતિબદ્ધ છે. સરકારી ફરજ સાથે વ્યાપાર કે અન્ય ધંધાકીય પ્રવૃત્તિ કરવી એ બાળકોના ભાવિ સાથે ગંભીર ચેડા છે. જે બાળકોના શિક્ષણ અને ભવિષ્ય પર માઠી અસર કરે છે. પોતાના સ્વાર્થ માટે બાળકોના ભવિષ્ય પર છેડા કરનારા શિક્ષકોને માફ નહિ કરી શકાય. આ શિક્ષકો પર શિક્ષાત્મક પગલાં લેવાની અને રજા પગાર મેળવ્યો હોય તો એ પણ પરત લેવાની સૂચના આપી હોવાનું તેમણે ઉમેર્યું હતું.

બેદરકારી દાખવી બાળકોના ભાવિ સાથે ચેડા કરતા શિક્ષકોની મનમાની સામે રાજ્ય સરકાર ગંભીર હોવાનું જણાવી શિક્ષણ રાજ્ય મંત્રીશ્રીએ વધુમાં કહ્યું કે, મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલે ભૂતિયા શિક્ષકો મુદ્દે ખૂબ જ કડક વલણ અપનાવ્યું છે. જે પણ શિક્ષકો પોતાની ફરજ પર હાજર ન રહેતા હોય અને વિદેશગમન કરતા હોય તેમની સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવી રહી છે. ચાલુ વર્ષ દરમિયાન આવા શિક્ષકોને શોધી કાઢવાના અભિયાનમાં બિનઅધિકૃત રીતે વિદેશ ગયા હોય ૬૦ જેટલા શિક્ષકોને બરતરફ કરવામાં આવ્યા છે.

ગેરહાજર રહેનારા એક પણ શિક્ષકને સરકાર પગાર નથી ચૂકવતી, ત્યારે હકનો દુરૂપયોગ અટકે તે માટેની છટકબારીમાં શું સુધારો થઇ શકે તે માટે સરકાર એક્શન મોડમાં છે એમ જણાવી રાજ્ય સરકાર શિક્ષણમાં કોઈપણ ગેરરીતિ કે લાલિયાવાડી ચલાવવામાં માંગતી નથી. રાજ્યના કોઈ પણ જિલ્લામાં જે શિક્ષક બિનઅધિકૃત કે વિદેશ ગયા હોય તમામ પ્રકારની માહિતી જિલ્લા શિક્ષણાધિકારીઓ પાસેથી મંગાવી છે. અને આ પ્રકારની વ્યાપારિક માનસિકતા ધરાવતા શિક્ષકોને વહેલામાં વહેલી તકે કાયદાકીય રીતે શિક્ષા કરવામાં આવશે એમ શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ જણાવ્યું હતું.

# 'દવા નહીં, નોકરી આપો' ના નાર સાથે મુન્દ્રા પોર્ટ પર ઉગ્ર દેખાવ

## ગુજરાત રાજ્ય યુથ કોંગ્રેસ દ્વારા વિરોધ પ્રદર્શન : ભારતીય યુથ કોંગ્રેસના પ્રમુખ ઉદય ભાનુ ચિબ રહ્યા હાજર



નવીદિલ્હી, તા. ૨૮

ગુજરાત પ્રદેશ યુથ કોંગ્રેસ દ્વારા કચ્છના મુન્દ્રામાં અદાણી પોર્ટનો ઘેરાવ કરીને વિરોધ કરવામાં આવ્યો હતો. ભારતીય યુથ કોંગ્રેસના પ્રમુખ ઉદય ભાનુ ચિબ અને ગુજરાત રાજ્ય યુથ કોંગ્રેસના પ્રમુખ હરપાલસિંહ ચુડાસમા સહિત સમગ્ર ગુજરાતમાંથી યુથ કોંગ્રેસના અધિકારીઓએ આ પ્રદર્શનમાં ભાગ લીધો હતો.

ગુજરાત પ્રદેશ યુથ કોંગ્રેસે માંગણી કરી હતી કે ભાજપ સરકાર અને અદાણીની મિલીભગતના કારણે મુન્દ્રા પોર્ટ દ્વારા દેશમાં કરોડો રૂપિયાના ડ્રગ્સની દાણચોરી કરીને યુવાનો બરબાદ થઈ રહ્યા છે. આ દરમિયાન 'દવાઓ નહીં, નોકરી આપો'ના નારા સાથે વિરોધ પ્રદર્શન કરીને તેમની માંગણીઓ રજૂ કરવામાં આવી હતી.

ભારતીય યુવા કોંગ્રેસના પ્રમુખ શ્રી ઉદય ભાનુ ચિબે જણાવ્યું હતું કે ભાજપ સરકાર માત્ર ગુજરાત જ નહીં પરંતુ સમગ્ર દેશના યુવાનોને બરબાદ કરી રહી છે. ભાજપ સરકાર અને અદાણીની મિલીભગતથી મુન્દ્રા પોર્ટ પરથી ૫૦,૦૦૦ કરોડથી વધુની કિંમતનો મોર્ફિન ઝડપાયો છે. દેશવાસીઓ જાણે છે કે આ દવાઓ કોની સૂચના પર આવી રહી છે. સરકાર પાસે સંપૂર્ણ માહિતી હોવા છતાં કોઈ પગલાં લેવામાં આવી રહ્યાં નથી. દેશના યુવાનોને બરબાદ કરવાનું આ એક પ્રકારનું દેશદ્રોહી કૃત્ય છે. આજના યુવાનોને ડ્રગ્સની જરૂર નથી, નોકરીની જરૂર છે. ભાજપ સરકાર વિદેશમાંથી કરોડોનું ડ્રગ્સ લાવીને યુવાનોને બરબાદ કરી રહી છે.

અદાણીના કારણે ભારત માતાની છબી ખરડાઈ રહી છે, ઈન્ડિયન યુથ કોંગ્રેસના પ્રમુખ ઉદય ભાનુ ચિબે અદાણી ગ્રુપ પર ગંભીર આરોપ લગાવ્યા છે. તેમણે કહ્યું કે, અદાણીના કારણે ભારતની છબી કલંકિત થઈ રહી છે, કારણ કે અદાણી ભ્રષ્ટાચારનું પ્રતિક બની ગયું છે. તેમણે એ પણ માહિતી આપી હતી કે અદાણી કંપનીને અમેરિકા, ઓસ્ટ્રેલિયા, શ્રીલંકા, બાંગ્લાદેશ અને કેન્યામાં બ્લેકલિસ્ટ કરવામાં આવી છે અને તેની સામે વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યા છે.

ઉદય ભાનુ ચિબે પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર નિશાન સાધતા કહ્યું કે, દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દેશભક્તિની માત્ર ઉપરછલ્લી વાત કરે છે, કારણ કે અદાણી ભારતની છબીને કલંકિત કરી રહ્યા છે અને વડાપ્રધાન તેમને બચાવી રહ્યા છે. આ નિવેદન ૨૮ નવેમ્બર ૨૦૨૪ ના રોજ મુન્દ્રા અદાણી પોર્ટ ખાતે આયોજિત 'નૌકરી દો, નશા નહીં' કાર્યક્રમ દરમિયાન આપવામાં આવ્યું હતું, જ્યાં યુથ કોંગ્રેસના કાર્યકરોએ અદાણી પોર્ટ સામે વિરોધ કર્યો હતો. ગુજરાત પ્રદેશ યુથ કોંગ્રેસના પ્રમુખ શ્રી હરપાલસિંહે જણાવ્યું હતું કે યુવા કોંગ્રેસ આવનારા સમયમાં યુવાનોની લડત લડશે. આજે ગુજરાતમાં બેરોજગારીનો દર ઘણો ઊંચો છે. ગુજરાતના યુવાનો પાસે ડીગ્રી છે પણ નોકરી નથી. ભાજપ સરકાર યુવાનોને રોજગારી નથી આપી રહી, પરંતુ તેમને ડ્રગ્સની જાળમાં ફસાવી રહી છે. તેમણે આશંકા વ્યક્ત કરી હતી કે આવનારા સમયમાં દેશનું ભવિષ્ય જોખમમાં આવી શકે છે. મુન્દ્રામાં ગુજરાત રાજ્ય યુથ કોંગ્રેસની વિસ્તૃત કારોબારી યોજાઈ હતી.

ભારતીય યુથ કોંગ્રેસના પ્રમુખ શ્રી ઉદય ભાનુ ચિબ તેની અધ્યક્ષતામાં હતા. ગુજરાત પ્રદેશ યુથ કોંગ્રેસ પ્રમુખ શ્રી હરપાલસિંહ ચુડાસમાની ખાસ ઉપસ્થિતિ રહી હતી. આ બેઠકમાં રાજ્ય, જિલ્લા અને વિધાનસભાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં આગામી સમયમાં યુથ કોંગ્રેસની કામગીરી અંગે ચર્ચા કરી નવો એક્શન પ્લાન તૈયાર કરવામાં આવ્યો હતો.

# અમદાવાદમાં ઓસ્ટ્રેલિયન ડોલર છાપવાનું રેકેટ ઝડપાયું

## એસઓજી, ક્રાઈમ બ્રાન્ચ દ્વારા રેડ કરી રંગે હાથ ઓસ્ટ્રેલિયન કરન્સી છાપવાનો કર્યો પર્દાફાશ : ચાર આરોપીની કરાઈ ધરપકડ : માસ્ટરમાઈન્ડ મૌલિક પટેલ છેલ્લા ૨૦ વર્ષથી ઓસ્ટ્રેલિયામાં




અમદાવાદ, તા. ૨૮

ગુજરાતે હવે નકલી નકલીમાં માઝા મૂકી દીધી છે. નકલી બાબતે ઠગબાજોએ કોઈ ક્ષેત્ર બાકી રાખ્યું નથી. ઠગબાજો હવે ભારતીય નહી પણ વિદેશી નોટની બનાવટી નોટ છાપીને ઈન્ટરનેશનલ ફ્રોડ કરવા તરફ આગળ વધી રહ્યા છે. અમદાવાદ એસઓજી ક્રાઈમ બ્રાન્ચ દ્વારા વટવા વિસ્તારમાં રેડ કરીને રંગે હાથ ઓસ્ટ્રેલિયન કરન્સી છાપવાના રેકેટનો પર્દાફાશ કર્યો છે. આ કિસ્સામાં SOG પોલીસે ૪ આરોપીની ધરપકડ કરી છે. રસપ્રદ બાબત એ છે કે, ઓસ્ટ્રેલિયન બનાવટી નોટ છાપવા માટેના માસ્ટરમાઈન્ડ મૌલિક પટેલ નામનો શખ્સ પોતે છેલ્લા ૨૦ વર્ષથી ઓસ્ટ્રેલિયામાં રહે છે.

અમદાવાદમાં SOGએ મોટી કાર્યવાહી કરતાં નકલી ઓસ્ટ્રેલિયન ડોલર છાપતી ગેંગનો પર્દાફાશ કર્યો છે. પોલીસે આ ગેંગના ચાર આરોપીઓની ધરપકડ કરી છે, જેમની પાસેથી ૧૩૧ નકલી ડોલર અને પ્રિન્ટર જપ્ત કરવામાં આવ્યું છે. આ પ્રિન્ટરની મદદથી નકલી ચલણ છાપવામાં આવતું હતું. આ ગેંગનો માસ્ટર માઈન્ડ મૌલિન પટેલ છે, જે ૨૦ વર્ષથી ઓસ્ટ્રેલિયામાં રહે છે. બે વર્ષ પહેલા તે અમદાવાદ પરત ફર્યો હતો અને અહીં તેણે તેના ભાગીદાર ધ્રુવ દેસાઈ સાથે મળીને નકલી ડોલર છાપવાનું શરૂ કર્યું હતું. મળતી માહિતી મુજબ અમદાવાદ પોલીસની એસઓજી ટીમને માહિતી મળી હતી કે વટવા વિસ્તારમાં એક વ્યક્તિ ઓસ્ટ્રેલિયન ડોલર વેચી રહ્યો છે. ૪૦ રૂપિયા છે. પોલીસને માહિતી મળતા જ તેઓ પોતાની ટીમ સાથે ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને દરોડો પાડ્યો હતો. આ દરમિયાન પોલીસે આરોપીને કસ્ટડીમાં લીધો હતો.

આ પછી, જ્યારે પોલીસે તેમની પૂછપરછ કરી તો જાણવા મળ્યું કે તે એક ઓફિસમાં કામ કરતો હતો, જ્યાં આ ગેંગ નકલી ડોલર છાપતી હતી. આ સાથે તે આ નકલી ડોલર વિદેશ જતા લોકોને સસ્તામાં વેચતો હતો. આ લોકો નકલી ડોલર સસ્તામાં વેચતા હતા. ખાસ કરીને તે લોકો જેઓ વિદેશ પ્રવાસ માટે ચલણની આપ-લે કરવા માંગતા હતા. આ પછી પોલીસે ગેંગના માસ્ટર માઈન્ડ મૌલિન પટેલની ધરપકડ કરી હતી. મૌલિન પોતે ૨૦ વર્ષથી ઓસ્ટ્રેલિયામાં રહ્યો હતો. તેને ત્યાંની કરન્સી વિશે સારી જાણકારી હતી. આ કામ શરૂ કરવા માટે તેણે ધ્રુવ દેસાઈ અને ખુશ પટેલને પોતાની સાથે જોડ્યા હતા.

આ પછી ખુશ પટેલે તેમાં રૌનક રાઠોડ નામના યુવકનો પણ સમાવેશ કર્યો હતો. આ તમામ આરોપીઓ મળીને નકલી ડોલર છાપવા માટે પ્રિન્ટરનો ઉપયોગ કરતા હતા. આ ડોલર વિદેશ જતા લોકોને વેચવામાં આવતા હતા. એસઓજીના અધિકારીઓએ આ ગેંગ પાસેથી ૫૦ નકલી ઓસ્ટ્રેલિયન ડોલર અને એક પ્રિન્ટર કબજે કર્યું છે. આ પ્રિન્ટરમાંથી જ ડોલર છાપવામાં આવતા હતા. પોલીસે તમામ આરોપીઓ સામે ગુનો નોંધી ધરપકડ કરી છે. પોલીસનું કહેવું છે કે આ ટોળકી લાંબા સમયથી આવી પ્રવૃત્તિઓમાં સંડોવાયેલી હતી.

એસઓજીના ડીસીપી જયરાજસિંહ વાલાએ જણાવ્યું કે ૨૦ વર્ષથી ઓસ્ટ્રેલિયામાં રહેતો મૌલિન પટેલ આ સમગ્ર ગેંગનો માસ્ટર માઈન્ડ છે. બે વર્ષ પહેલા તે અમદાવાદ આવ્યો હતો, ત્યારે તેણે ધ્રુવ દેસાઈ નામના યુવક સાથે મળીને આ કાવતરું ઘડ્યું હતું.

આ પછી, ખુશ પટેલ ડોલર વેચવાના કામમાં સામેલ થયા. ખુશ પટેલે રૌનક રાઠોડને ઉમેર્યો અને બંનેએ ઓસ્ટ્રેલિયન ડોલર સસ્તામાં વેચવાનું શરૂ કર્યું. આ દરમિયાન પોલીસે પ્રિન્ટર સાથે ૫૦ નકલી ઓસ્ટ્રેલિયન ડોલર કબજે કર્યા છે. હવે આ ગેંગના અન્ય સભ્યો કોણ હોઈ શકે અને આ સમગ્ર નેટવર્કમાં કેટલા લોકો સંડોવાયેલા છે તે જાણવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.